અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૪ જુલાઈ ૨૦૨૫, શુક્રવાર
વિક્રમ સંવત ૨૦૮૧, અષાઠ સુદ ૯
વર્ષ : ૧૭
અંક : ૦૫
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### આદિત્ય ઠાકરેને મોટી રાહત મળી

## આદિત્ય ઠાકરેને દિશા સાલિયાન મૃત્યું કેસમાં મળી ક્લીનચીટ

### મહારાષ્ટ્ર સરકારના વકીલોએ બોમ્બે હાઈકોર્ટમાં સ્પષ્ટ કર્યું કે દિશા સાલિયાનના મૃત્યુના કેસમાં કોઈ શંકાસ્પદ માહિતી નથી, આ આત્મહત્યાનો કેસ છે

। (એજન્સી) મુંબઈ, તા.૩ ।
મહારાષ્ટ્ર સરકારના વકીલોએ બોમ્બે હાઈકોર્ટમાં સ્પષ્ટ કર્યું કે દિશા સાલિયાનના મૃત્યુના કેસમાં કોઈ શંકાસ્પદ માહિતી નથી. આ આત્મહત્યાનો કેસ છે. ફિલ્મ અભિનેતા સુશાંત સિંહ રાજપૂતની ભૂતપૂર્વ મેનેજર દિશા સાલિયાનનું ૯ જૂન, ૨૦૨૦ ના રોજ મલાડમાં એક ઈમારતના ૧૨મા માળેથી પડી જવાથી મૃત્યુ થયું હતું. દિશા સાલિયાનના પિતાએ આ સંદર્ભમાં બોમ્બે હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી અને માંગ કરી હતી કે આ કેસની તપાસ મુંબઈ પોલીસની SIT (સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન



ટીમ) અથવા CBI દ્વારા કરવામાં આવે. હવે મહારાષ્ટ્ર સરકારે બોમ્બે હાઈકોર્ટને જણાવ્યું હતું કે દિશા સાલિયાન (૨૮) ના મૃત્યુમાં કોઈપણ પ્રકારની શંકાને અવકાશ નથી. આ ઉપરાંત, આદિત્ય ઠાકરે પણ નિર્દોષ છે. દિશાના પિતા કહે છે કે તેમની પુત્રી પર ક્રૂરતાપૂર્વક બળાત્કાર કરવામાં આવ્યો હતો અને પછી તેની હત્યા કરવામાં આવી હતી અને તેને રાજકીય રીતે દબાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. બળાત્કાર અને હત્યામાં આદિત્ય ઠાકરેની પણ ભૂમિકા છે, તેથી તેમની સામે પણ FIR નોંધવી જોઈએ. રાજ્ય સરકાર વતી, માલવણી પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર શૈલેન્દ્ર નાગરકરે જવાબ દાખલ કર્યો. તેમણે કહ્યું કે અરજીમાં લગાવવામાં આવેલા આરોપો પાયાવિહોણા અને ખોટા છે. તેમણે જણાવ્યું કે વૈજ્ઞાનિક તપાસ અને પોસ્ટમોર્ટમ રિપોર્ટના આધારે ક્લોઝર રિપોર્ટ દાખલ કરવામાં આવ્યો છે. તમને જણાવી દઈએ કે દિશા સાલિયાનના રહસ્યમય મૃત્યુનો મામલો હાઈ-પ્રોફાઈલ અને વિવાદાસ્પદ છે. આ મામલો ૨૦૨૨માં મહારાષ્ટ્ર વિધાનસભામાં પણ ઉઠાવવામાં આવ્યો હતો. શિવસેના (શિંદે જૂથ)ના ધારાસભ્ય ભરત ગોગાવલે અને ભાજપના ધારાસભ્ય નિતેશ રાણેએ દિશા સાલિયાનના મૃત્યુનો મુદ્દો ઉઠાવ્યો હતો.

## કેન્દ્રીય કર્મચારીઓ જુલાઈમાં ૪% વધી શકે છે મોંઘવારી ભથ્થું

### હાલમાં કર્મચારીઓને તેમના બેઝિક પગારના ૫૩% DA મળે છે, જો ૪%નો વધારો થાય, તો તે ૫૭% સુધી પહોંચશે

। (એજન્સી) નવીદિલ્હી, તા.૩ ।
કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરો માટે સારા સમાચાર છે. હાલમાં ૮મા પગાર પંચની રાહ જોવાઈ રહી છે, પરંતુ તે પહેલાં મોંઘવારી ભથ્થા (DA)માં વધારો થઈ શકે છે. સરકાર જુલાઈ ૨૦૨૫થી DAમાં ૩થી ૪ ટકાનો વધારો કરી શકે છે. મોંઘવારી ભથ્થું એટલે ફ્છ, જે સરકાર તેના



કર્મચારીઓને મોંઘવારીની અસરથી રાહત આપવા માટે આપે છે. જેમ-જેમ વસ્તુઓના ભાવ વધે છે, તેમ-તેમ DAમાં પણ વધારો કરવામાં આવે છે. આ વધારો વર્ષમાં બે વખત થાય છે. પહેલીવાર વધારો જાન્યુઆરીમાં કરવામાં આવે છે અને બીજો ૧ જુલાઈથી લાગુ થાય છે. સરકાર જ્યારે પણ ફ્છ વધારવાની જાહેરાત કરે, પરંતુ તે ૧ જાન્યુઆરી અથવા ૧ જુલાઈથી જ લાગુ ગણાય છે. સરકાર ૧ જુલાઈથી લાગુ થનારા DAની જાહેરાત દિવાળી પહેલાં કરી શકે છે. હાલમાં કર્મચારીઓને તેમના બેઝિક પગારના ૫૩% DA મળે છે. જો ૩%નો વધારો થાય, તો તે ૫૬% થઈ જશે અને જો ૪%નો વધારો થાય, તો તે ૫૭% સુધી પહોંચી શકે છે. આ નિર્ણય CPI-IW ના આંકડા પર આધારિત છે, જે મોંઘવારીને માપે છે. મે ૨૦૨૫ સુધીના જે આંકડા આવ્યા છે, તેનાથી એવો સંકેત મળી રહ્યો છે કે જુલાઈમાં ૩થી ૪%નો DA વધારો થઈ શકે છે.

## ન્યૂઝ બ્રિફ

### હિમાચલ પ્રદેશમાં આભ ફાટતાં અત્યાર સુધી ૬૨ લોકોના મોત

। (એજન્સી) દેહરાદુન, તા.૩ ।
ઉત્તરાખંડના રુદ્રપ્રયાગ જિલ્લામાં કેદારનાથ ધામ પરથી પરત ફરી રહેલા ૪૦ યાત્રાળુઓ સોનપ્રયાગ સ્લાઈડ ઝોનમાં ફસાયા હતા. જેમને રેસ્ક્યુ કરવામાં આવ્યા છે. ભારે વરસાદના કારણે સોનપ્રયાગ નજીક સ્લાઈડ ઝોનમાં અચાનક ભૂસ્ખલન થયુ હતું. જેના લીધે ૪૦ યાત્રાળુઓ ફસાઈ ગયા હતા. દુર્ઘટનાની જાણકારી મળતાં જ તૈનાત એસડીઆરએફના જવાન ઘટનાસ્થળે પહોંચ્યા હતાં. એસડીઆરએફની ટીમે યાત્રાળુઓ સુધી સુરક્ષિત માર્ગ બનાવી તેમને સફળતાપૂર્વક સ્લાઈડ ઝોનમાંથી બહાર કાઢ્યા હતા. તમામ યાત્રાળુઓ મોડી રાત્રે ૧- વાગ્યે સ્લાઈડ ઝોનમાં ફસાયા હતા. ગત રવિવારે ભારે વરસાદ અને ભૂસ્ખલનની આશંકા વચ્ચે ચારધામ યાત્રા એક દિવસ માટે અટકાવી દેવામાં આવી હતી. લોકોની સુરક્ષા માટે સાવચેતીના પગલાં લેવાયા હતા. બાદમાં સોમવારે યાત્રા ફરી શરુ થઈ હતી. જેમાં ગઈકાલે ધોધમાર વરસાદ વરસતાં ઠેર-ઠેર ભૂસ્ખલનની ઘટના બની હતી. હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદના કારણે જનજીવન ખોરવાઈ ગયું છે. રાજ્ય ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના ડેટા અનુસાર, ૨૦ જૂનથી અત્યાર સુધીમાં હિમાચલ પ્રદેશમાં કુલ ૬૩ લોકોએ જીવ ગુમાવ્યા છે.

### અરવિંદ કેજરીવાલે ભાજપ પર પ્રહાર કરતા કહ્યું કે, ભાજપે ૩૦ વર્ષમાં ગુજરાતને બરબાદ કરી નાખ્યું છે

## બિહારમાં યોજનાર ચૂંટણી લડશે આમ આદમી પાર્ટી

। (એજન્સી) નવીદિલ્હી, તા.૩ ।
ગુજરાત જોડો સદસ્યતા અભિયાન માટે ગુજરાત આવેલા આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલે ગુજરાતના મંચ પરથી મોટી જાહેરાત કરી છે. તેમણે બિહારમાં આપ પાર્ટી ચૂંટણી લડશે તેવી જાહેરાત કરી છે. અરવિંદ કેજરીવાલે ભાજપ પર પ્રહાર કરતા કહ્યું કે, ભાજપે ૩૦ વર્ષમાં ગુજરાતને બરબાદ કરી નાખ્યું. વિસાવાદરની જીત આઈસોલેટેડ જીત નથી. ૨૦૨૭ માટે વિસાવદરની ચૂંટણી સેમીફાઈનલ છે.



સુરતમાં પૂરથી લોકો પરેશાન છે. ભાજપના ભ્રષ્ટાચારના કારણે શહેરોમાં પૂર આવે છે. ગુજરાતમાં રસ્તાઓના હાલ બેહાલ છે. ખેડૂતો ગુજરાતમાં પરેશાન છે. ગુજરાતમાં સરકારી ભરતીઓ નથી થઈ રહી. ગુજરાતના લોકો ભાજપને હરાવવા માગે છે. આવામાં ગુજરાતના લોકો માટે AAP વિકલ્પ છે. ગુજરાતના લોકોને કોંગ્રેસ પર વિશ્વાસ નથી. આ વખતે લોકોએ છઈંની સરકાર બનાવવા મન બનાવી લીધું છે. આજથી અમે ગુજરાત જોડો અભિયાનની શરૂઆત કરી.

તેમણે વધુમાં કહ્યું કે, વિસાવદરની જીતે એ જનતાએ અમારામાં વિશ્વાસ કર્યો છે. વિસાવદરની જીત કોઈ સામાન્ય જીત નહિ, પરંતુ ૨૦૨૭ની સેમિફાઈનલ છે. સુરતની પરિસ્થિતિ ભાજપ નાના ભ્રષ્ટાચારનું ઉદાહરણ છે. ભાજપ કોંગ્રેસને સારી રીતે જીત અપાવે છે. અમારી પાર્ટી બધાથી અલગ છે. અમે ગુજરાત જોડો અભ્યાન શરૂ કર્યું છે. આમ આદમી પાર્ટી સાથે જોડાવવા કેજરીવાલે ગુજરાતની જનતાને અપીલ કરી છે. તેમણે કહ્યું કે, ૨ વર્ષ યુવાઓ આપને આપો. કોંગ્રેસ સાથે અમારું કોઈ ગઠબંધન નથી. વિસાવદરમાં કોંગ્રેસ ભાજપ સાથે મળી અમને હરાવવા આવી હતી. ઈન્ડિયા બ્લોક સાથે ગઠબંધન લોકસભા ચૂંટણી પૂરતું હતું. ગુજરાતમાં ચૂંટણી લડીશું ગુજરાતમાં સરકાર બનાવીશું. બિહારમાં પણ આપ પાર્ટી ચૂંટણી લડશે.

### સ્પોટ ફિક્સિંગમાં જેલ ગયેલો ક્રિકેટર બન્યો મુંબઈનો કોચ

। મુંબઈ, તા.૩ ।
મુંબઈ ક્રિકેટ એસોસિએશન (MCA) દ્વારા તેના તમામ સપોર્ટ સ્ટાફના નામ જાહેર કરવામાં આવ્યા છે. MCAએ અંડર-૧૪ ટીમના મુખ્ય કોચ તરીકે IPLમાં રાજસ્થાન રોયલ્સ તરફથી રમનાર ભૂતપૂર્વ બોલર અંકિત ચૌહાણની પસંદગી કરી છે. MCAના આ નિર્ણય પર સતત પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. અંકિત ચવ્હાણ એ ૩ ખેલાડીઓમાંનો એક છે જેમને ૨૦૧૩માં IPL દરમિયાન સ્પોટ ફિક્સિંગના આરોપસર જેલ મોકલવામાં આવ્યા હતા.

### ઘાનાની સંસદમાં બોલ્યા વડાપ્રધાન મોદી

## ભારત બનશે દુનિયાનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર

### ઘાનામાં હોવું એ એક સૌભાગ્યની વાત છે : એક એવી ભૂમિ જે લોકશાહી, ગૌરવ અને સ્થિતિસ્થાપકતાની ભાવનાને ફેલાવે છે

। (એજન્સી) અકરા, તા.૩ ।
વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાંચ દેશોના પ્રવાસ પર છે. બુધવારે (બીજી જુલાઈ) તેમના પ્રવાસના પહેલા પડાવ ઘાના પહોંચતા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. ગુરુવારે (ત્રીજી જુલાઈ) ઘાનાની સંસદને સંબોધતા પીએમ મોદીએ કહ્યું કે, આજે આ પ્રતિષ્ઠિત ગૃહને સંબોધિત કરીને હું ખૂબ જ સન્માનિત અનુભવું છું. ઘાનામાં હોવું એ એક સૌભાગ્યની વાત છે. એક એવી ભૂમિ જે લોકશાહી, ગૌરવ અને સ્થિતિસ્થાપકતાની ભાવનાને ફેલાવે છે. ભારતના અર્થતંત્ર અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, આફ્રિકા સાથેની અમારી વિકાસ ભાગીદારી માંગ આધારિત છે. ભારત ટૂંક સમયમાં વિશ્વનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનશે. અમે પહેલાથી જ વૈશ્વિક વિકાસમાં લગભગ ૧૬% યોગદાન આપી રહ્યા છીએ. અમારો વસ્તી વિષયક લાભાંશ ફળદાયી સાબિત થઈ રહ્યો છે, જે એક ગતિશીલ અર્થતંત્રને આગળ ધપાવી રહ્યો છે. ભારત વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમનું ઘર છે. અમે નવીનતા અને ટૅક્નોલૉજી માટે વૈશ્વિક કેન્દ્ર તરીકે ઉભરી આવ્યા છીએ, અને ગર્વથી વિશ્વની ફાર્મસી તરીકે ઓળખાય છે. ભારતીય મહિલાઓ વિજ્ઞાન,



ઉડ્ડયન અને રમતગમતમાં અગ્રણી છે. ભારત ચંદ્ર પર ઉતર્યું છે. ઘાનાની સંસદમાં પીએમ મોદીએ કહ્યું કે, વિશ્વના સૌથી મોટા લોકશાહીના પ્રતિનિધિ તરીકે, હું ૧.૪ અબજ ભારતીયો વતી હાર્દિક શુભેચ્છાઓ અને સદ્ભાવના લઈને આવ્યો છું. જ્યારે આપણે ઘાના તરફ જોઈએ છીએ, ત્યારે આપણે એક એવો રાષ્ટ્ર જોઈએ છીએ જે હિંમત સાથે ઊભો છે. એક એવો રાષ્ટ્ર જે દરેક પડકારનો ગૌરવ અને શિષ્ટાચાર સાથે સામનો કરે છે. સમાવિષ્ટ પ્રગતિ પ્રત્યેની તમારી પ્રતિબદ્ધતાએ ઘાનાને ખરેખર સમગ્ર આફ્રિકન ખંડ માટે પ્રેરણાનું કેન્દ્ર બનાવ્યું છે.

અગાઉ, પીએમ મોદીએ ઘાનાની ધરતી પર મળેલા ઉષ્માભર્યા સ્વાગત બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરી અને કહ્યું કે, રાષ્ટ્રપતિ પોતે ઍરપોર્ટ પર આવ્યા તે તેમના માટે ખૂબ જ સન્માનની વાત છે. ભારત-ઘાના મિત્રતાના કેન્દ્રમાં આપણા સહિયારા મૂલ્યો, સંઘર્ષ અને સમાવિષ્ટ ભવિષ્ય માટેના સહિયારા સપના છે, જેણે અન્ય દેશોને પણ પ્રેરણા આપી છે.

### અમેરિકા સુધી ફફડાટ

## ચીન બનાવી રહ્યું છે પેન્ટાગોન કરતાં પણ ૧૦ ગણું મોટું મિલિટરી શહેર

। (એજન્સી) બેઈજીંગ, તા.૩ ।
રશિયા-યુક્રેન, ઈઝરાયલ-ઈરાન યુદ્ધ અને ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ ચાલી રહ્યો છે. આ દરમિયાન ચીન પેન્ટાગોન કરતા ૧૦ ગણું મોટું મિલિટરી શહેર બનાવવાની તૈયારી કરી રહ્યું છે. એક અહેવાલ અનુસાર, ચીન બેઈજિંગ નજીક એક વિશાળ મિલિટરી શહેર બનાવી રહ્યું છે જે અમેરિકાના પેન્ટાગોન કરતા કદમાં દસ ગણું મોટું હોવાનું કહેવાય છે. તેને બેઈજિંગ મિલિટરી સિટી કહેવામાં આવી રહ્યું છે. તે બેઈજિંગ શહેરથી લગભગ ૩૨ કિલોમીટર દક્ષિણપશ્ચિમમાં સ્થિત છે. તેનો વિસ્તાર લગભગ ૪ કિલોમીટર પહોળો છે અને તેમાં એક બંકર પણ શામેલ છે, જેનો ઉપયોગ પરમાણુ યુદ્ધની સ્થિતિમાં કમાન્ડ સેન્ટર તરીકે થશે. અહેવાલો અનુસાર, વર્ષ ૨૦૨૨માં બેઈજિંગ નજીકના વિસ્તારોમાં રહેણાંક ઈમારતો અને ખુલ્લું મેદાન હતું, ૨૦૨૪ના મધ્ય સુધીમાં આખો વિસ્તાર સાફ કરી દેવામાં આવ્યો હતો અને બાંધકામનું કામ શરૂ થઈ ગયું હતું. હવે ત્યાં રસ્તાઓ અને ટનલનું આખું નેટવર્ક બનાવવામાં આવ્યું છે. આ વિસ્તારમાં ડ્રોન ઉડાડવા પર સખત પ્રતિબંધ છે. નજીકના હાઈકિંગ ટ્રેલ્સ પણ બંધ કરી દેવામાં આવ્યા છે.

### દુર્ઘટનામાં ૧નું મોત ૪ ઘાયલ

## બાગેશ્વર ધામમાં તંબુ તૂટી પડતા મોટી દુર્ઘટના સર્જાઈ

### આ ઘટના સવારે ૭ વાગ્યે આરતી પછી બની હતી, જ્યારે ભક્તો વરસાદથી બચવા માટે તંબુ નીચે એકઠા થયા હતા

। (એજન્સી) છતરપુર, તા.૩ ।
મધ્યપ્રદેશના છતરપુર જિલ્લામાં આવેલા વિશ્વ પ્રસિદ્ધ બાગેશ્વર ધામ ગઢ પરિસરમાં ગુરુવારે સવારે બનેલી એક દુઃખદ ઘટનામાં, તંબુ તૂટી પડતાં એક ભક્તનું મોત નીપજ્યું હતું. જ્યારે ૩ થી ૪ અન્ય લોકો ઘાયલ થયા હતા. આ ઘટના સવારે ૭ વાગ્યે આરતી પછી બની હતી, જ્યારે ભક્તો વરસાદથી બચવા માટે તંબુ નીચે એકઠા થયા હતા. મૃતકની ઓળખ ઉત્તર



પ્રદેશના અયોધ્યાના રહેવાસી શ્યામલાલ કૌશલ તરીકે થઈ છે. તેમના જમાઈ રાજેશ કુમાર કૌશલે જણાવ્યું હતું કે તંબુમાંથી લોખંડનો એંગલ માથામાં વાગતાં શ્યામલાલનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. આ અકસ્માતમાં રાજેશ કુમાર કૌશલ અને સૌમ્યા, પારુલ અને ઉન્નતી સહિત ૩ થી ૪ અન્ય પરિવારના સભ્યો ઘાયલ થયા છે. તમામ ઘાયલોને છતરપુર જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. રાજેશે જણાવ્યું હતું કે તેઓ બુધવારે રાત્રે તેમના પરિવારના ૬ સભ્યો સાથે અયોધ્યાથી બાગેશ્વર ધામ પહોંચ્યા હતા. શુક્રવારે ધામના પીઠાધીશેશ્વર ધીરેન્દ્ર શાસ્ત્રીનો જન્મદિવસ છે અને તેઓ ગુરુવારે સવારે તેમને મળવા આવ્યા હતા.

### વીડિયો વાયરલ થતા ફેન્સ ભડક્યા

## શુભમન ગિલની વિકેટ લેવા ઈંગ્લેન્ડના બોલરે કરી બેઈમાની

। (એજન્સી) બર્મિંગહામ, તા.૩ ।
ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે બર્મિંગહામના એજબેસ્ટન ક્રિકેટ ગ્રાઉન્ડ પર બીજી ટેસ્ટ રમાઈ રહી છે. પહેલા દિવસે શુભમન ગિલે શાનદાર સદી ફટકારી હતી, તે પહેલા યશસ્વી જયસ્વાલ (૮૭) એ પણ સારી શરૂઆત આપી હતી પરંતુ તે પોતાની ઈનિંગ્સને સદીમાં ફેરવી શક્યો ન હતો. મેચ દરમિયાન, ઈંગ્લેન્ડના બોલર બ્રાઈડન કાર્સે ગિલને આઉટ કરવા માટે એક હલકુ કૃત્ય કર્યું હતું, પરંતુ ગિલે તેની બેઈમાની પકડી લીધી હતી. ઈંગ્લેન્ડના કેપ્ટન બેન સ્ટોક્સે ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો. ભારતની શરૂઆત સારી નહોતી, કેએલ રાહુલ ૨ રન બનાવીને આઉટ થયો હતો. આ પછી, યશસ્વી જયસ્વાલ અને કરુણ નાયર વચ્ચે ૮૦ રનની ભાગીદારી થઈ. ગિલ પહેલા સત્રમાં જ બેટિંગ કરવા આવ્યો હતો, બીજા સત્રમાં તેણે જયસ્વાલ સાથે મળીને ઈંગ્લેન્ડના બોલરોને બરાબરના ફટકાર્યા હતા. આ દરમિયાન, બ્રાઈડન કાર્સે બેઈમાની કરી હતી. આ ૩૪મી ઓવર છે, બ્રાઈડન કાર્સ બોલ ફેંકવા આવી રહ્યો હતો અને શુભમન ગિલ બેટિંગ કરી રહ્યો હતો. પરંતુ રન-અપ દરમિયાન, તેણે ડાબી આંગળીથી બીજી દિશામાં ઈશારો કર્યો. આ કદાચ બેટ્સમેનનું ધ્યાન ભટકાવવા માટે હતું, તમને યાદ હશે કે આન્દ્રે રસેલે ~ ૨૦૧૪ માં શેન વોટસન સાથે આવું જ કંઈક કર્યું હતું. જોકે, કેપ્ટન ગિલે કાર્સની આ બેઈમાની પકડી, તેણે બોલને રમ્યો નહીં અને બોલ ફેંકાતા પહેલા પાછળ હટી ગયો.

### દિલ્હીમાં હચમચાવતી ઘટના

## કોઈ વાતે ઠપકો આપતાં ગુસ્સામાં નોકરે માતા-દીકરાની હત્યા કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।
દક્ષિણ દિલ્હીના લાજપત નગર-૧ માં ડબલ મર્ડરનો કિસ્સો સામે આવ્યો છે. એક જ ઘરમાં માતા અને પુત્રની ગળું કાપીને ક્રૂરતાપૂર્વક હત્યા કરવામાં આવી હતી. મૃતકોની ઓળખ ૪૨ વર્ષીય રુચિકા અને તેના ૧૪ વર્ષીય પુત્ર ક્રિશ તરીકે થઈ છે. આ ઘટનાએ વિસ્તારમાં સનસનાટી મચાવી દીધી છે. પોલીસે આ કેસમાં નોકરની ધરપકડ કરી છે. નોકરનું નામ મુકેશ છે. તે બિહારનો રહેવાસી છે. પૂછપરછ દરમિયાન નોકરે કબૂલાત કરી કે, 'રુચિકાએ કોઈ વાતનો ઠપકો આપતા, ગુસ્સો આવ્યો હોવાથી મેં ગુસ્સામાં બંનેની હત્યા કરી છે.' દરવાજો તોડ્યા પછી જ્યારે મહિલાના પતિ અને પોલીસ ટીમ ઘરમાં પ્રવેશી ત્યારે મહિલાનો મૃતદેહ બેડરૂમમાં મળી આવ્યો હતો, જ્યારે તેમના પુત્રનો મૃતદેહ વોશરૂમમાંથી મળી આવ્યો હતો. મહિલાનું નામ રુચિકા (૪૨) છે, જ્યારે પુત્રનું નામ ક્રિશ (૧૪) છે. પતિએ ફરિયાદ નોંધાવ્યા બાદ, પોલીસ આ મામલાની તપાસ કરવા પહોંચી હતી.

### સ્કાય ડાઈવિંગ માટે લઈ જતું વિમાન તૂટી પડ્યું

## ન્યૂજર્સી એરપોર્ટ પર ટેકઓફ સમયે અકસ્માતની ઘટના બની

। (એજન્સી) ન્યૂજર્સી, તા.૩ ।
અમદાવાદથી લંડન જઈ રહેલું એર ઈન્ડિયાનું વિમાન અકસ્માતને હજુ એક મહિનો પણ વીત્યો નથી કે ત્યાં વધુ એક પ્લેન ક્રેશ થતા થતાં બચ્યું છે. અમેરિકાના ન્યૂ જર્સી શહેરના એરપોર્ટ પર આ અકસ્માતની ઘટના સામે આવી. એવું કહેવાય છે કે લેન્ડિંગ દરમિયાન વિમાન પર પાઈલોટ કાબૂ ખોઈ બેઠા ને તે રનવે પર રોકાવવાની જગ્યાએ દીવાલ તોડીને બહાર નીકળી ક્રેશ થઈ ગયું. જો કે રાહતના સમાચાર એ રહ્યા કે પ્લેન ક્રેશ છતાં તેમાં આગ ન લાગી. પ્લેનને નુકસાન પહોંચ્યું પરંતુ ઈમરજન્સી ટીમોએ તરત જ ઘટનાસ્થળે પહોંચીને મુસાફરોને બહાર કાઢ્યા. પાંચ મુસાફરોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. રિપોર્ટ્સમાં કહેવાયું છે કે આ સ્કાઈડાઈવિંગ પ્લેન ગુરુવારે સવારે ન્યૂજર્સી એરપોર્ટ પર રનવેની બહાર નીકળી ગયું. તેમાં ૧૫ મુસાફરો સવાર હતા. ગ્લોસ્ટર કાઉન્ટી ઈમરજન્સી મેનેજમેન્ટે કહ્યું કે, મનુરો ટાઉનશિપના ક્રાસ કીઝ એરપોર્ટ પર ઈમરજન્સી એલર્ટ બાદ રાહત અને બચાવ કાર્ય ચલાવવામાં આવ્યું. પ્લેન ક્રેશ બાદ બહાર મેદાની વિસ્તારમાં ઝાડ નીચે ફસાઈ ગયું. સ્પીડ ધીરે ધીરે ઓછી થવાના કારણે તેને વધુ નુકસાન પહોંચ્યું નહીં. ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશને કહ્યું કે તેમણે ઘટનાની તપાસ શરૂ કરી દીધી છે. પ્લેન ક્રેશવાળી જગ્યાએથી ઘાયલોને સીધા હોસ્પિટલ લઈ જવાયા પરંતુ તેમની સ્થિતિ હજુ ગંભીર છે.

### ઈડર, વડાલી, ખેડબ્રહ્મા સહિત વિજયનગર વિસ્તારમાં ભારે વરસાદના પગલે કેટલાય ખેડૂતોને વ્યાપક નુકસાન ગયું છે

# સાબરકાંઠામાં વરસાદે ખેડૂતોના પાકને પહોંચાડ્યું મોટું નુકસાન

। સાબરકાંઠા,તા.૩ ।

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ૧૫ દિવસથી વધુ વરસાદ વરસી રહ્યો છે, ત્યારે જિલ્લાના ખેડબ્રહ્મા વડાલી વિજયનગર વિસ્તારમાં ભારે વરસાદ નોંધાયો છે. જેના પગલે સ્થાનિક ખેડૂતો માટે ભારે સમસ્યા સર્જાઈ છે. ખેડૂતોને પાકનું ભારે નુકસાન થયું છે. બીજી તરફ ડ્રીપ સહિત ખૂબ મોટું નુકસાન થયું છે, ત્યારે આ મામલે સ્થાનિક ધારાસભ્ય રાજ્ય સરકારમાં લેખિત રજૂઆત કરશે. જોકે ખેડૂતો પણ હવે વરસાદ સામે રાજ્ય સરકાર પાસે સહયોગની અપેક્ષા રાખી રહ્યા છે. સાબરકાંઠાના ઈડર વડાલી ખેડબ્રહ્મા સહિત વિજયનગર વિસ્તારમાં છેલ્લા ૧૫ દિવસથી સતત વરસાદના પગલે સ્થાનિક ખેડૂતોના ખેતરોમાં ભારે પાણી ભરાયા છે તો બીજી તરફ ખેડબ્રહ્મા તેમજ વડાલી વિસ્તારમાં એક જ રાતમાં ૧૩ ઈંચથી વધુ વરસાદ ખાબકતા કેટલાય ખેડૂતોને વ્યાપક નુકસાન સર્જાય છે. એક તરફ ઉભા ખેતરોમાં નાખવામાં આવેલી ટપક સિંચાઈની ડ્રીપ પાણીમાં તણાઈ ચૂકી છે તો બીજી તરફ ઊભી ખેતીમાં હજુ પણ પાણી ભરાવાના પગલે મોટાભાગનો પાક નિષ્ફળ જવાની ભીતિ ઉભી થઈ છે. ત્યારે સ્થાનિક કક્ષાએ ખેડૂતો હવે રાજ્ય સરકાર પાસે સર્વે કરી સહાયની



અપેક્ષા રાખી રહ્યા છે. સાબરકાંઠાના ઈડર તેમજ વડાલી વિસ્તારમાં ૮ કલાકમાં ૧૨ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો હતો. જેના પગલે મગફળી કપાસ સહિતના પાકોમાં આજે પણ પાણી યથાવત રહેતા ખેડૂતોને પાકમાં વ્યાપક સ્થિતિ આવી રહી છે. જોકે આવનારા સમયમાં વરસાદની સ્થિતિ યથાવત રહે તો ખેડૂતો માટે આશીર્વાદ સમાન રહેતો વરસાદ વ્યાપક નુકસાની લાવી શકે તેમ છે. જેના પગલે ખેડૂતો હવે રાજ્ય સરકાર પાસે સર્વે આધારિત સહાયની માગ કરી રહ્યા છે. જોકે સાબરકાંઠાના ઈડર, વડાલી, ખેડબ્રહ્મા સહિત વિજયનગર વિસ્તારમાં ભારે વરસાદના પગલે કેટલાય ખેડૂતોને વ્યાપક નુકસાન ગયું છે. તેમજ આવનારા સમયમાં પણ હજુ ભારે વરસાદ થાય તો કેટલાય ખેડૂતો માટે નુકસાની નો સમય બની રહે તેમ છે. ત્યારે ખેડબ્રહ્માના ધારાસભ્ય તેમજ પૂર્વ કેન્દ્રીય મંત્રી તુષાર ચૌધરીએ સ્થાનિક કક્ષાએ ખેડૂતોના ખેતરની મુલાકાત કરી છે. તેમજ ખેતીની વાસ્તવિક પરિસ્થિતિથી અવગત થયા બાદ હવે રાજ્ય સરકારમાં રજૂઆત કરશે. જોકે ખેડૂતોને થયેલું નુકસાન આવનારા સમયમાં સર્વે કરાયા બાદ સહયોગ સ્વરૂપે આપવામાં આવે તો ખેડૂતો માટે આ સહાય નિષ્ફળ બની રહેલી ખેતી માટે આશારૂપ બની રહે તેમ છે. જોકે સાબરકાંઠામાં થયેલા ભારે વરસાદના પગલે કેટલા ખેડૂતોને ભારે નુકસાન ભોગવવાનું આવ્યું છે. ત્યારે આવનારા સમયમાં રાજ્ય સરકાર દ્વારા કેટલો અને કેવો સહયોગ અપાય છે એ તો સમય જ બતાવશે.

## સચિવાલય અને વિધાનસભા કેમ્પ સમાં પ્લાસ્ટિકની બોટલો પર પ્રતિબંધ

**કાચની બોટલમાં પીવાનું પાણી આપવામાં આવશે એટલું જ નહી પ્લાસ્ટિક બોટલના ભાવે જ કાચની બોટલમાં પીવાનું પાણી મળશે**




। ગાંધીનગર,તા.૩ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સચિવાલય કેમ્પસમાં ઈકો ફ્રેન્ડલી રિયુઝેબલ ગ્લાસ વોટર બોટલિંગ ફેસીલીટીનો પ્રારંભ કરાવ્યો હતો. સચિવાલય અને વિધાનસભા કેમ્પ સમાં હવે આ ફેસિલિટી અંતર્ગત પ્લાસ્ટિક બોટલને બદલે કાચની બોટલમાં પીવાનું પાણી આપવામાં આવશે. એટલું જ નહી પ્લાસ્ટિક બોટલના ભાવે જ કાચની બોટલમાં પીવાનું પાણી મળશે. પ્લાસ્ટિકના ઉપયોગને ન્યૂનતમ કરવા સચિવાલય કેમ્પસમાં મહિલા મંડળ દ્વારા નવા સચિવાલય બ્લોક નંબર ૧૩ના ગ્રાઉન્ડ ફ્લોર ખાતે પ્લાન્ટ શરૂ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત કાચની બોટલના પરિવહન માટે જે ઈ-રિક્ષાનો ઉપયોગ કરવામાં આવશે. આ પ્લાન્ટ કાર્યરત થતાં સચિવાલય કેમ્પસમાં દરરોજ ઉપયોગમાં લેવાતી પ્લાસ્ટિક બોટલનો વપરાશ બંધ કરીને હવે નજીવા દરે કાચની બોટલમાં પીવાનું પાણી પૂરું પાડવામાં આવવાને કારણે પ્લાસ્ટિક વેસ્ટમાં પણ ઘટાડો થશે. માં નર્મદા એકતા મહિલા મંડળની બહેનો દ્વારા સંચાલિત આ પર્યાવરણલક્ષી પ્રકલ્પમાં જે ટેકનોલોજી અપનાવવામાં આવી છે તે પણ વડોદરાના યુવા સ્ટાર્ટઅપ પ્રતીક પટેલ અને ટીમે વિકસાવેલી છે. રાજ્ય સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના સાવલી ટેકનોલોજી એન્ડ બિઝનેસ ઈન્ક્યુબેટર ખાતે યુવા સ્ટાર્ટઅપ પ્રતીક પટેલ દ્વારા આ ટેકનોલોજી વિકસાવવામાં આવી છે.

### વ્યાજખોરોના ત્રાસ યથાવત

# નારણપર ગામના યુવાને વ્યાજખોરોના ત્રાસથી કંટાળી ઝેરી દવા પી લીધી

**એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ખસેડાયો હતો. જે યુવાન ગઈકાલે ભાનમાં આવ્યો હતો**

। (એજન્સી) જામનગર,તા.૩ ।

જામનગર તાલુકાના નારણપર ગામમાં રહેતા ૨૭ વર્ષના રીક્ષા ચાલક યુવાને બે વ્યાજખોરોના ત્રાસથી કંટાળી જઈ ઝેરી દવા પી લીધી હતી. જે ભાનમાં આવી જતાં પોલીસે તેનું નિવેદન નોંધ્યા બાદ નારણપર ગામના જ બે વ્યાજ ખોરો સામે ગુનો નોંધ્યો છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગર નજીક નારણપર ગામમાં રહેતા અને રીક્ષા ચલાવતા મિલન પાલાભાઈ ખરા નામના સત્યાવીસ વર્ષીય યુવાને પરમદીને રાતે પોતાના ઘેર ઝેરી દવા પી લેતાં બેશુદ્ધ બન્યો હતો. જેને ૧૦૮ નંબરની એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ખસેડાયો હતો.

જે યુવાન ગઈકાલે ભાનમાં આવ્યો હતો, ત્યારબાદ પંચકોષી બી. ડિવિઝન ના એ.એસ.આઈ. ડી.જી. ઝાલા જી.જી. હોસ્પિટલમાં દોડી ગયા હતા, અને તેનું નિવેદન નોંધ્યું હતું, જેમાં પોતે નારણપર ગામના જ બે વ્યાજખોરોની ચૂંગાલમાં ફસાયો હોવાથી આ પગલું ભરી લીધું હોવાનું જણાવ્યું હતું.

નારણપર ગામના કલ્પેશ ઉર્ફે લાલો કાંતિભાઈ લખુભાઈ ચાંદ્રા પાસેથી પોતાની બીમારી સબન આજથી પાંચ વર્ષ પહેલા ૧ લાખ ૪૦ હજાર ૧૦ ટકા લેખે વ્યાજે લીધા હતા જેનું ત્રણ લાખ જેટલું વ્યાજ ચૂકવી દીધું હોવા છતાં હજુ પઠાણી ઉઘરાણી કરાતી હતી.

જ્યારે આજથી બે વર્ષ પહેલા દિનેશભાઈ લખુભાઈ નંદા નામના નારણપર ગામના શખ્સ પાસેથી ૫૦ હજાર રૂપિયા ૧૦ ટકા લેખે લીધા હતા, જેન પણ વ્યાજ અને મૂળ રકમ ચૂકવી દીધી હતી.

એક તબક્કે પોતાનું મકાન ગીરવે રાખીને તેના પરથી લોન મેળવી બંને વ્યાજખોરોને પૈસા ચૂકવ્યા છતાં પણ હજુ ધમકી અપાતી હતી અને વધુ મુદ્દલ રકમ ની વ્યાજની માંગણી કરાતાં આખરે બંનેના ત્રાસથી કંટાળી જઈ આ પગલું ભરી લીધા નું કબુલ્યું હોવાથી પોલીસે બંને વ્યાજખોરો સામે ગુનો નોંધ્યો છે, અને તેઓની અટકાયત કરી લેવા કાર્યવાહી હાથ ધરી છે.

### પૈસાનો વરસાદ વરસાવવાનું કહીને છેતરપિંડી આચરી

# સાબરકાંઠાના ઈડરના માઢવા ગામે કાળા જાદુના નામે છેતરપિંડી

**ભુવાએ છેતરપિંડી હોવાનું સાબિત થતાં તેની સામે ફરિયાદ નોંધાઈ છે અને ધરપકડ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે**

। (એજન્સી) ઇડર,તા.૩ ।

સાબરકાંઠાના ઈડરના માઢવા ગામે છેતરપિંડીનો અલગ જ પ્રકારનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

છેતરપિંડીની આ ઘટનાના પરિણામે ફક્ત ગામમાં જ નહીં આખા તાલુકામાં ચકચાર મચી ગઈ છે. સાબરકાંઠાના ઈડરના માઢવા ગામે કાળા જાદુ વડે પૈસાનો વરસાદ વરસાવવાનું કહીને છેતરપિંડી આચરવામાં આવી છે.

તેમા ૧૧ લાખ રૂપિયાનો ધૂપ કરવાનું કહીને બે કરોડ રૂપિયાનો વરસાદ પડશે તેવો દાવો કરવામાં આવ્યો હતો. આ દાવામાં ભરમાઈ ગયેલા પાલનપુરના શખ્સે કરોડપતિ થવાની લાલચે ૧૧ લાખની રકમ હાથ પર હતી તે પણ ગુમાવી હતી. આમ સાબરકાંઠાના ઈડરના માઢવા ગામ ખાતે છેતરપિંડીની ઘટના બની છે. બનાસ કાંઠામાં ઈડરના માઢવા ગામ ખાતે છેતરપિંડીની ઘટના સૌપ્રથમ વખત બની છે.

૧૧ લાખ રૂપિયાનો ધૂપ કરીને બે કરોડ રૂપિયાનો વરસાદ વરસશે તેવો દાવો કરવામાં આવ્યો હતો. પાણપુરના વ્યક્તિએ કરોડપતિ થવાની લાલચમાં આવી રૂ. ૧૧ લાખ ગુમાવ્યા હતા. અલ્પેશ ઠાકોર નામના ભુવાજીએ આ છેતરપિંડી આચરી હતી. ભુવાએ છેતરપિંડી હોવાનું સાબિત થતાં તેની સામે ફરિયાદ નોંધાઈ છે અને ધરપકડ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આના પગલે ભુવાએ ભૂતકાળમાં પણ આ પ્રકારનું કૃત્ય કર્યુ છે કે નહીં તેની પણ તપાસ શરૂ કરવામાં આવશે તેમ મનાય છે. જો કે આશ્ચર્યની વાત એ છે કે આજે પણ લોકો આ પ્રકારે કાળા જાદુમાં વિશ્વાસ ધરાવે છે અને ભુવાની વાતોમાં તથા અંધશ્રદ્ધામાં માને છે તે વાત આશ્ચર્યજનક છે. લોકો વૈજ્ઞાનિક અભિગમ મુજબ ક્યારે કામ કરશે તે મોટો સવાલ છે. જ્યાં સુધી તર્કબદ્ધ રીતે લોકો વિચારતા થશે નહીં ત્યાં સુધી આ પ્રકારે ભુવાઓ તેમની લાલચના ભૂતનો ફાયદો ઉઠાવીને તેમને સતત ખંખેરતા જ રહેશે.

## તાપી જિલ્લામાં મેઘરાજાએ બોલાવી ધડબડાટી, પાણી ભરાતા ૨૧ રસ્તા બંધ

। (એજન્સી) તાપી,તા.૩ ।

મેઘરાજાએ ગુજરાતમાં ધડબડાટી બોલાવી છે. ત્યારે તાપી જિલ્લામાં વરસાદી માહોલ જોવા મળે છે. તાપીના વ્યારા, વલોડ, ડોલવણમાં વરસાદ વરસ્યો છે. સોનગઢ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ વરસ્યો છે. સોનગઢ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ વરસ્યો છે. સૌથી વધુ ડોલવણ તાલુકામાં વરસાદ નોંધાયો છે. ૨ કલાકમાં ડોલવણમાં અઢી ઈંચ વરસાદ ખાબક્યો છે. ડોલવણથી પંચોલ જતા લો-લેવલ પુલ પર પણ પાણી ફરી વળ્યા છે. પુલ વાહન વ્યવહાર માટે હાલ બંધ કરવામાં આવ્યો છે. ભારે વરસાદથી ગ્રામ્ય વિસ્તારોમાં ૫ જેટલા રસ્તા બંધ કરવામાં આવ્યા છે. પાણી ભરાતા કુલ ૨૧ રસ્તાઓ બંધ થતા લોકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. બીજી તરફ ગુજરાતમાં અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. ડાંગ સહિતના વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસતા મોટાભાગના વિસ્તારોમાં પાણી ભરાયાની સ્થિતિ સર્જાઈ છે. ત્યારે ઉપરવાસમાં ભારે વરસાદથી ધોડાપૂરની સ્થિતિ સર્જાઈ છે. મળતી માહિતી અનુસાર વઘઈ તાલુકામાં ઘોડાપૂર જેવા દ્રશ્યો સર્જાયા છે. ઝાવડા, ડુંગરડા, ભેંસ કાતરી સહિતના વિસ્તારોમાં પાણી ભરાયા છે. અનેક જગ્યાએ નાળા ઉપર પાણી ફરી વળ્યા છે. જીવન જોખમે રસ્તો પસાર કરવા સ્થાનિકો મજબૂર છે.

### રોગચાળાનું કારણ જાણવામાં તંત્ર નિષ્ફળ

# દહેગામમાં એકાએક ૧૨૨ વિદ્યાર્થીઓને આંખો ઓછું દેખાવવાની ફરિયાદ

**કુલ ૨૨૫ બાળકોમાંથી ૧૨૨ બાળકો આ તકલીફોથી પ્રભાવિત થયા હતા**

। (એજન્સી) અમદાવાદ, તા.૩ ।

દહેગામ તાલુકાના ઝાંક ગામમાં આવેલી જે.એમ. દેસાઈ વિદ્યામંદિરના બાળકોમાં આંખમાં ખંજવાળ, લાલાશ, બળતરા અને ડબલ વિઝન જેવી તકલીફો જોવા મળતાં આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું છે. કુલ ૨૨૫ બાળકોમાંથી ૧૨૨ બાળકો આ તકલીફોથી પ્રભાવિત થયા હતા.જેમને ગાંધીનગર સિવિલમાં રાત્રે ઓબ્ઝર્વેશનમાં રાખવામાં આવ્યા બાદ મંગળવારે સવારે તમામનું સ્ક્રીનિંગ કર્યા બાદ તે પૈકી ૧૨૦ બાળકોને રજા આપી દેવામાં આવી છે. જ્યારે બે બાળકોને પણ હજુ આડ અસર છે. ઝાંકમાંથી આ ઘટના સામે આવ્યા બાદ, જિલ્લા કક્ષાની ટીમ અને કડાદરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ટીમે તાત્કાલિક શાળાની મુલાકાત લીધી હતી. પ્રાથમિક તપાસ અને સારવાર સ્થળ પર જ આપવામાં આવી હતી. ત્યારબાદ, ૧૨૨ બાળકોને વધુ તપાસ અને સારવાર માટે ગાંધીનગર સિવિલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા અને દાખલ કરવામાં આવ્યા હતા. આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર, તમામ બાળકોની તબિયત હાલ સુધારા પર છે. તેમાંથી ૧૨૦ બાળકોને રજા આપી દેવામાં આવી છે, જ્યારે બે બાળકોને વધુ સારવાર માટે ઓબ્ઝર્વેશન હેઠળ રાખવામાં આવ્યા છે.સોમવારે રાત્રે તબક્કાવાર ગાંધીનગર સિવિલમાં તમામ બાળકોને દાખલ કરવામાં આવ્યા હતા અહીં તબીબી સેવા ઉપરાંત સિવિલ તંત્ર દ્વારા આ બાળકોને ભોજન અને સવાર-બપોર ચા-નાસ્તાની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. સિવિલમાં લેવામાં આવેલા બ્લડની તપાસ સિવિલમાં કરવામાં આવતા આ તમામ બાળદર્દીઓને રોગચાળા અંતર્ગત કિડની તથા લીવરમાં કોઈ આડઅસર થઈ નથી તેવું રિપોર્ટ ઉપરથી સાબિત થાય છે. ઝાંકની સ્કૂલના ૧૨૨ જેટલા વિદ્યાર્થીઓને આ વિચિત્ર વિઝન રોગચાળાની આડ અસર થઈ હતી. જેના પગલે ગઈકાલે આ તમામ વિદ્યાર્થીઓને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા અહીં તેમને સારવાર આપવામાં આવી હતી તથા લોહી-યુરીન સહિતના વિવિધ સેમ્પલ પણ લેવામાં આવ્યા હતા. તો બીજીબાજુ આરોગ્ય તંત્ર દ્વારા પણ સ્કૂલ તથા છાત્રાલયમાંથી પાણીના નમૂના લેવામાં આવ્યા છે. ફૂડતંત્ર દ્વારા સોમવારે મોડી રાત્રે ચાર સેમ્પલ લેવામાં આવ્યા છે.

## બેલીફ કર્મચારીઓના ફિક્સ ટ્રાવેલિંગ એલાઉન્સમાં વધારો કર્યો

। (એજન્સી) અમદાવાદ,તા.૩ ।

રાજ્ય સરકાર દ્વારા વધુ એક કર્મયોગી હિતલક્ષી નિર્ણય લેવામાં આવ્યો છે. જે અંતર્ગત રાજ્યના ન્યાયતંત્ર હેઠળ ફરજ બજાવતાં બેલીફ કર્મચારીઓને હાલમાં આપવામાં આવતા માસિક રૂ. ૨૦૦ના ફિક્સ ટ્રાવેલિંગ એલાઉન્સ માં રાજ્ય સરકારના અન્ય સંવર્ગો મુજબ વધારો કરીને રૂ. ૨,૫૦૦ ખાસ ભથ્થુ મંજૂર કરવામાં આવ્યું છે. ગુજરાત રાજ્ય જ્યુડિશિયલ બેલીફ મંડળ દ્વારા કરવામાં આવેલી રજૂઆતને રાજ્ય સરકારે હકારાત્મક પ્રતિસાદ આપતા રાજ્યના ન્યાયિક ખાતામાં ફરજ બજાવતાં તમામ બેલીફ કર્મચારીઓના ફિક્સ ટ્રાવેલિંગ એલાઉન્સમાં ૧ જુલાઈ, ૨૦૨૫થી વધારો કરવામાં આવ્યો છે.

**વિશેષ** | જિયોએ ચાવીરૂપ વોઇસ અને ડેટા પર્ફોર્મન્સ મેટ્રિક્સમાં અમદાવાદ શહેરમાં ટોપ પરફોર્મર ટેલિકોમ ઓપરેટર તરીકે પોતાનું સ્થાન મજબૂત કર્યું છે

# જિયોએ અમદાવાદમાં મજબૂત નેટવર્ક અને ડાઉનલોડ સ્પીડમાં સ્થાપ્યો નવો બેન્ચમાર્ક, રિયલ ટાઈમ ઈન્ટરએક્શનમાં પણ ઉત્તમ અનુભવ

। (માહિતી) અમદાવાદ,તા.૩ ।

રિલાયન્સ જિયોએ ચાવીરૂપ વૉઈસ અને ડેટા પર્ફોર્મન્સ મેટ્રિક્સમાં અમદાવાદ શહેરમાં ટોપ પરફોર્મર ટેલિકોમ ઓપરેટર તરીકે પોતાનું સ્થાન મજબૂત કર્યું છે. ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (ટ્રાઈ) દ્વારા આ લેટેસ્ટ ઈન્ડિપેન્ડન્ટ ડ્રાઈવ ટેસ્ટ (IDT) હાથ ધરાયો હતો. જિયો ઈચ્છે છે કે, દરેક નાગરિકને બેસ્ટ-ઈન-ક્લાસ ડિજિટલ એક્સપિરિયન્સ મળે. ટ્રાઈના રિપોર્ટ પ્રમાણે, જિયોએ ૨૯૭.૮ સ્ર્ઝ્જની સરેરાશ 5G ડાઉનલોડ સ્પીડ પૂરી પાડી છે, જે શહેરના તમામ ઓપરેટર્સમાં સૌથી વધુ છે. આ શાનદાર પ્રદર્શન પીક યુઝ અવર્સ દરમિયાન પણ ઝડપી વીડિયો સ્ટ્રીમિંગ, લેગ-ફ્રી ઓનલાઈન ગેમિંગ, ઝડપી એપ્લિકેશન ડાઉનલોડ્સ અને અવિરત બ્રાઉઝિંગની ગેરંટી આપે છે. તેમાં ૪૮.૧ Mbps સરેરાશ પર અપલોડ સ્પિડ પણ મળે છે. આ સ્પિડ ફક્ત ટેકનિકલ સર્વોપરિતા જ નહીં, પરંતુ કનેક્ટિવિટી માટે જિયોના કસ્ટમર-ફર્સ્ટ અભિગમને પણ પ્રતિબિંબિત કરે છે, જે તેને યુઝર્સ માટે બેસ્ટ ગો-ટુ નેટવર્ક બનાવે છે. રિયલ ટાઈમ ઈન્ટરએક્શનમાં પણ ઉત્તમ અનુભવ :જિયો લો લેટન્સીમાં પણ શ્રેષ્ઠ કામ કરે




છે, જે વીડિયો કૉલ, વર્ચ્યુઅલ મીટિંગ્સ અને ઓનલાઈન ગેમિંગ જેવી એપ્લિકેશન્સ માટે એક મહત્ત્વનું પરિબળ છે. ઝડપી ડેટા પેકેટ ડિલિવરી સુનિશ્ચિત કરીને, જિયો તેના યુઝર્સને સરળ, વધુ રિસ્પોન્સિવ અનુભવ પ્રદાન કરે છે. એટલું જ નહીં, ઓછામાં ઓછા વિલંબ સાથે રિયલ ટાઈમ ઈન્ટરેક્શનને પણ શક્ય બનાવે છે. એટલે કે ડિજિટલ મીટિંગમાં પણ યુઝર્સને ઉત્તમ અનુભવ મળે છે. વૉઈસ સર્વિસમાં પણ બેસ્ટ પર્ફોર્મન્સઃજિયો ડેટાની સાથે વૉઈસ સર્વિસીઝમાં અલગ તરી આવતું પરફોર્મન્સ છે. ઈન્ડિપેન્ડન્ટ ડ્રાઈવ ટેસ્ટ તેના સવર્શ્રેષ્ઠ કૉલ સેટઅપ સફળતા દર, વીજળી વેગીલા કૉલ કનેક્શન ટાઈમ, વર્ચ્યુઅલ ઝીરો કૉલ ડ્રોપ, સ્પષ્ટ, ઉચ્ચ-ગુણવત્તાશીલ વૉઈસ ક્લેરિટી પર ભાર મૂકે છે. એક સાથે આવા પરિબળો સુનિશ્ચિત કરે છે કે જિયોના ગ્રાહકો પોતાના ઘરે હોય, મુસાફરી કરી રહ્યા હોય અથવા ભારે ટ્રાફિકવાળા ગીચ શહેરી વિસ્તારોમાં હોય, પરંતુ તેઓ સીમલેસ અને વિશ્વસનીય વૉઈસ કોમ્યુનિકેશનનો આનંદ માણતા રહેશે. ટ્રાફિકથી ધમધમતા વિસ્તારોમાં પણ શ્રેષ્ઠ પ્રદર્શનઃઆ માટેની ટેસ્ટ ડ્રાઈવ ગત પથી ૭ મે, ૨૦૨૫ દરમિયાન અમદાવાદ શહેરના તમામ મુખ્ય વિસ્તારોમાં હાથ ધરાઈ હતી. જેમાં સેન્ટ્રલ બિઝનેસ ડિસ્ટ્રિક્ટ્સ અને રહેણાક વિસ્તારોથી લઈને ટ્રાફિકથી ધમધમતા કોરિડોર અને રાહદારીઓના ઝોનનો સમાવેશ થતો હતો. જિયોના ઑપ્ટિમાઈઝ્ડ નેટવર્ક આર્કિટેક્ચરે આ બધા સ્થળે શ્રેષ્ઠ પ્રદર્શન સુનિશ્ચિત કર્યું હતું. આ બાબત પડકારરૂપ સ્થિતિમાં પણ સુસંગત ગુણવત્તા પ્રત્યેની તેની કટિબદ્ધતા દર્શાવે છે. નોંધનીય છે કે, બફર-ફ્રી સ્ટ્રીમિંગ અને એચડી વોઈસ કોલ્સથી માંડીને રિયલ-ટાઈમ ગેમિંગ સુધી રિલાયન્સ જિયો અમદાવાદમાં મોબાઈલ યુઝર્સ માટે પસંદગીના નેટવર્ક તરીકે જોજનો આગળ છે. ભવિષ્યને ધ્યાનમાં રાખીને ઊભી કરાતી માળખાગત સુવિધા તેમજ ગ્રાહક કેન્દ્રિત ઈનોવેશન કરીને જિયો ભારતની ડિજિટલ મહત્ત્વાકાંક્ષાના ક્ષેત્રે જ નહીં, યુઝર્સને સારો ઈન્ટરનેટ અનુભવ આપવામાં પણ આગળ વધી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

### આ વખતે ગુજરાતી શ્રદ્ધાળુઓમાં ઘટાડો

# અમરનાથ યાત્રાને LG મનોજ સિન્હાએ બતાવી લીલી ઝંડી

**જેના અંગે સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડો. રાકેશ જોશીએ જણાવ્યું કે, 'અમરનાથ યાત્રા માટે વર્ષ ૨૦૨૩માં ૪૫૫, વર્ષ ૨૦૨૪માં ૪૩૦ સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતા.**

। (એજન્સી) જમ્મુ, તા.૩ ।

અમરનાથ યાત્રા માટે લોકો આજે જમ્મુથી રવાના થઈ રહ્યા છે. ઉપરાજ્ય પાલ મનોજ સિન્હાએ ભગવતી નગર બેઝ કેમ્પથી યાત્રાને લીલી ઝંડી આપી છે. યાત્રીઓ બપોર બાદ કાશ્મીર ઘાટી પહોંચશે, જોકે, મોટાભાગના લોકોની યાત્રાની શરૂઆત કાલથી થશે. ૩૮ દિવસ ચાલનારી આ યાત્રા પહલગામ અને બાલાટાલ બંને રૂટથી થશે. જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય રાજમાર્ગ (NH-44) સહિતના રૂટ પર સુરક્ષા વધારી દેવામાં આવી છે. યાત્રાનું સમાપન ૯ ઓગસ્ટે રક્ષાબંધનના દિવસથી થશે. કડક સુરક્ષા વ્યવસ્થા વચ્ચે અમરનાથ યાત્રા માટે યાત્રીઓના પહેલો સમૂહ જમ્મુથી રવાના થઈ ગયો છે. યાત્રી નિવાસ ભગવતી નગર, જમ્મુથી ઉપરાજ્યપાલ મનોજ સિન્હાએ પહેલાં સમૂહને લીલી ઝંડી બતાવીને રવાના કર્યા છે. જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હા, જેમણે જમ્મુના તાવી રિવરફ્રન્ટ ખાતે તાવી આરતીમાં ભાગ લીધો હતો, તેમણે મંગળવારે કહ્યું કે, આજે આખી દુનિયા અમરનાથ યાત્રા



પર નજર રાખી રહી છે અને કોઈ પણ જોખમ ભક્તોની શ્રદ્ધાને ડગમગાવી નહીં શકે. LG સિન્હાએ દાવો કર્યો હતો કે આ વર્ષની અમરનાથ યાત્રા પાછલા બધા વર્ષો કરતાં વધુ ઐતિહાસિક હશે અને તેમના માટે તે જમ્મુ અને કાશ્મીરના પ્રાચીન ગૌરવને પુનઃસ્થાપિત કરવાની તક છે. બાબા બર્ફાનીના દર્શન માટે અમરનાથ યાત્રાનો આગામી ૩ જુલાઈથી પ્રારંભ થવા જઈ રહ્યો છે. પહલગામમાં થયેલા આતંકી હુમલા તેમજ આ વખથી હેલિકોપ્ટર સુવિધા બંધ રાખવામાં આવી હોવાથી ગુજરાતથી યાત્રાળુઓમાં ૮ ગણાથી વધુનો ઘટાડો નોંધાયો છે. ગુજરાતમાંથી આ વખતે પાંચ હજાર જેટલા જ શ્રદ્ધાળુઓ અમરનાથમાં દર્શન કરવા જાય તેવી સંભાવના છે. ૯ ઓગસ્ટ સુધી યોજાનારી અમરનાથ યાત્રામાં ૩.૫૦ લાખથી શ્રદ્ધાળુઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. પરંતુ, એપ્રિલમાં પહલગામ પ્રવાસીઓ પરના આતંકી હુમલા બાદ અમરનાથ માટે રજિસ્ટ્રેશન કરાવનારા યાત્રાળુઓની સંખ્યા ઘટીને ૮૫ હજાર થઈ ગઈ છે. ગત વર્ષે અમરનાથ યાત્રામાં ૫.૧૦ લાખથી વધુ શ્રદ્ધાળુઓ નોંધાયા હતા, જે છેલ્લાં એક દાયકામાં સૌથી વધુ હતા. સામાન્ય રીતે વિવિધ સંઘો ગુજરાતથી અમરનાથ યાત્રાએ જતા હોય છે. આ વખતે આવા સંઘોમાં પણ ઘટાડો નોંધાયો છે. અમરનાથ યાત્રાએ જતા અગાઉથી રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. રજિસ્ટ્રેશનની આ પ્રક્રિયા એપ્રિલથી જ શરૂ થઈ જતી હોય છે. રજિસ્ટ્રેશન વખતે હેલ્થ સર્ટિફિકેટ પણ આપવું પડે છે. અમદાવાદની "સિવિલ હોસ્પિટલમાં હેલ્થ ફિટનેસ સર્ટિફિકેટ આપવાની વ્યવસ્થા હતી. જેના અંગે સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડૉ. રાકેશ જોશીએ જણાવ્યું કે, 'અમરનાથ યાત્રા માટે વર્ષ ૨૦૨૩માં ૪૫૫, વર્ષ ૨૦૨૪માં ૪૩૦ સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતા.

### અમદાવાદ-દિલ્હી રૂટ પર ૧૧ સ્ટેશન હશે

# માત્ર અમદાવાદ-મુંબઇ જ નહીં, રાજસ્થાન અને દિલ્હી સુધી લંબાશે બુલેટ ટ્રેન યોજના !

**બુલેટ ટ્રેન પ્રોજેક્ટ વડાપ્રધાન મોદીના સપનાનો પ્રોજેક્ટ છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

બુલેટ ટ્રેન પ્રોજેક્ટ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સપનાનો પ્રોજેક્ટ છે. જે માત્ર મુંબઈ અને અમદાવાદ જ નહીં હવે રાજસ્થાન અને દિલ્હી સુધી લંબાશે તેવી માહિતી છે. દેશમાં મુંબઈ-અમદાવાદ હાઈ-સ્પીડ કોરિડોરનું કામ ઝડપથી ચાલી રહ્યું છે. દરમિયાન, માહિતી મળી રહી છે કે આ કોરિડોરને દિલ્હી સુધી લંબાવવાની યોજના પર કામ કરવામાં આવી રહ્યું છે. જો આવું થાય તો રાજસ્થાનમાં બુલેટ ટ્રેનનું સ્વપ્ન સાકાર થશે કારણ કે પ્રસ્તાવિત રૂટ રાજ્યના મુખ્ય શહેરોમાંથી પસાર થશે જેમ કે ઉદયપુર, અજમેર, જયપુર અને અલવર, જેની કુલ લંબાઈ લગભગ ૮૭૮ કિમી હશે. માર્ગ દ્વારા, ૫૦૮ કિમી લાંબા મુંબઈ-અમદાવાદ રૂટનું નિર્માણ ઝડપ થી ચાલી રહ્યું છે જેમાં ૩૦૦ કિમી ટ્રેકનું કામ પૂર્ણ થઈ ગયું છે. આ પ્રોજેક્ટ પૂર્ણ થયા પછી, આ કોરિડોર પર બુલેટ ટ્રેન ૩૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે દોડશે. ફેબ્રુઆરી ૨૦૨૫ માં, સંસદના શિયાળુ સત્ર દરમિયાન, રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે એક લેખિત જવાબમાં પુષ્ટિ આપી હતી કે દિલ્હી-અમદાવાદ હાઈ-સ્પીડ રેલ કોરિડોરનો વિગતવાર ફ્ૈઈ તૈયાર



થઈ ગયો છે. નોંધનીય છે કે બુલેટ ટ્રેન માટે હાઈ-સ્પીડ ટ્રાયલ ટ્રેક રાજસ્થાનમાં નાગૌર જિલ્લાના નવા શહેરમાં સાંભર તળાવ પાસે બનાવવામાં આવી રહ્યો છે, જે જોધપુર રેલ્વે વિભાગ હેઠળ આવે છે. તમને જણાવી દઈએ કે દિલ્હી અને અમદાવાદ વચ્ચે પ્રસ્તાવિત ૮૭૮ કિમી લાંબા હાઈ-સ્પીડ રેલ કોરિડોરનો ૭૫ ટકા ભાગ રાજસ્થાનમાંથી પસાર થશે, જે રાજ્યની અંદર ૬૫૭ કિમીનું અંતર કાપશે. દિલ્હી-અમદાવાદ હાઈ-સ્પીડ રેલ કોરિડોર રાજસ્થાનના સાત જિલ્લાઓના ૩૩૫ ગામોમાંથી પસાર થશે જેમાં અલવર, જયપુર, અજમેર, ભીલવાડા, ચિત્તોડગઢ, ઉદયપુર અને ડુંગરપુરનો સમાવેશ થાય છે. આ રૂટ પર અગિયાર સ્ટેશન બનાવવાની યોજના છે, જેમાંથી સાત રાજસ્થાનમાં હશે. ઉદયપુર, ડુંગર પુર (ખેરવાડા), ભીલવાડા, ચિત્તોડગઢ, અજમેર, કિશનગઢ, જયપુર અને અલવર (બહાદુરગઢ) માં સ્ટેશન બનાવવાની યોજના છે. રાજ્યનું મુખ્ય પ્રવાસન સ્થળ, જોધપુર, લાંબા સમયથી હાઈ-સ્પીડ રેલ કનેક્ટિવિટીની રાહ જોઈ રહ્યું હતું. જોકે, આ શહેર આ બુલેટ ટ્રેન પ્રોજેક્ટનો ભાગ રહેશે નહીં. અમદાવાદ-દિલ્હી કોરિડોરના પ્રારંભિક સર્વે અને અંતિમ DPRમાંથી શહેરને બાકાત રાખવામાં આવ્યું હતું. માર્ગ દ્વારા, જોધપુર રેલ્વે ડિવિઝનમાં ? ૮૦૦ કરોડના ખર્ચે ૬૪ કિમી લાંબો હાઈ-સ્પીડ ટેસ્ટ રેલવે ટ્રેક બનાવવામાં આવી રહ્યો છે, જેના પર મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પણ દોડશે. તમને જણાવી દઈએ કે હાલમાં જોધપુરથી મુંબઈ અને દિલ્હીની મુસાફરી કરવામાં ૧૧ થી ૧૬ કલાક લાગે છે. દિલ્હી-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે ઉદયપુરમાં એક સ્ટેશન પણ બનાવવામાં આવનાર છે. ઉદયપુરને આનાથી ઘણો ફાયદો થશે, જિલ્લામાં કુલ ૧૨૭ કિમીનો ટ્રેક બનાવવામાં આવી રહ્યો છે, જે પાંચ નદીઓ અને આઠ ટનલમાંથી પસાર થશે. પ્રસ્તાવિત ટ્રેક દિલ્હીના દ્વારકા સેક્ટર ૨૧ થી શરૂ થશે.

## ન્યૂઝ બ્રિફ

### હિમાચલ અતિભારે વરસાદ બાદ મંડીમાં ૧૦ લોકોના મોત, ૩૪ ગુમ

। (એજન્સી) શીમલા, તા.૩ ।

હિમાચલ પ્રદેશમાં વરસાદનો કહેર ચાલુ છે. છેલ્લા ૨૪ કલાકમાં સતત વરસાદે રાજ્યમાં ભારે વિનાશ સર્જ્યો છે. ૧૬ સ્થળોએ વાદળ ફાટવાના કારણે, ત્રણ સ્થળોએ અચાનક પૂર અને ભૂસ્ખલનના કારણે લગભગ પાંચ લોકોના મોત થયા છે. વરસાદ પછી સર્જાયેલી પરિસ્થિતિના કારણે અત્યાર સુધીમાં કુલ ૧૦ લોકોના મોત થયા છે. તેમજ લગભગ ૩૪ લોકો ગુમ છે, જેમાંથી ૧૧ લોકો પાણીમાં તણાઈ ગયા છે. આ ઉપરાંત છેલ્લા ૧૧ દિવસમાં ભારે વરસાદના કારણે રાજ્યમાં કુલ ૩૫૬.૬૭ કરોડનું નુકસાન થયું છે. તેમજ વરસાદના કારણે સૂબેના મંડી જિલ્લામાં ભારે તબાહી સર્જાઈ છે. મંડીમાં છેલ્લા ૩૨ કલાકમાં રેસ્ક્યુ ઓપરેશનમાં ૩૧૬ લોકોને બચાવવામાં આવ્યા છે. સત્તાવાર અહેવાલો અનુસાર, મંડીમાં વાદળ ફાટવાની કુલ ૧૦ ઘટનાઓ નોંધાઈ છે, જેના કારણે ભારે વિનાશ, જાનહાનિ અને માળખાગત સુવિધાઓને નુકસાન પહોંચ્યું છે. આ ઉપરાંત રાજ્યમાં અચાનક પૂરના કારણે અસરગ્રસ્ત વિસ્તારોમાં બધી શાળાઓ અને શૈક્ષણિક સંસ્થાઓ બે દિવસ માટે બંધ રાખવામાં આવી છે.

### ગરીબ અને મધ્યમ વર્ગને મળી શકે છે મોટી રાહત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં જ્જ્ઞમાં મોટી રાહત આપી શકે છે. સરકાર ટેક્સમાં ફેરફાર કરવાનું વિચારી રહી છે. મધ્યમ અને ઓછી આવક ધરાવતા પરિવારોમાં સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતી આવી વસ્તુઓ પર રાહત આપી શકશે. હાલમાં તેમના પર ૧૨% GST વસૂલવામાં આવે છે. સરકાર ૧૨% GST યાદીમાં મોટાભાગની વસ્તુઓને ૫% સ્લેબમાં મૂકવા અથવા ૧૨% સ્લેબને જ સમાપ્ત કરવાનું વિચારી રહી છે. સામાન્ય લોકો દ્વારા રોજિંદા ઉપયોગમાં લેવાતી મોટાભાગની વસ્તુઓ આ શ્રેણીમાં આવે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, GST કાઉન્સિલની આગામી બેઠકમાં આ અંગે નિર્ણય લઈ શકાય છે. આ બેઠક આ મહિને યોજાઈ શકે છે. બેઠક માટે ૧૫ દિવસની નોટિસ આપવાની રહેશે. GST એટલે કે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ દેશભરમાં એક કર પ્રણાલી તરીકે રજૂ કરવામાં આવ્યો હતો જેથી વિવિધ કરને એકસાથે જોડી શકાય. પરંતુ હવે ૮ વર્ષ પછી, સરકાર બીજો મોટો ફેરફાર કરવા જઈ રહી છે, જેનો સીધો ફાયદો સામાન્ય લોકોને થઈ શકે છે. સરકાર હવે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) સિસ્ટમમાં મોટો ફેરફાર કરવા જઈ રહી છે.

### વિમાન ૯૦૦ ફૂટ નીચે ઉતર્યું

# એર ઈન્ડિયાની વધુ એક ફ્લાઈટ હવામાં ખોટકાઈ

**પાયલટને કોકપીટની અંદર સ્ટોલ વૉર્નિંગ અને ગ્રાઉન્ડ પ્રોક્સિમિટી વૉર્નિંગ સિસ્ટમની ડોન્ટ સિંક વૉર્નિંગ મળવા લાગી હતી**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

એર ઈન્ડિયાની ફ્લાઈટ એઆઈ૧૭૧ના અમદાવાદમાં અકસ્માતને હજુ મહિનો પણ નથી થયો ત્યાં એર ઈન્ડિયાના વધુ એક વિમાનમાં ટેકનિકલ ખામી સર્જાઈ હોવાના સમાચાર છેક હવે સામે આવી રહ્યા છે. એર ઈન્ડિયાની દિલ્હીથી વિયેના જઈ રહેલી ફ્લાઈટ એઆઈ-૧૮૭એ ટેકઓફ કર્યા પછી તેમાં ટેકનિકલ ખામી સર્જાઈ હતી, જેના પગલે વિમાન લગભગ ૯૦૦ ફૂટ નીચે ઉતરી ગયું હતું. જોકે, રાહતની વાત એ રહી કે કોઈ અકસ્માત સર્જાયો નહીં અને બધા જ પ્રવાસી તથા ક્રૂનો ચમત્કારિક બચાવ થયો હતો. અમદાવાદમાં ૧૨ જૂને એર ઈન્ડિયાનું વિમાન તૂટી પડયાના બે જ દિવસ પછી વિયેના જતી ફ્લાઈટ એઆઈ-૧૮૭ દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી ૧૪ જૂને વહેલી સવારે ૨.૫૬ કલાકે રવાના થઈ હતી. એર ઈન્ડિયાના બોઈંગ ૭૭૭ વિમાને ટેકઓફ કર્યાની થોડીક જ મિનિટોમાં અચાનક અત્યંત જોખમી રીતે ૯૦૦ ફૂટ નીચે આવી ગયું હતું. પાયલટને કોક



પીટની અંદર સ્ટોલ વૉર્નિંગ અને ગ્રાઉન્ડ પ્રોક્સિમિટી વૉર્નિંગ સિસ્ટમની ડોન્ટ સિંક વૉર્નિંગ મળવા લાગી હતી, જેને પગલે ટેકનિકલ ખામીની જાણ થઈ હતી. જોકે, પાયલટે સ્થિતિ પર તુરંત નિયંત્રણ મેળવ્યું હતું અને વિમાનને યોગ્ય ઉંચાઈ પર લાવીને ઉડ્ડયન ચાલુ રાખ્યું હતું. આ ઘટનામાં કોઈ નુકસાન થયું નહીં અને વિમાને ૯ કલાક ૮ મિનિટના ઉડ્ડયન બાદ વિયેનામાં સુરક્ષિત લેન્ડિંગ કર્યું હતું. થોડા સમય પછી વિયેનામાં બીજા ક્રૂ આવ્યા હતા અને આ જ ફ્લાઈટને લઈને ટોરોન્ટો રવાના થઈ ગયા હતા. જોકે આ ઘટનામાં મહત્વની બાબત એ હતી કે પાયલટે તેના રિપોર્ટમાં માત્ર ટેક-ઓફ પછી ટર્બ્યુલન્સના કારણે સ્ટિક શેકર એક્ટિવ થયું હોવાનો ઉલ્લેખ કર્યો હતો.

### ૭૫ વર્ષમાં પહેલીવાર સુપ્રીમ કોર્ટ દ્વારા લેવાયો મોટો નિર્ણય

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

૨૪ જૂને પસાર કરાયેલા પરિપત્રમાં પદોના અનામત અંગે માહિતી આપવામાં આવી છે. હવે દર વર્ષે થતી ભરતીમાં 15% SC અને 7.5% ST અનામત લાગુ પડશે. આવી સ્થિતિમાં, કુલ ૩૦ પદો SC માટે અનામત રહેશે. આ ઉપરાંત, 15 પદો ST વર્ગ માટે અનામત રહેશે. સામાજિક ન્યાયની માંગને ધ્યાનમાં રાખીને સુપ્રીમ કોર્ટ દ્વારા આ મહત્વ પૂર્ણ નિર્યણ લેવામાં આવ્યો છે. લાંબા સમયથી માંગ કરવામાં આવી રહી હતી કે કોર્ટ ભરતીમાં પણ ક્વોટા લાગુ કરવામાં આવે. કોર્ટ દ્વારા આપવામાં આવેલ ભરતીની વિગતોમાં જણાવવામાં આવ્યું છે કે સિનિયર પર્સનલ આસિસ્ટન્ટની ૯૪ પદો માટેની ભરતીમાં, ૧૪ SC ક્વોટા માટે હશે. આ ઉપરાંત, ૬ પદો ST ક્વોટા માટે અનામત રહેશે. ૭૪ પદો બિન-અનામત રહેશે. તેવી જ રીતે, આસિસ્ટન્ટ લાઈબ્રેરિયન માટે ૨૦ જગ્યાઓમાંથી ૩ SC અને ૧ ST ક્વોટામાં રાખવામાં આવી છે. જુનિયર કોર્ટ આસિસ્ટન્ટની વાત કરીએ તો, કુલ ૪૩૭ જગ્યાઓ છે, જેમાંથી ૬૫ જગ્યાઓ SC માટે અનામત રહેશે. આ ઉપરાંત, ૩૨ જગ્યાઓ ST માટે રહેશે. ૩૪૦ જગ્યાઓ બિનઅનામત રહેશે. એટલું જ નહીં, જુનિયર કોર્ટ આસિસ્ટન્ટની ૨૦ જગ્યાઓ પર પણ ક્વોટા લાગુ પડશે. જુનિયર કોર્ટ એટેન્ડન્ટની ૬૦૦ જગ્યાઓ પર અનામત લાગુ પડશે. આ ઉપરાંત ચેમ્બર એટેન્ડન્ટની જગ્યા પર પણ ક્વોટા લાગુ પડશે. પરિપત્રમાં કહેવામાં આવ્યું છે કે જો અનામતનો નિયમ લાગુ નહીં થાય તો રજિસ્ટ્રારને ફરિયાદ કરવી.

### નેશનલ હેરાલ્ડ કેસની સુનાવણીમાં EDનો દાવો

# સોનિયા-રાહુલ ગાંધીએ રૂ.૨૦૦૦ કરોડની સંપત્તિ હડપવાનું ષડયંત્ર રચ્યું હતું

**સોનિયા અને રાહુલ ગાંધીને રૂ.૧૪૨ કરોડની કમાણી કરી**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાં આજે નેશનલ હેરાલ્ડ કેસની સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આ કેસ મામલે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈઢ) દ્વારા દાખલ કરાયેલી ફરિયાદમાં દાવો કરાયો છે કે, સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ લગભગ ૨૦૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ હડપવાનું ષડયંત્ર રચ્યું હતું. ઈડી તરફથી હાજર થયેલા એડિશનલ સોલિસિટર જનરલ વી. રાજૂએ દાવો કર્યો કે, કોંગ્રેસ પાર્ટી એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ(છત્રન)ની લગભગ ૨૦૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ હડપવા માંગતી હતી.

ઈડીના વકીલે દલીલ કરી કે, કોંગ્રેસ પાસેથી લીધેલા ૯૦ કરોડ રૂપિયાના દેવાની ભરપાઈ કરવા માટે ૨,૦૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ હડપ કરવા માટે, યંગ ઈન્ડિયન બનાવવાનું કાવતરું ઘડવામાં આવ્યું હતું, જેમાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીનો ૭૬% હિસ્સો હતો. કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓએ કહેવાથી એજેએલને જાહેરાતના નાણાં પણ અપાયા હતા અને તે બનાવટી કંપનીથી જે આવક થઈ, તે ગુનાની કમાણી હતી. ૨૧



મેની સુનાવણી વખતે ઈડીએ કહ્યું હતું કે, સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ મની લોન્ડ્રી દ્વારા ૧૪૨ કરોડ રૂપિયાની કમાણી કરવામાં આવી છે. ઈડીએ મની લોન્ડરિંગ નિવારણ અધિનિયમ (સ્ન્છ) હેઠળની ફરિયાદમાં સોનિયાગાંધીને આરોપી નંબર-૧ અને રાહુલ ગાંધીને આરોપી નંબર-૨ દર્શાવ્યા છે. આ ઉપરાંત અન્ય પાંચ લોકોને પણ કેસમાં આરોપી બનાવ્યા છે. કોંગ્રેસ સંસદીય દળના અધ્યક્ષ સોનિયા ગાંધી અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી કેસમાં મુખ્ય આરોપી છે. સીબીઆઈના વિશેષ ન્યાયાધીશ વિશાલ ગોગ આ હાઈપ્રોફાઈલ કેસની સુનાવણી કરી રહ્યા છે. એજેએલ નેશનલ હેરાલ્ડ સમાચાર પત્ર પ્રકાશિત કરતું હતું, તેની સ્થાપના પૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નેહરુએ કરી હતી.

### અમેરિકાએ ચીનનું વધાર્યું ટેન્શન

# અમેરિકાનો પાડોશીઓ સાથે સમુદ્રમાં ચીનને ઘેરવાનો પ્લાન

**અમેરિકાએ બાંગ્લાદેશ અને શ્રીલંકાને પણ તેમની નૌસેના માટે હેમિલ્ટન ક્લાસ કટર જહાજોની એક-એક જોડી આપી**

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૩ ।

ટેરિફ અને ટ્રેડવૉર વચ્ચે અમેરિકાએ પોતાના હરીફ ચીનનું ટેન્શન વધાર્યું છે. USAએ હાલમાં જ ચાર એશિયન દેશો સાથે ૧૦ કોસ્ટગાર્ડ જહાજો માટે કરાર કર્યા છે. જેમાં બે દેશો સાથે ચીનનો ક્ષેત્રીય વિવાદ રહ્યો છે. અમેરિકાના આ પગલાંથી દક્ષિણ ચીન સમુદ્રમાં તણાવ વધવાની ભીતિ વ્યક્ત થઈ રહી છે. મીડિયા રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, ગત મહિને જૂનમાં પૂર્વ અમેરિકાએ ઉચ્ચ ક્ષમતા ધરાવતા કોસ્ટગાર્ડ શિપ પૈકી એક હેમિલ્ટન ક્લાસ કટરના ૧૨ જહાજ દક્ષિણ-પૂર્વ એશિયન દેશ વિયેતનામ પહોંચ્યાં છે. હેમિલ્ટન ક્લાસ કટરના અન્ય ત્રણ શિપ અગાઉથી જ ફિલિપાઈન્સ નૌસેનામાં કાર્યરત છે. આ બંને દેશોનો ચીન સાથે વિવાદ ચાલી રહ્યો છે. વિયેતનામ અને ફિલિપાઈન્સ સાથે દક્ષિણ ચીન સમુદ્રમાં પહેલાંથી જ વિશ્વનું સૌથી મોટો કોસ્ટગાર્ડ ફોર્સ તૈનાત છે. ચીને હિંદ મહાસાગરમાં પોતાનું પ્રભુત્વ ઝડપથી વિસ્તરિત કર્યું છે. અમેરિકાએ બાંગ્લાદેશ



અને શ્રીલંકાને પણ તેમની નૌસેના માટે હેમિલ્ટન ક્લાસ કટર જહાજોની એક-એક જોડી આપી છે. અમેરિકાએ જે જહાજનું હસ્તાંતરણ કર્યું છે, તે અમેરિકન નૌસેનાનું પૂર્વ જહાજ છે. આ શિપ ટ્રાન્સફર મુદ્દે અમેરિકાની કોસ્ટગાર્ડ ફોર્સે કહ્યું કે, સેવામુક્ત થયેલા જહાજોનું હસ્તાંતરણ અમેરિકાની ઈન્ડો-પેસિફિક નીતિને અનુરૂપ છે. અમેરિકામાં સુરક્ષાને મજબૂત બનાવવા અને ભાગીદારી જાળવી રાખવામાં મદદ કરી રહ્યું છે. ૧૯૬૦ અને ૧૯૭૦ના દાયકા વચ્ચે કાર્યરત ૨૭૦૦ ટન વજનના હેમિલ્ટન-ક્લાસ કટર જહાજોને લિજેન્ડ-ક્લાસ નેશનલ સિક્યુરિટી કટર દ્વારા યુએસ નેવીમાં સ્થાપિત કરવામાં આવ્યા છે. અમેરિકાની કોસ્ટગાર્ડ ફોર્સમાં સૌથી મોટા અને ઉન્નત જહાજોમાં આ જહાજ સામેલ છે. સિંગાપોરની ઈન્સ્ટીટ્યૂટ ઓફ ડિફેન્સ એન્ડ સ્ટ્રેટેજિક સ્ટડીઝના એક વરિષ્ઠ ફેલો અને નૌસેના વિશ્લેષક કોલિન કોહે આ હસ્તાંતરણને મહત્ત્વનું પગલું ગણાવ્યું છે. દક્ષિણ ચીન સમુદ્રમાં ચીનની વધી રહેલી અડોડાઈનો જવાબ આપવા માટે અમેરિકાએ આ પ્રકારનું હસ્તાંતરણ કર્યું છે. કટરના હસ્તાંતરણ વ્યવહારિક અને રાજકીય રીતે પ્રતિકાત્મક મહત્વ ધરાવે છે કારણ કે ચીન દક્ષિણ ચીન સમુદ્રમાં મોટાભાગના પાણી પર પોતાનું વર્ચસ્વ હોવાનો દાવો કરે છે. હવે આ કરારથી ચીનના પડોશી દેશો તેમના ઓફશોર પેટ્રોલ ફ્લીટને મજબૂત બનાવી શકશે અને દક્ષિણ ચીન સમુદ્રમાં ચીનની દાદાગીરીનો મજબૂત રીતે સામનો કરી શકશે.

### કોંગ્રેસના બે દિગ્ગજો વચ્ચે સમાધાન

# સિદ્ધારમૈયાએ કહ્યું ૫ વર્ષ સુધી હું જ મુખ્યમંત્રી રહીશ

**આ મામલે ડેપ્યુટી સીએમ ડીકે શિવકુમારે પણ પ્રતિક્રિયા આપી અને કહ્યું કે, મારી પાસે બીજો કોઈ વિકલ્પ નથી**

। (એજન્સી) બેંગલુરુ, તા.૩ ।

કર્ણાટકના રાજકારણમાં આ દિવસોમાં ખૂબ જ હંગામો ચાલી રહ્યો છે. એવી ચર્ચા છે કે હવે રાજ્યની કમાન કોઈ બીજાને સોંપવામાં આવશે. પરંતુ બુધવારે ખુદ મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ આ બધી અફવાઓને ફગાવી દીધી અને સ્પષ્ટતા કરી કે, હા, ૫ વર્ષ સુધી હું જ CM રહીશ. શું આ બાબતે તમને કોઈ શંકા છે?

સિદ્ધારમૈયાએ આ નિવેદન ત્યારે આપ્યું જ્યારે વિપક્ષો દાવો કરી રહ્યા હતા કે કોંગ્રેસ પાર્ટીમાં આંતરિક મતભેદો છે અને કદાચ ડેપ્યુટી સીએમ ડીકે શિવકુમારને રાજ્યના મુખ્યમંત્રી બનાવી શકાય છે.

આ મામલે ડેપ્યુટી સીએમ ડીકે શિવકુમારે પણ પ્રતિક્રિયા આપી અને કહ્યું કે, મારી પાસે બીજો કોઈ વિકલ્પ નથી. મારે પાર્ટીના નિર્ણયનો સ્વીકાર કરવો પડશે અને હું મુખ્યમંત્રીની સાથે ઊભો રહીશ. લાખો લોકોએ પાર્ટીને ટેકો આપ્યો છે અને હું પાર્ટીના નિર્ણયોનું પાલન કરીશ.

કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અને ડેપ્યુટી સીએમ ડીકે શિવકુમારને એમ પણ કહ્યું કે, જ્યારે સિદ્ધારમૈયા મુખ્યમંત્રી હોય છે, ત્યારે નેતૃત્વ પર કોઈ વિવાદ ન હોવો જોઈએ. પાર્ટી શિસ્ત ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. મેં ક્યારેય કોઈને મને મુખ્યમંત્રી બનાવવા માટે કહ્યું નથી. કર્ણાટકના બંને ટોચના નેતાઓના



નિવેદનો એવા સમયે આવ્યા છે જ્યારે પાર્ટીના ધારાસભ્યો ઘણા અઠવાડિયાથી ખુલ્લેઆમ માંગ કરી રહ્યા હતા કે શિવકુમારને તેમના કાર્યકાળની મધ્યમાં મુખ્યમંત્રી બનાવવામાં આવે. લગભગ ૨ વર્ષ પહેલાં, મે ૨૦૨૩માં વિધાનસભા ચૂંટણીના પરિણામો જાહેર થયા પછી કર્ણાટકમાં મુખ્યમંત્રી પદ માટે સિદ્ધારમૈયા અને ડીકે શિવકુમાર વચ્ચે જોરદાર મુકાબલો થયો હતો, લાંબા સમય સુધી ચર્ચા-વિચારણા કર્યા પછી, પાર્ટી નેતૃત્વ શિવકુમારને મનાવવામાં સફળ રહ્યું અને તેમને રાજ્યના નાયબ મુખ્યમંત્રી બનાવ્યા.

જોકે, તે સમયે એવો પણ દાવો કરવામાં આવ્યો હતો કે રોટેશનલ મુખ્યમંત્રી ફોર્મ્યુલા હેઠળ બંને નેતાઓ વચ્ચે એક કરાર છે, જે મુજબ શિવકુમાર અઢી વર્ષ પછી મુખ્યમંત્રી બનશે, પરંતુ પાર્ટી દ્વારા આ અંગે સત્તાવાર રીતે કંઈ કહેવામાં આવ્યું નથી.

## તંત્રી લેખ...

## દિલ્હીમાં જુના વાહનો પર પ્રતિબંધ શરૂ, પ્રથમ દિવસે બાઇકો જપ્ત

રાજધાની દિલ્હીમાં ૧૫ વર્ષ જુના પેટ્રોલ અને ૧૦ વર્ષ જુના પેટ્રોલ વાહનો પર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે. આ પ્રતિબંધનો અમલ થતા જ પોલીસ હવે આવા તમામ જુના વાહનોને જપ્ત કરવા લાગી છે. મંગળવારે દિલ્હી પોલીસે આવી બે બાઈક જપ્ત કરી લીધી હતી જે હવે સ્ક્રેપમાં મોકલવામાં આવશે. અચાનક જ લોકોના વાહનો જપ્ત થવા લાગ્યા હોવાથી લોકોમાં એક પ્રકારની અકળામણ પણ જોવા મળી રહી છે. ટ્રાફિક ઈન્સ્પેક્ટર અશોક કુમારે કહ્યું હતું કે નિયમો મુજબના જુના વાહનોના ચેકિંગ દરમિયાન બે બાઈક જપ્ત કરવામાં આવી છે. જેને હવે સ્ક્રેપરને સોંપવામાં આવશે. જે બાદ વાહનના માલિકને સ્ક્રેપની જે વેલ્યૂ આવશે તે રકમ સોંપવામાં આવશે. એટલે કે જપ્ત કરાયેલી આ બાઈકોને ભંગારના ભાવે વેચવામાં આવશે અને તે રકમ તેના માલિકને આપવામાં આવશે. દિલ્હીમાં મંગળવારથી એન્ડ ઓફ લાઈફ વેહિકલ (ઈઓએલ) નીતિનો અમલ કરી દેવામાં આવ્યો છે. ૧૫ વર્ષ જુના પેટ્રોલ વાહનો અને ૧૦ વર્ષ જુના ડીઝલ વાહનોને ના તો રોડ પર ચલાવવાની મંજૂરી અપાશે ના તો તેમને ઈંધણ આપવાની મંજૂરી મળશે. નિયમો મુજબ જો આવા જુના વાહનો સાથે પકડાયા તો ફોર વ્હીલર્સના માલિકને ૧૦ હજાર રૂપિયા જ્યારે ટુ વ્હીલર્સના માલિકને પાંચ હજાર રૂપિયાનો દંડ ફટકારવામાં આવશે. પોલીસ અને પરિવહન વિભાગ સીધા પેટ્રોલ પંપો પર જ આવા વાહનોનું ચેકિંગ શરૂ કરી દીધુ છે. મંગળવારે આશરે ૩૫૦ જેટલા પેટ્રોલ પંપો પર ચેકિંગ કર્યું હતું.

## થરા ખાતે જીવન ગરિમાના પૂણ્ય શ્રલોક સ્મૃતિ વિશેષાંકનું વિમોચન તથા શ્રદ્ધાસુમન કાર્યક્રમ યોજાયો






યશપાલસિંહ ટી વાઘેલા થરા

કાંકરેજ તાલુકાના ભાજપ અગ્રણી અને જલારામબાપાના પરમ સેવક ગૌ ભક્ત સ્વ.અચરત લાલ ઠક્કરની પ્રથમ વાર્ષિક પુણ્ય તિથિએ થરા ઓગડ વિદ્યામંદિર પ્રાર્થના હોલમાં જીવન ગરિમાના પૂણ્ય શ્ર્લોક સ્વ. અચરતલાલ સ્મરણાંજલિ વિશેષાંકનુંવિમોચન તથા શ્રદ્ધાસુમન કાર્યક્રમ પપૂ શ્રી૧૦૦૮ મહામંડળેશ્વર ઘનશ્યામ પુરીજી(વાળીનાથ મંદિર થરા,પ.પૂ.જાનકીદાસજી કમીજલા,પ.પૂ શ્રી કિશોરદાસજી (વરલી)શ્રી મમતામૈયા (મહાકાળી મંદિર) ના સાંનિધ્યમાં અને વિધાન સભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાને તથા મુખ્ય મહેમાન પૂર્વ કેન્દ્રીય મંત્રી પરસોત્તમભાઈ રૂપાલા ધારાસભ્ય કિરીટસિંહ રાણા લીબડી લવિંગજીઠ-ાકોર રાધનપુર જિલ્લા ભાજપ પ્રમુખ કીર્તિસિંહ વાઘેલા, ભરતસિંહ ડાભી સાંસદ પાટણ. પૂર્વ સંસદ પરબતભાઈ પ ટેલ, દિનેશભાઈ અનાવાડીયા,ગુમાન સિંહ ચૌહાણ,રેખાબેન ખાણેચા, ડૉ.અનિલભાઈ પટેલ,ડાયાભાઈ પટેલ ચેરમેન બનાસ બેંક,કનુ ભાઈ વ્યાસ,પૃથ્વીરાજસિંહ વાઘેલા, ભારતસિંહ ભટેસરીયા ડી.ડી.જાલેરા,ધીરજભાઈ શાહ યશપાલસિંહ ટી-.વાઘેલા, ડૉ.હેમ રાજભાઈ પટેલ,દિપકભાઈજોષી મહેશભાઈ મુલાણી,રાયચંદભાઈ ઠક્કર,ડૉ.સી.એમ. ઠક્કર, હીરા ભાઈ જોષી,એ.કે. ઠકકર , વિનોદ ભાઈ ગોકલાણી,નાથાલાલ બ્રહ્મ ક્ષત્રિય,પ્રહલાદભાઈ ઠકકર, વિજયભાઈ ટેસ્ટી, સ્વ.અચરત લાલ શિવરામભાઈ ભુદરભાઈ ગોકલાણી પરિવાર વગેરે સૌ ઉપસ્થિત રહયા હતા. જીવન ગરિમાના પૂણ્ય શ્ર્લોક સ્વ. અચરતલાલ સ્મરણાંજલિ વિશેષાંકનું વિમોચન સ્ટેજ પર સંતો મહાનુભાવોના હસ્તે કરી સંતો મહંતો મહાનુભાવોએ હદય ના ભાવ શબ્દોમાં વ્યક્ત કરી શ્રદ્ધાસુમન અર્પણ કરેલ.સૌ પ્રથમ પુ.જલારામ બાપા,સ્વ. અચરતલાલ અને સ્વ.મુક્તબાના ફોટા પાસે દીપ પ્રગટાવી શ્રદ્ધા સુમન અર્પણ કર્યા ત્યાર બાદ સૌ સંતો મહંતો મહેમાનનું ફુલહારથી સ્વાગત કરવામાં આવેલ.પુસ્તક વિમોચન તથા સ્વ.અચરતલાલ ઠક્કરને શ્રદ્ધાસુમન અર્પણ કરેલ.જીવન ગરિમાના પૂણ્ય શ્ર્લોક સ્વ. અચરતલાલ સ્મરણાંજલિ વિશેષાંકનું વિમોચન સ્ટેજ પર સંતો મહાનુભાવોના હસ્તે કરી સંતો મહંતો મહાનુભાવોએ હદય ના ભાવ શબ્દોમાં વ્યક્ત કરી શ્રદ્ધાસુમન અર્પણ કરેલ.સૌ પ્રથમ પુ.જલારામ બાપા,સ્વ. અચરતલાલ અને સ્વ.મુક્તબાના ફોટા પાસે દીપ પ્રગટાવી શ્રદ્ધા સુમન અર્પણ કર્યા ત્યાર બાદ સૌ સંતો મહંતો મહેમાનનું ફુલહારથી સ્વાગત કરવામાં આવેલ.પુસ્તક વિમોચન તથા સ્વ.અચરતલાલ ઠક્કરને શ્રદ્ધાસુમન અર્પણ કરેલ.

જીવન ગરિમાના પૂણ્ય શ્ર્લોક સ્વ. અચરતલાલ સ્મરણાંજલિ વિશેષાંકનું સંપાદન જાણીતા સાહિત્યકાર કનુભાઈ આચાર્ય, ભગવાનભાઈ બંધુએ મંથનભાઈ દિસ્કર ગ્રંથ પ્રયોજક હર્ષદભાઈ ઠક્કર,પ્રકાશક નિરંજનભાઈ ઠક્કર દ્વારા સારી રીતે તૈયાર કરવામાં આવેલ.ભોજનપ્રસાદ લઈ રાત્રે પૂ.જલા રામ બાપાના ભજન સત્સંગ કરી સૌ છુટા પડ્યા હતા. કાર્યક્રમનું સંચાલન ભગવાનભાઈ બંધુએ ભાવવાહી શૈલીમાં કરેલ.

**મિત્રો તમાકુનું વ્યસન બહુ જ જીવલેણ સાબિત થાય છે, એનાથી થતાં મૃત્યુનો દર વધતો જ જાય છે ! છતાં વપરાશમાં કોઈ ઓટ નથી!**

# ચાતુર્માસમાં શ્રીવિષ્ણુ આરામ ફરમાવે છે! એટલે કર્મની ધરાને વ્રત, તપથી સીંચવામાં આવે છે.



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**દેવશયની એકાદશી નિમિત્તે પુરાણોમાં બે ત્રણ કથા જોડાયેલી છે. જેમ કે સૌથી પહેલી કથા નિંદ્રા દેવીએ બહુ જ આકરું તપ કર્યું, અને ભગવાનને કહ્યું કે મને તમારા અંગોમાં સ્થાન આપો. ભગવાને પોતાના શરીર પર નજર ફેરવી તો દરેકે દરેક અંગમાં કોઈને કોઈ દેવી-દેવતાનું સ્થાન હતું, અને હૃદયમાં લક્ષ્મીજીનું સ્થાન હતું.**

તા૬/૭ એ પંચાંગ અનુસાર અષાઢ સુદ એકાદશી એટલે કે દેવપોઢી એકાદશી છે. આપણે ત્યાં દેવપ ોઢી એકાદશીએ ચાતુર્માસનો પ્રારંભ થાય છે, અને કહેવાય છે કે ભગવાન ક્ષીરસાગરમાં સાડા ચાર મહિના આરામ ફરમાવે છે અને સમગ્ર સૃષ્ટિનો કાર્યભાર પ્રકૃતિ સંભાળે છે, અને એટલે જ અષાઢી નવરાત્રીમાં પ્રકૃતિ પોતાનો વિસ્તાર સશક્ત બનાવે છે.ગૌરી વ્રતનાં પ્રારંભનો દિવસ છે. હિન્દુ સંસ્કૃતિમાં ઋતુને અનુસાર આવા કેટલા બધા વ્રતો રખાયા છે, કે જેનાથી જીવનમાં સંયમનું મહત્વ વધે, અને જરૂરિયાત પર કાપ મૂકી શકે. પહેલા કરતાં પ્રમાણમાં વ્રતનું પ્રમાણ ઘટી ગયું છે, અને લોકો પોતપોતાના મંતવ્યો રજૂ કરતાં પણ સંભળાય છે. ગૌરી વ્રત, જયા પાર્વતી, એવ્રત-જીવ્રત વડ સાવિત્રી પૂનમ વગેરે બાળાઓ તથા સ્ત્રીઓનાં વ્રત માટે આજકાલની યુવતીઓ એવું કહેતા પણ સંભળાય છે, કે યુવકો અમારી માટે ક્યાં કોઈ વ્રત કરે છે? તે અમે કરીએ! યુગ પ્રમાણે કદાચ એનો તર્ક સાચો પણ લાગે, પરંતુ જ્યાં સુધી આપણા સમાજમાં લગ્ન સંસ્થામાં સ્ત્રીને પુરુષના ઘરે પરણીને જવાનું રહેશે, ત્યાં સુધી આ પ્રકારના વ્રત થાય તો એડજેસ્ટ થવામાં ઘણી સરળતા રહે, આ હેતુ પણ વ્રત પાછળ રહેલો છે. પતિને જન્મોજન્મ અથવા તો સાત જન્મ સુધી પામવા માટે આપણે ત્યાં આ પ્રકારના ઘણા વ્રતો થાય છે. પરંતુ એક સહજ વિચાર આવ્યો કે, એ જ માતા-પિતાને પામવા આપણે ત્યાં કોઈ વ્રતની વિધા છે ખરી!! તો મારે એ વ્રત કરવું છે!

દેવશયની એકાદશી નિમિત્તે પુરાણોમાં બે ત્રણ કથા જોડાયેલી છે. જેમ કે સૌથી પહેલી કથા નિંદ્રા દેવીએ બહુ જ આકરું તપ કર્યું, અને ભગવાનને કહ્યું કે મને તમારા અંગોમાં સ્થાન આપો. ભગવાને પોતાના શરીર પર નજર ફેરવી તો દરેકે દરેક અંગમાં કોઈને કોઈ દેવી-દેવતાનું સ્થાન હતું, અને હૃદયમાં લક્ષ્મીજીનું સ્થાન હતું. એટલે તેમણે પોતાની આંખોમાં યોગ નિંદ્રાને સ્થાન આપ્યું, અને એટલે તેઓ સાડા ચાર મહિના માટે ક્ષીર સાગરમાં શેષ સૈયા પર પોઢી ગયા. બીજું કારણ શંખાસૂર નામનો એક રાક્ષસ હતો તેનો વધ કરવામાં પ્રભુને બહુ થાક લાગ્યો, અને એટલે પ્રભુ સાડા ચાર મહિના માટે પોઢી ગયા. ત્રીજી એક કથા એવી છે કે પૂર્વે મહાપ્રતાપી માંધાતા નામનો એક રાજા થઈ ગયો, અને તે ધર્મ અનુસાર જીવતો હતો. પોતાની પ્રજાના લાલન પાલન માટે તે સતત પ્રયત્નશીલ રહેતો હતો, તેના રાજ્યમાં કોઈ દુઃખી નહોતું. કુદરત પણ તેની પર પ્રસન્ન હતી, અને તેથી તેનો ભંડાર ધન ધાન્યથી ભરેલો રહેતો હતો. પરંતુ એકવાર એવું થયું કે ઉપરાઉપરી ત્રણ વર્ષ દુષ્કાળના ગયાં, અને પ્રજા ત્રાહિમામ પોકારી ગઈ ત્યારે પ્રજાજનો રાજા પાસે આવ્યાં, અને કહેવા લાગ્યાં, એ અન્નદાતા પ્રજા તો રાજાનું સંતાન કહેવાય, અને પ્રજાને તકલીફ હોય તો એ રાજા પાસે જ આવે, માટે અમારી તકલીફનું કોઈ નિવારણ કરો! આપણાં રાજ્યમાં છેલ્લાં ત્રણ વર્ષથી દુષ્કાળ પડી રહ્યો છે, અને પ્રજાને જીવન નિર્વાહ ચલાવવામાં બહુ જ મુશ્કેલી થાય છે, માટે આ સમસ્યાનું નિવારણ કરવું એ રાજાનું કર્તવ્ય છે. રાજાએ પ્રજાજનોની વાત માથા પર ચડાવી, અને પોતે અશ્વ પર સવાર થઈ જંગલમાં નીકળી પડ્યો, એને મનમાં હતું કે કોઈ ઋષિમુની મળી જાય તો આ સમસ્યાનું નિવારણ મળે, અને તેમને વનમાં એક આશ્રમ દેખાયો. ત્યાં આગળ બ્રહ્માના પુત્ર અંગિરા ઋષિ તપ કરી રહ્યાં હતાં. રાજાએ તેમને પોતાની સમસ્યા જણાવી, અંગિરા ઋષિએ ધ્યાનમાં બેસીને જોયું, અને કહ્યું હે રાજન! તપ કરવાનો અધિકાર માત્ર બ્રાહ્મણોને જ છે, છતાં પણ તારા રાજ્યમાં એક શૂદ્ર કેટલાં લાંબા સમયથી તપ કરી રહ્યો છે, અને એને પરિણામે તારા રાજ્યમાં દુષ્કાળ પ્રવર્તી રહ્યો છે, માટે હે રાજન! તું પ્રજાજનો સહિત અષાઢ મહિનાની અજવાળી અગિયારસે એટલે કે દેવશયની અગિયારસે આ વિધિ વિધાન અનુસાર વ્રત કરીશ તો તારા રાજ્યમાં દુષ્કાળ સમાપ્ત થશે, અને બારે મેઘ વરસશે. રાજાએ ઋષિના કહ્યા મુજબ વ્રત કર્યું, અને તેના રાજયનો દુષ્કાળ સમાપ્ત થયો. આ બધી પૌરાણિક કથામાં કેટલું તથ્ય છે,એ આપણે જાણતા નથી. પરંતુ એક વાત ને માનવાનું મન થાય એવી વાત પણ છે. એટલે કે અષાઢ મહિનાથી ચોમાસુ શરૂ થતું હોવાથી ભગવાનને સૃષ્ટિના સંચાલનમાં અજવાળા વગર બહુ તકલીફ પડતી હતી, અને એમને થાક લાગતો હતો એટલે તેમણે પોતાના દસ અવતાર તેમજ ભગવાન શિવને આ ચાતુર્માસ દરમિયાન સમગ્ર સૃષ્ટિનો કાર્યભાર સોંપી દીધો અને પોતે ક્ષીરસાગરમાં પોઢી ગયાં. એટલે આષાઢ વરુણ દેવનો એમાં વ્રત ઉપવાસ, ગુરુપૂર્ણિમા. શ્રાવણ આખો શંકર ભગવાનનો, ભાદરવો ગણેશ અને પિતૃનો, તો આસો મા આદ્યશક્તિ જગદંબા પાર્વતીનો, આમ સૌએ કાર્યભાર સંભાળી લીધો, અને જગત જગદીશને નિશ્ચિંત રાખ્યાં.

ચાતુર્માસનો પ્રારંભ થઈ ગયો હોવાથી, ભગવાન ચાર મહિના સમગ્ર સૃષ્ટિનો ભાર પ્રકૃતિને સોંપી નિશ્ચિત થઈ આરામ ફરમાવે છે. એટલે હવે આ ચાર મહિના જીવને લગભગ કર્મના નિયમ અનુસાર જ જીવવાનું હોય, ત્યાં તેને કૃપાનો એક પણ ગુણ મળે નહીં. એટલે કે ઈશ્વર કાર્યકારણ સિદ્ધાંતથી પર છે, તેથી ક્યારેક નમતું જોખી શકે, અને આપણે કર્મથી બચી જતા હોઈએ. પરંતુ જીવ ની જીવાદોરી પ્રકૃતિનાં હાથમાં ચાર મહિના રહે, એટલે કર્મથી બચવું અસંભવ છે! અને તેથી જ આ ચાર મહિના દરમિયાન કેટલાય વ્રત મૂકવામાં આવ્યા છે કે જેના દ્વારા સંયમિત જીવન જીવી શકાય. આ ઉપરાંત ગુરુપૂર્ણિમા જેવા ત્યોહારનું આ સમયગાળા દરમિયાન આવવું એ પણ આપણા હિત માટે છે. કારણ સદગુરુ ના કૃપાના ગુણ મળી શકે, એવી શ્રદ્ધા વધારનારું છે.આમ પણ આ ચાર માસ દરમિયાન ઘણા ધાર્મિક તહેવાર આવે છે, જેનાથી જીવ ધર્મ સાથે જોડાયેલો રહે, અને જીવ ની ભાવના બને તેટલી શુદ્ધ અથવા સારી રહે, આ એક કારણ હોઈ શકે. આપણાં મોટાભાગના ઋષિ-મુનિઓ પણ સંસારી હતાં, અને સંસારમાં ક્યાં ક્યાં તબક્કે જીવના ભ્રમિત થવાના ચાન્સ છે, એ જાણતા હોવાથી, અષાઢથી પ્રકૃતિ જ્યારે આટલી પૂર્ણતાથી ઉન્મુક્ત થયેલી હોય, મેઘ મન મૂકીને પૃથ્વીને સ્નેહથી તરબતર કરી રહ્યો હોય ત્યારે, ભીતરી ધરા પણ પ્રેમની લાગણી અનુભવે, ત્યારે સ્વાભાવિક પણે માનવીનાં આ પ્રકારના કામ ભાવને સમતોલનમાં રાખવો બહુ જ જરૂરી બની જાય છે. સમાજમાં સ્ત્રીનું કામુક થવું એ સમાજના પતનની નિશાની છે, તેથી આ સમયે સ્ત્રીઓ માટે સૌથી વધુ વ્રત, સંયમ, નિયમ, બધી વિધા મૂકવામાં આવી છે. તો કિશોર અવસ્થામાં ગુરુકુળમા શિષ્ય પોતાના ગુરુ પાસે વિદ્યા પ્રાપ્ત કરવા જતાં, ત્યાં તેમના માતા-પિતાની કોઈ પણ પ્રકારની દખલગીરી રહેતી નહીં, અથવા તો એમ પણ કહી શકાય કે, માતા પિતાનો પૂર્ણ ભરોસો રહેતો કે, ગુરુ તેના સંતાનને સારામાં સારી વિદ્યા આપશે, અને એટલે સંયમ નિયમ તથા સત્કર્મના સંસ્કાર એમને મળતા. સનાતન ધર્મમાં આ ચાતુર્માસ દરમિયાન જે કંઈ સમાજ માટે શ્રેષ્ઠ હોય એ રીતે ધર્મ પરંપરા મુકી માટે એક ગાઈડ લાઈન નિશ્ચિત કરવામાં આવી છે, કે જેને અનુસરીને આપણે નિશ્ચિંત થઈ જીવી શકીએ. જય સીયારામ.

**પશુઓનું આકર્ષણ નહીં થયું, તે મંત્રોથી શું શુકદેવજીનું આકર્ષણ નહીં થાય.**

# નદીઓને વહેવા માટે કોઈ રસ્તાની જરૂર નથી તેમ સત્ય કહેવા માટે કોઈ શપથની જરૂર નથી.



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**પ્રસાદ પ્રસાદ કરતાં પેટમાં અજીર્ણ થાય એટલો પ્રસાદ ન લેવાય. ભગવાન યોગી છે અને ભોગી નથી. આ જીવ ભોગી છે, યોગી નથી એટલે ભગવાનછપ્પન ભોગ આરોગે તેમાં વાંધો નહીં, આપણાથી આવું ન થાય. ત્યાગથી અલૌકિક શક્તિ આવે છે વિષયો આપણને છોડીને જાય તો દુઃખ થાય છે,પણ આપણે સમજીને વિષયોને છોડીએ તો આનંદ આવે છે. શુકદેવજીમા સોળ આની વૈરાગ્ય છે એટલે તે ઉત્તમ વક્તા છે.**

રાજયમાં અષાઢી માહોલ જામી રહયો છે ત્યારે કહેવાનું મન થાય કે નદીઓને વહેવા માટે કોઈ રસ્તાની જરૂર નથી તેમ સત્ય કહેવા માટે કોઈ શપથની જરૂર નથી. આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો જન્મ પણ દુઃખ છે વૃદ્ધાવસ્થા પણ દુઃખ,સ્ત્રી પણ દુઃખ છે પણ એથી મોટું દુઃખ મરણ છે માટે વેળાસર ચેતી જાવ આ દુઃખોને રોજ યાદ કરો.રોજ વિચારો કે આજે યમ દૂત મને લેવા આવે તો હું ક્યાં જઈશ નરકમાં,સ્વર્ગમાં કે વૈકુંઠ માં ? મૃત્યુનું નિવારણ કદી શક્ય નથી તો પાપ શા માટે કરા છો? કેટલાક બહુ ડાહ્યા હોય છે. બશેર શાક લેવું હોય તો આખી બજાર ફરી શું લેવું તેનો વિચાર કરે છે, પણ મૃત્યુનો વિચાર કરો છો? મૃત્યુને રોજ યાદ કરો, તો તમારું પાપ છૂટી જશે અને પાપ છૂટી જાય, ત્યારે માનજો કે તમે સંત છો. મનુષ્ય માને છે કે, હું પાપ કરું છું તે કોઈ જોતું નથી. પણ પાપપુણ્યના અનેક સાક્ષી ઓ છે. સૂર્ય,ચંદ્ર,ધરતી,વાયુ બધા સાક્ષી ઓ છે.સૂર્ય,ચંદ્ર,ધરતી,વાયુ બધા સાક્ષીઓ છે. ભગવાનના સેવકો જ્યાં જાવ ત્યાં સાથે જ છે.

સદગુરુ શંકરાચાર્ય સ્વામી દુઃખ પામી કહે છે કે, મનુષ્ય મરવાનું છે તે જાણે છે. એક દિવસ આ બધું છોડીને જવાનું છે તે પણ જાણે છે. તેમ છતાં મનુષ્ય પાપ કરે છે! તે તેમને આશ્ચર્ય થાય છે. છેવટે એ મરણને શરણ થાયછે,તો પણ તે પાપી આચરણ છોડતો નથી. માટે તમારા જીવનને સાચવજો. પરીક્ષિતને અધિકાર સિદ્ધ થયા પછી શુકદેવજી ત્યાં પધાર્યા છે. શુકદેવજીને આમંત્રણ આપવું પડયું નથી.અમે આમંત્રણ આપે આ શુકદેવ આવે તેવા નથી. પરીક્ષિત રાજા જ્યાં સુધી મહેલોમાં વિલાસી જીવન ગાળતા હતા ત્યાં સુધી શુકદેવજી ના આવ્યા પણ તક્ષકના ભયથી સંસાર છોડ્યો કે તરત શુકદેવજી પધાર્યા પરીક્ષિત રાજાને ખાતરી હતી કે,સાત દિવસ પછી મરવાનો છું.

આપણને એ પણ ખબર નથી. જીવન પાણીનો પરપોટો છે. પાણીના પરપોટાને ફૂટી જતાં વાર લાગતી નથી, તેમ જીવનનો અંત આવતાં પણ વાર લાગતી નથી.

પ્રથમ સ્કંધમાં શ્રીમદ્ ભાગવતનું જ્ઞાન પામવાનો અધિકારી કોણ, એ જ્ઞાન આપવાનો અધિકારી કોણ વગેરે બતાવ્યું છે. પ્રથમ સ્કંધમાં ત્રણ પ્રકરણ છેઃ ઉત્તમાધિકાર, મધ્યમાધિકાર અને ત્રીજું કનિષ્ઠાધિકાર પ્રકરણ. શુકદેવજી-પરીક્ષિત ઉત્તમ વક્તા-શ્રોતા, નારદ-વ્યાસ મધ્યમ શ્રોતા વક્તા અને સૂત-શૌનકજી કનિષ્ઠ વક્તા-શ્રોતા.

વ્યાસજી સમાજને સુધારવાની ભાવનાથી કથા કરે છે એટલે કે મધ્યમ વક્તા. બીજાને સુધારવાની ભાવના પ્રભુભજનમાં વિઘ્ન કરે છે.બીજાને સુધારવાની ભાંજગડ માં પડતા નહીં તમે પોતાને સુધારજો.કથા કરતી વખતે શુકદેવજીને ખબર નથી કે, મારી કથા સાંભળવા સામે કોણ કોણ બેઠા છે? શુકદેવજીની કથાથી ઘણાનાં જીવન સુધરે છે, પણ તેનો વિચાર શુકદેવજી કરતા નથી.શંકરાચાર્યે કહ્યું છે કે,બ્રહ્મ જ્ઞાની મહાત્માઓ એક ક્ષણ પણ બ્રહ્મનું ચિંતન છોડી શકતા નથી. આવી દશા શુકદેવજીની છે. જગતમાં બ્રહ્મજ્ઞાની મળી શકે, પણ બ્રહ્મદૃષ્ટિ રાખીને ફરનારા શુકદેવજી જેવા નથી મળતા. કહેણી અને કરણી એક ન હોય, વાણી અને વર્તન એકન હોય,ત્યાં સુધી શબ્દમાં શક્તિ આવતી નથી શુકદેવજી મહારાજ જે બોલ્યાછે તે જીવનમાં ઉતારીને બોલ્યા છે. મેં કર્યું છે.મે અનુભવ્યું છે અને પછી તમને કહું છું. શુકદેવજી ઉત્તમ વક્તા છે કારણ કે વાણી અને વર્તન તેમનું એક છે. આવી વ્યક્તિ વંદનીય છે. એક વખત એકનાથ મહારાજ પાસે એક બાઈ પોતાના પુત્રને લઈને આવી. કહે,મહારાજ મારા પુત્રને ગોળ ખાવાની બહુ ટેવ છે,તે ટેવ છોડી દે તેવા આશીર્વાદ આપો! મહારાજે તે વખતે આશીર્વાદ આપ્યા નહીં, કારણકે પોતે ગોળ ખાતા હતા. તે બાઈને તેઓએ કહ્યું,તમે થોડા દિવસ પછી તમારા પુત્રને લઈને આવજો તે વખતે હું આશીર્વાદ આપીશ. પછી તેઓએ ગોળ ખાવાનું છોડ્યું. થોડા દિવસ પછી પેલી બાઈ પોતાના પુત્રને લઈને આવી. મહારાજે તે વખતે બાળકને આશીર્વાદ આપ્યો.એનું નામ ઉત્તમ વક્તા. વચનસિદ્ધિ અમથી નથી આવતી.

પ્રસાદ પ્રસાદ કરતાં પેટમાં અજીર્ણ થાય એટલો પ્રસાદ ન લેવાય. ભગવાન યોગી છે અને ભોગી નથી. આ જીવ ભોગી છે, યોગી નથી એટલે ભગવાનછપ્પન ભોગ આરોગે તેમાં વાંધો નહીં, આપણાથી આવું ન થાય.

ત્યાગથી અલૌકિક શક્તિ આવે છે વિષયો આપણને છોડીને જાય તો દુઃખ થાય છે,પણ આપણે સમજીને વિષયોને છોડીએ તો આનંદ આવે છે. શુકદેવજીમા સોળ આની વૈરાગ્ય છે એટલે તે ઉત્તમ વક્તા છે.

વ્યાસજીએ એકલીલાનાં પ્રત્યક્ષ દર્શન કર્યાં છે. વ્યાસજીએ અંતર દષ્ટિથી આ બધું જોયું છે. ભગવાનનું સ્વરૂપ અલૌકિક છે. આપણી આંખૌ લૌકિક છે. લૌકિક આંખો અલૌકિક ઈશ્વરને જોઈ શકે નહીં. બહારની આંખ બંધ કર્યા પછી અંતરની આંખ ખૂલે છે, ત્યારે પરમાત્માનાં દર્શન થાય છે,એટલે મહાપ્રભુએ ભાગવતની ભાષાને સમાધિભાષા કહી છે. ઈશ્વરના ધ્યાનમાં જેને થોડો પણ આનંદ મળે છે,તેને ભાગવતનો અર્થ જલદી સમજાય છે.

વ્યાસજીએ અઢાર હજાર શ્લોક નો આ ભાગવતગ્રંથ બનાવ્યો, પરંતુ વ્યાસજીને ચિંતા થઈ. ગ્રંથ તો મેં તૈયાર કર્યો પણ તેનો પ્રચાર કોણ કરશે?જન્મથી જેને માયાનો સંસર્ગ ન થયો હોય એવા નિર્વિકારી જ આ ગ્રંથનો પ્રચાર કરી શકશે. બહુ વિચારને અંતે વ્યાસજીને લાગ્યું કે, આવો લાયક તો મારો પુત્ર છે. એકવાર સવર્શ્રેષ્ઠ નારી શુકદેવજીને ચળાવવા આવી.શુકદેવજીને કહે, તમારું જીવન વૃથા જીવન છે.

શુકદેવજી ઉત્તર આપે છે કે, કોનું જીવન વૃથા છે એ જાણવું છે?તો સાંભળો, કમળના જેવાં જેનાં લોચન છે,કેયૂરના હારોથી જે શોભે છે, એવા પ્રભુ નારાયણની જેણે ભક્તિભાવથી પૂજા ન કરી તેનું જીવન વૃથા છે.એનો અવતાર એળે ગયો. જેના હૃદય-પ્રદેશ પર લક્ષ્મીજી વિરાજે છે,એવા ગરુડ ધ્વજ,ચક્રધારી પરમાત્મા મુકુંદ ભગવાનનું જણે ક્ષણવાર સ્મરણ કર્યુંનથી તેવા મનુષ્યનું જીવન વૃથા ગયું જાણવું.એનો અવતાર એળે ગયો જાણવો.

છેલ્લે શુકદેવજીએ રંભાને કહ્યું, સ્ત્રીનું શરીર આટલું સુંદર અને સુગંધમય હોઈ શકે છે તેમેં આજે જાણ્યું. હવે ફરી જન્મ લેવાનો જન્મ થાય, તો તારા જેવી મા શોધી કાઢીશ.

આવા જન્મસિદ્ધ યોગી છે શુકદેવજી.જન્મ થયો કે તરત તપશ્ચર્યા માટે વન તરફ તેમણે પ્રયાણ કર્યું હતું. શુકદેવજી સદા બ્રહ્મચિંતનમાં લીન રહે છે, તેમને વનમાંથી બોલાવવા કેવી રીતે? તેઓ વનમાંથી ઘરે આવે તો હું ભાગવતશાસ્ત્ર તેને ભણાવું અને પછી તેઓ તેનો પ્રચાર કરે એવો વ્યાસજીને વિચાર આવ્યો.

ભગવાનના સ્વરૂપને કોઈ પામી શક્યું છે? કારણ કે તેને પાર પામવા જતાં મન અને વાણી બેઉ પાછાં પડે છે. વાણી હિંમત કરી તેનું વર્ણન કરવા જાય, પણ મન ન પહોંચે ત્યાં વાણીનું શું ગજું?

શ્રીકૃષ્ણનું સ્વરૂપ અદ્ભુત છે. તે સ્વરૂપે યોગીઓનાં ચિત્તને પણ આકર્ષ્યા છે. તો એ શુકદેવજી જેવા યોગીઓને શું નહીં આકર્ષે? શુકદેવજી નિર્ગુણ બ્રહ્મના ચિંતન માં લીન છે,તેનાથી તેનું ચિત્ત હટાવવા અને સગુણબ્રહ્મ તરફ તેને વાળવા શ્રીકૃષ્ણલીલાના શ્લોકો તેમને સંભળાવવા જોઈએ આ શ્લોકોની જાદુઈ અસરની વ્યાસજીને ખાતરી થઈ હતી.

જંગલમાં હિંસક પ્રાણી હતા, તેથી વ્યાસજીના શિષ્યોજંગલમાં દર્ભસમિધ લેવા જતાં ડરતાં. વ્યાસજીએ કહ્યું કે તમને બીક લાગે,ત્યારે આ ભાગવતના શ્લોક બોલજો.શ્રીકૃષ્ણ મારી સાથે છે એવો વિચાર કરજો.તે પછી ઋષિકુમારો જ્યારે વનમાં જાય છે ત્યારે આ શ્લોકો બોલે, વનમાં હિંસક પશુઓ વાઘ,સિંહ બધા વૈરને ભૂલી શાંત બની જતાં. વ્યાસજી વિચારે છે કે, જે મંત્રોથી

પશુઓનું આકર્ષણ નહીં થયું, તે મંત્રોથી શું શુકદેવજીનું આકર્ષણ નહીં થાય.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત,હવે ગરમી બફારાથી છુટકારો મળે તેવી આશા બંધાઈ છે, ઉત્તર પશ્ચિમ વિસ્તારમાં મેઘરાજાનું આગમન ક્યાંક ધીમી તો ક્યાંક તેજ ગતિ એ થયું છે.ખેડૂતો હવે

# રાજકુમાર રાવ અને માનુષીની જોડી 'માલિક'ને ફળશે?

**ટ્રેલર પરથી લાગે છે કે આ ફિલ્મમાં રાજકુમારનું પાત્ર એ 'એનિમલ'ના રણબીર અને 'રઈસ'ના શાહરુખનું મિશ્રણ છે**

રાજકુમાર રાવ એકધારા રોલ કરી રહ્યો છે અને તેની પ્રતિભા સામાન્ય રોલ કરવામાં વેડફાઈ રહી હોવાની ચર્ચા લાંબા સમયથી ચાલતી હતી. હવે તેની એક નવી ફિલ્મનું ટ્રેલર લોંચ થયું છે. 'માલિક'માં તે એક ક્યારેય જોવા ન મળ્યો હોય એવા અવતારમાં આવ્યો છે, આ એક થ્રિલર ફિલ્મ છે. આ ફિલ્મથી રાજકુમારના ફેન્સે આશા છે કે તે સાબિત કરી દેશે કે રાજકુમાર કોઈ પણ રોલ કરી શકે છે. મોટા પડદાં પર તેનું અત્યાર સુધીનું સૌથી મજબુત પાત્ર જોવા મળશે.ટ્રેલર પરથી લાગે છે કે આ ફિલ્મમાં રાજકુમારનું પાત્ર એ 'એનિમલ'ના



રણબીર કપૂર અને 'રઈસ'ના શાહરુખનું મિશ્રણ છે. અદાભરી ચાલ, મજબુત અને ધારદાર ડાયલોગ્ઝ રાજકુમાર એવી રીતે રજુ કરે છે કે જાણે જોવા વાળાને કંપારી છુટૂ જાય. આ ટ્રેલર એક જોરદાર ડાયલોગ સાથે શરૂ થાય છે, જેમાં રાજકુમાર ફિલ્મમાં તેના પિતા સાથે વાત કરી રહ્યો છે. એ કહેતો હોય છે, "મજબૂર બાપ કા બેટા હૈ, કિસ્મત થી હમારી. પર આપકો મજબુત બેટા કા બાપ બનના પડેગા, કિસ્મત હૈ આપકી."ભરપુર આત્મવિશ્વાસ અને સરળતાથી તે બંદૂક પકડીને ઉભો છે અને પછી ગોળી ચલાવે છે અને પછી ચાલી નીકળે છે. એમાં જ એ દર્શકોનાં દિલ જીતી ગયો હોય એવું લાગે છે. વધી ગયેલી દાઢી અને મૂછ તેના પર બહુ સારી લાગે છે. એવું લાગે છે કે દર્શકો તેના આ દેસી અવતારનાં પ્રેમમાં પડી જશે.આ ફિલ્મમાં બ્યુટી ક્વીન માનુષી છિલ્લર અને રાજકુમાર રાવની જોડી છે, આ જોડી પણ દર્શકો માટે બિલકુલ નવી છે. આ જોડી પણ ઘણી તાજગીસભર લાગે છે, તો આ જોડી શું લાવે છે, તે જોવામાં પણ ઘણાને રસ છે. પહેલી વખત માનુષી ગ્લેમરસ નહીં, પણ કોઈ દેસી અવતારમાં જોવા મળશે. આ ફિલ્મમાં અલાહાબાદનાં એક ગેંગ્સ્ટરની વાત છે, જે ધીરે ધીરે અન્ડરવર્લ્ડની દુનિયામાં પોતાનું સ્થાન બનાવે છે. ક્રાઈમ, થ્રિલર અને રોમાન્સ ધરાવતી કુમાર તોરાની અને શેવાક્રમણીની આ ફિલ્મ ૧૧ જુલાઈએ થિએટરમાં રિલીઝ થશે, જેમાં આ બે કલાકારો સાથે પ્રોશોનજીત ચેટર્જી પણ છે.

# માતૃત્વનો દંડ અને પિતૃત્વના ફાયદા જેવી સ્થિતિ પ્રવર્તી રહી છે : કોંકણા

અનુરાગ બાસુની લોકપ્રિય ફિલ્મ 'લાઈફ ઈન મેટ્રો'ની સિક્વલ 'મેટ્રો ઈન દિનોં..' આવી રહી છે, જેમાં વિવિધ શહેર અને ઉંમરનાં લોકો વચ્ચેની લવ સ્ટોરી જોવા મળશે. આગળની ફિલ્મમાં કોંકણા સેનની જોડી ઈરફાન ખાન સાથે હતી, જ્યારે આ ફિલ્મમાં હવે કોંકણાની જોડી પંકજ ત્રિપાઠી સાથે છે. ત્યારે આ ફિલ્મ પહેલાં તેણે એક ઈન્ટરવ્યુમાં મધરહૂડ, વર્કલાઈફ બેલેન્સ અને પંકજ ત્રિપાઠી સાથે કામ કરવાના અનુભવ વિશે વાત કરી હતી. આ ફિલ્મમાં પંકજ ત્રિપાઠી અને કોંકણા સેન ઉંમરના મધ્યાહ્ને પહોંચી ગયેલાં એક કપલનો રોલ કરે છે. આ અંગે કોંકણાએ કહ્યું, લગ્નના દસ-બાર વર્ષ પછી, જ્યારે તમારે બાળકો હોય, હપ્તા હોય, બાળકોની સ્કૂલની ફી ભરવાની હોય, તમારી નોકરીઓ હોય અને ત્યારે તમે ઘરની જવાબદારીઓ અને તેના પગલે આવતી મુશ્કેલીઓથી ઘેરાઈ જાવ છો.ઘણા દંપતિ આ પડકારોનો સામનો કરે છે. ૧૦-૧૨ વર્ષ પછી શરૂઆતનો ઉત્સાહ, રોમાંચ ગાયબ થઈ જાય છે. પરિસ્થિતિ બદલાઈ જાય છે. અનુરાગે આ વાતને ઘણી સંવેનશીલતા અને હળવાશથી બતાવી છે. ઘણા કપલ તેનાથી પોતાની જાતને જોડી શકશે.વર્ક લાઈફ બેલેન્સ અંગે વાત કરતા કોંકણાએ કહ્યું કે આજના દિવસોમાં અને આ ઉંમરે, દરેક ઈન્ડસ્ટ્રીમાં માતૃત્વના દંડ જેવી સ્થિતિ છે, માત્ર એન્ટરટેઈન્મેન્ટ



ઈન્ડસ્ટ્રીમાં નહીં. "તેને ફાધરહૂડ પ્રીમિયમ અને મધરહૂડ પેનલ્ટી કહેવાય છે."પંકજ ત્રિપાઠી સાથે કામ કરવાના અનુભવ વિશે કોંકણાએ કહ્યું, "મને લાગે છે કે અનુરાગ સાથે કામ કરવામાં બધું સહજ લાગે છે. મને લાગે છે કે તેનાં બધાં જ કલાકારોને આવું જ લાગતું હશે, કમ સે કમ આ ફિલ્મમાં તો ખરું જ. અનુરાગના સેટ પર બધું બહુ સરળ લાગે છે એ એનો ગુણ છે. એ બહુ સારો વ્યક્તિ છે. તેના સેટ પર કોઈ સ્ટ્રેસ નથી હોતો એટલે એની સાથે કામ કરવાનું સરળ રહે છે. મને લાગે છે એ સારી વાત છે અને બધા આ માહોલમાં જ શ્રેષ્ઠ કામ કરી શકે છે."આ ફિલ્મના પાત્ર વિશે વાત કરતા કોંકણાએ કહ્યું, "આ બહુ મજાની વાત છે, કારણ કે આપણે જે પાત્ર કરતાં હોય એમાં આપણી જાતને જોઈ શકીએ એવું બહુ ઓછું લાગે છે.

# મેં પણ સાંભળ્યું કે હવે અમારું ફાઇન ટ્યુનિંગ થઈ ગયું છે : સુનિલ શેટ્ટી

'હેરા ફેરી ૩'માંથી પરેશ રાવલની એક્ઝિટ આ ફિલ્મના દરેક ચાહક માટે એક મોટો આંચકો હતી. થોડાં વખત પહેલાં પરેશ રાવલે એક ઈન્ટરવ્યુમાં તેઓ બાબુ રાવનો રોલ કરીને અને એમાં એક કલાકાર તરીકે કશું નવું ન મળતાં કંટાળ્યા હોવાનું અને આ રોલ તેમના માટે ગળાનો ફંદો બની ગયો હોવાની વાત કરી હતી. તેમણે એવું પણ કહ્યું હતું કે તેઓ આ રોલની છાપમાંથી બહાર નીકળવા માટે કેટલાક ડિરેક્ટરને નવી ફિલ્મ બનાવવા માટે મળ્યા પણ હતા. છતાં તેમણે જ્યારે આ ફિલ્મ છોડી ત્યારે



ઘણાને ખરાબ લાગ્યું હતું. પરેશ રાવલ પર અક્ષય કુમારના પ્રોડક્શન હાઉસે નુકલાનીનો દાવો પણ માંડ્યો હતો. બંને કોર્ટમાં લડત માટે તૈયાર થઈ ગયા હતા. બીજી તરફ બાબુ રાવનો રોલ પંકજ ત્રિપાઠી કે સંજય મિશ્રામાંથી કોણ કરશે, તેની પણ ચર્ચા શરૂ થઈ ગઈ હતી. ત્યારે પરેશ રાવલે જ્યારે ફરી ફિલ્મમાં જોડાયાની વાત કરી ત્યારે આ ફ્રેન્ચાઈઝીની ફિલ્મના દરેક ચાહકને આનંદ થયો હતો અને તેઓ ફરી ઉત્સાહમાં આવી ગયા હતા. તેણે કહ્યું હતું કે એકસાથે ઘણા ક્રિએટીવ લોકો ભેગાં થાય તો ઘણી વખત ફાઈન ટ્યુનિંગ થવામાં વાર લાગે છે.પ્રિયદર્શનની આ ફિલ્મમાં અક્ષય કુમાર, પરેશ રાવલ અને સુનિલ શેટ્ટીની ત્રિપુટી ફરી જોવા મળશે. ત્યારે હવે સુનિલ શેટ્ટીએ આ અંગે ખુશી વ્યક્ત કરી છે. તાજેતરમાં સુનિલ શેટ્ટી સાઈ બાબાના દર્શને શિરડી ગયા હતા. ત્યારે એક ઈન્ટરવ્યુમાં સુનિલ શેટ્ટીએ પરેશ રાવલના પાછા ફરવા પર ખુશી વ્યક્ત કરતા કહ્યું, "હું પણ સાંભળું છું કે ફાઈન ટ્યુનિંગ થઈ ચુકી છે. હવે તો ફિલ્મની રિલીઝ પછી જ વાત કરીશ, એના પહેલાં હેરા ફેરી વિશે વાત જ નહીં કરું."ફિલ્મ વિશે વાત કરતા સુનિલ શેટ્ટીએ જણાવ્યું કે હેરા ફેરી ૩માં તેનો આત્મા જળવાઈ રહેશે. આ ફિલ્મ એવી હશે, જે બધાં એકસાથે બેસીને જોઈ શકે અને કોઈ ચિંતા વિના એકસાથે ખુલીને હસી શકે. સુનિલે કહ્યું, "આગળના બે ભાગની જેમ આ ફિલ્મ પણ એક પારિવારિક ફિલ્મ હશે.

# એક્ટ્રેસ સ્મૃતિ ઇરાનીએ સિક્યોરિટી સાથે ક્યોંકિ સાસનું શૂટિંગ શરૂ કર્યું



એકતા કપૂરનો લોકપ્રિય ટીવી શો ક્યોંકિ સાસ ભી કભીની સીઝન ટુ લાંબા સમયથી ચર્ચામાં છે. હવે અપડેટ છે કે, આ શોનું શૂટિંગ શરૂ થઈ ગયું છે. સ્મૃતિ ઈરાનીફરી સેટ પર આવી ગઈ છે અને તેને ઝેડ પ્લસ સિક્યોરિટી પણ આપવામાં આવી છે. સેટ પર સુરક્ષા પ્રોટોકોલ હેઠળ મોબાઈલ ફોનનું ટેપિંગ કરવામાંઆવશે. અમર ઉપાધ્યા, સ્મૃતિ ઈરાની અને એકતા કપૂરને છોડીને સેટ પરના તમામ લોકોનો મોબાઈલ ફોનના ઉપયોગથી રોક્વામાં આવશે. સૂત્રે એમ પણ દાવો કર્યો છે કે, સ્મૃતિ ઈરાનીને ઝેડ પ્લસ સિક્યોરિટી સેટ પર આપવામાં આવી છે.એક દાવો એવો પણ કરવામાં આવ્યો છે કે, ક્યોંકિ સાસ ભી કભી બહુથીની બીજી સીઝન ૧૫૦ એપિસોડની હશે.ઉલ્લેખનીય છે કે, આ શોમાં સ્મૃતિ ઈરાનીએ તુસલીના પાત્રમાં ઘર-ઘરમાં પોતાની અનોખી ઓળખ બનાવી હતી. આ શોની પહેલી સીઝન ૨૦૦૦માં શરૂ કરવામાં આવી હતી અને ૨૦૦૮માં આ શો પુરો કરવામાં આવ્યો હતો.

# ક્લાસિક કાસ્ટ સાથે 'ધ ડેવિલ વેર્સ પ્રાડા ૨'નું કામ ચાલુ

**ફિલ્મના અંતે એન્ડી આ મેગેઝીનની જોબ છોડી દેવાનો નિર્ણય લે છે અને પેરિસ વીકમાંથી લાવેલાં પોતાનાં બધાં જ ડ્રેસ એમિલીને આપી દે છે**

'ધ ડેવિલ વેર્સ પ્રાડા'નામ સંભળાતાંની સાથે એન હેથવે અને મેરિલ સ્ટ્રીપ નજર સામે આવે છે, આ ફિલ્મ આવી તેને લગભગ ૨૦ વર્ષ જેટલો સમય વિતી ગયો છે. છેલ્લાં કેટલાંક વખતથી આ ફિલ્મની સિક્વલ અંગે ચર્ચાઓ થતી હતી, તો ક્યારેક તેની પહેલી કાસ્ટમાંથી અમુક કલાકારો આ ફિલ્મમાં નહીં જોડાઈ શકે એવી પણ ચર્ચાઓ હતી. ત્યારે હવે અંતે આ ફિલ્મની સિક્વલનું શૂટિંગ શરૂ થઈ ગયું



છે. ડિઝનીના ટ્વેન્ટીએથ સેન્ચુરી સ્ટુડિયોઝ પોતાના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ પેજ પર આ અંગે જાહેરાત કરવામાં આવી છે. ખુશીની વાત એ છે કે એમાં જુની ફિલ્મમાંથી મેરિલ સ્ટ્રીપ, એન હેથવે, એમિલિ બ્લન્ટ અને સ્ટેનલી ટુશી હશે જ. આ ફિલ્મ અંગેના કેટલાંક અહેવાલો અનુસાર સુત્રો દ્વારા એવી માહિતી મળી છે કે, આ ફિલ્મમાં એન્ડી એટલે કે એન હેથવેના બોય ફ્રેન્ડનું પાત્ર કરતો નેટ કૂપર, જે એડ્રિઅન ગ્રીનર દ્વારા કરવામાં આવ્યું હતું, તે સિક્વલમાં નહીં હોય. પહેલી ફિલ્મના અંતે નેટ અને એન્ડી વચ્ચે સમાધાન તો થઈ ગયું હતું, એન્ડીએ કહ્યું હતું કે તે નેટ સાથે રહેશે અને નેટ બોસ્ટન જઈ રહ્યો હતો, કોઈ એક રેસ્ટોરન્ટના શેફ તરીકે. સિક્વલમાં એન હેથવે, મેરિલ સ્ટ્રીપ, એમિલિ બ્લન્ટ, સ્ટેનલી ટુશી ઉપરાંત ડિરેક્ટર ડેવિડ ફ્રેંકેલ અને પ્રોડ્યુસર વેન્ડી ફાનરમેન પણ યથાવત રહ્યા છે. તે ઉપરાંત નવી ફિલ્મમાં કેનિથ બ્રેને પણ જોડાશે. સિક્વલમાં તે મિરાન્ડા પ્રિસ્ટલીના પતિના રોલમાં જોવા મળશે. પહેલા ભાગમાં એક મહત્વનો સીન હતો, જ્યાં તેણે કહ્યું હતું કે તેના ત્રીજા પતિએ તેની સામે ડિવોર્સનો કેસ કર્યો છે. આ એક માત્ર એવો સીન હતો,



સલમાન, આમિર અને શાહરુખ સાથે ફરવા જવા માગે છે

# કોઇ અમને ઓળખી ન શકે એવી જગ્યાએ ફરવા જવું છે : સલમાન

બોલિવૂડ ઈન્ડસ્ટ્રીની ખાન ત્રિપુટી અને તેમની વચ્ચેની દોસ્તીની હંમેશા ચર્ચા થતી રહે છે, તેમના એકસાથે કાસ્ટિંગ અંગે પણ ઘણા ફૅન્સ માગણી કરતા રહે છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં પણ આમિરે ખાને કહ્યું હતું કે તેઓ ત્રણેય એકબીજાના ઘેર બેઠક કરતા હોય છે. ત્યારે હવે સલમાને એવું કહ્યું છે કે તેઓ ત્રણેય એકસાથે ફરવા જવાનું આયોજન કરી રહ્યા છે. તેના માટે તેઓ કોઈ એવી જગ્યાની શોધમાં છે, જ્યાં તેમને કોઈ ઓળખે નહીં. તાજેતરમાં સલમાન ખાન નેટફ્લિક્સ પર કપિલ શર્માના શોમાં આવ્યો હતો. તેમાં સલમાને જણાવ્યું હતું કે ખરેખર તો આમિરનો આ વિચાર હતો કે તે સલમાન અને શાહરુખ સાથે ક્યાંક જવા માગે છે, જ્યાં તેમને કોઈ ઓળખે નહીં. કપિલ શર્માને આ અંગે વાત કરતા સલમાને કહ્યું, "શાહરુખ, હું અને તેણે સાથે કોઈ એકાદી ટ્રીપ કરવી જોઈએ. તો અમે કંઈક વિચારી રહ્યા છીએ. એક એવી જગ્યા, જ્યાં અમને કોઈ ઓળખે નહીં."જોકે, આ શો પર જજ તરીકે રહેતી અર્ચના પુરણસિંહે આ પ્રકારના કોઈ પ્લાન અંગે શંકાઓ વ્યક્ત કરી હતી. તેણે કહ્યું, " મને નથી લાગતું આ ગ્રહ પર આવી કોઈ જગ્યા હોય." તેણે કહ્યું હતું કે આ ત્રણ સ્ટાર દુનિયાભરમાં જાણીતા છે. સલમાને ત્રણેય સાથે કોઈ ફિલ્મમાં કામ કરવાના હોવાની ચર્ચાઓ અંગે પણ વાત કરી હતી. કપિલે આમિરના તાજેતરના ત્રણેયની સાથે ફિલ્મ કરવા અંગેની વાત વિશે પણ સમાનને પૂછ્યું હતું કે તેઓ સાથે એક ફિલ્મમાં કામ કરવા માગે છે, તેમની શું ઈચ્છા છે અને તેના માટે યોગ્ય સ્ક્રીપ્ટ મેળવવામાં તેમની સામે શું પડકારો છે. આ અંગે સલમાને બેફિકરો જવાબ આપ્યો હતો, "એમને પ્રયત્ન કરવા દો. જ્યારે થશે ત્યારે થશે."સલમાને આમિરના ૬૦મના જન્મ દિવસના કાર્યક્રમ અંગે પણ વાત કરી હતી. તે એ વખતે આ પ્રકારની ફિલ્મ અંગે ઘણો ઉત્સાહીત હતો. કારણ કે આમાં માત્ર જુના દિવસો યાદ કરવાની વાત નથી પરંતુ ત્રણે ખાને ક્યારેય સાથે કામ નથી કર્યું એ હકિકત પણ છે. આમિર અને સલમાને પણ છેક ૧૯૯૪માં 'અંદાઝ અપના અપના'માં કામ કર્યું હતું, પરંતુ આમિર અને શાહરુખે ક્યારેય સાથે કામ કર્યું નથી. જો શાહરુખ અને સલમાનની વાત કરવામાં આવે તો,

**છેલ્લે ૨૦૨૩માં રણવીરની 'રોકી ઔર રાની કી પ્રેમ કહાની' આવી હતી**

# મેડોકના સ્ત્રી યુનિવર્સની હોરર કોમેડીમાં હવે રણવીરની એન્ટ્રી



**સુત્રના જણાવ્યા અનુસાર, "રણવીર મહેબુબ સ્ટુડિયોમાં કોઈ સ્પેશિયલ પ્રોજેક્ટ માટે કામ કરી રહ્યો છે"**

મેડોકનું હોરર કોમેડી યુનિવર્સ ધીરે ધીરો મોટું થઈ રહ્યું છે, જે રીતે રોહિત શેટ્ટીનું કોપ યુનિવર્સ અને યશરાજનું સ્પાય યુનિવર્સ છે, તેમ હવે સ્ત્રીનું હોરર કોમેડી યુનિવર્સ પણ દેશમાં ઘણું લોકપ્રિય થઈ રહ્યું છે. હવે તેમાં રણવીર સિંહ પણ જોડાયો છે.હવે એવા અહેવાલો આવી રહ્યા છે કે રણવીર માટે દિનેશ વિજાન વધુ એક હોરર કોમેડી પ્રોડ્યુસ કરી રહ્યા છે. હોરર કોમેડી યુનિવર્સમાં રણવીરની આ પહેલી એન્ટ્રી છે આ અહેવાલોથી જ મેડોક અને રણવીરના ફૅન્સ ખુશ થઈ ગયાં છે. મેડોકની આગળની ફિલ્મ 'સ્ત્રી', 'રુહી', 'ભેડિયા' અને 'મુંજ્યા'ની જેમ આ ફિલ્મમાં પણ થ્રિલ અને કોમેડી બંને હશે.છેલ્લે ૨૦૨૩માં રણવીરની 'રોકી ઔર રાની કી પ્રેમ કહાની' આવી હતી, આમ તેની કોઈ ફિલ્મ જોવા મળી હોય એને બે વર્ષ થઈ ગયાં છે, જો કે વચ્ચે તેની એક ઝલક 'સિંઘમ અગેઈન'માં મળી હતી. પરંતુ તે હિરો હોય એવી ફિલ્મને બે વર્ષ થઈ ચૂક્યા છે. એવું લાગે છે કે તે કોઈ મોટા પ્રેજેક્ટ સાથે જોડાવા જઈ રહ્યો છે. રણવીર સિંહ પહેલાંથી જ આદિત્ય ધરની 'ધુરંધર'માં કામ કરી રહ્યો છે. તેના પછી તેની પાસે વધુ એક મોટી ફિલ્મ છે. આ અંગે સુત્રના જણાવ્યા અનુસાર, "રણવીર મહેબુબ સ્ટુડિયોમાં કોઈ સ્પેશિયલ પ્રોજેક્ટ માટે કામ કરી રહ્યો છે." દોકે, સુત્રએ આ ઉપરાંત કોઈ માહિતી આપી નહીં. રણવીર સાથે ધુરંધરમાં અર્જૂન રામપાલ, સંજય દત્ત, અક્ષય ખન્ના અને આર માધવન પણ છે. આ ઉપરાંત તે 'ડોન ૩'માં પણ કામ કરી રહ્યો છે, આ ફિલ્મ ફરહાન અખ્તર બનાવશે. આ બે ફિલ્મ અંગે તો જાહેરાત થઈ ચૂકી છે. એ ઉપરાંત તે શક્તિમાન કરશે એવી ચર્ચાઓ પણ અવાર નવાર થયા કરે છે. પરંતુ આ અંગે હજુ કોઈ કન્ફર્મેશન મળ્યું નથી. માટે કામ કરી રહ્યો છે." દોકે, સુત્રએ આ ઉપરાંત કોઈ માહિતી આપી નહીં. રણવીર સાથે ધુરંધરમાં અર્જૂન રામપાલ, સંજય દત્ત, અક્ષય ખન્ના અને આર માધવન પણ છે. આ ઉપરાંત તે 'ડોન ૩'માં પણ કામ કરી રહ્યો છે, આ ફિલ્મ ફરહાન અખ્તર બનાવશે. આ બે ફિલ્મ અંગે તો જાહેરાત થઈ ચૂકી છે. એ ઉપરાંત તે શક્તિમાન કરશે એવી ચર્ચાઓ પણ અવાર નવાર થયા કરે છે. પરંતુ આ અંગે હજુ કોઈ કન્ફર્મેશન મળ્યું નથી.

# 'બોર્ડર ૨'માં હાજરી કન્ફર્મ કરવા દિલજીતે વીડિયો દર્શાવ્યો

**દિલજિતની 'સરદાર ૩'થી થયેલા વિવાદને કારણે તે બોર્ડરમાંથી ડ્રોપ થયો હોવાની ચર્ચા હતી**

જ્યારથી દિલજિત દોસાંજની 'સરદાર ૩' આંતરરાષ્ટ્રિય સ્તરે રિલીઝ થઈ અને ભારતમાં તેની રિલીઝ અટકાવી દેવાઈ ત્યારથી આ ફિલ્મના કારણે વિવાદ થયો છે. તેમાં ખાસ તો દિલજિત અને તેની દેશભક્તિ અંગે પણ સોશિયલ મીડિયા પર ઘણા સવાલ ઉઠ્યા છે. આગળ જ્યારે ફિલ્મ આર્ટિસ્ટની એક સમિતિએ માત્ર તેનો વિરોધ જ નહીં પણ પાકિસ્તાની એક્ટ્રેસ સાથે કામ કરવા બદલ દિલજિત પર પ્રતિબંધ મુકવાની પણ માગ કરી હતી.તેના પર પ્રતિબંધની માગણી અને વિરોધના પગલે 'બોર્ડર ૨' જેવી સેના આધારીત અને દેશભક્તિની ફિલ્મમાંથી દિલજિતને કાઢવાની પણ વાત હતી. આથી પણ આગળ વધીને એવી ચર્ચા શરુ થઈ ગઈ હતી કે દિલજિતને આ ફિલ્મમાંથી કાઢીને હવે તેના બદલે એમી વિર્કને લેવાયો છે. પરંતુ હવે દિલજિતે માત્ર એક જ સોશિયલ મીડિયા પોસ્ટથી આ બધી ચર્ચાઓને અફવા સાબિત કરી દીધી છે. આ પંજાબી ગાયક અને અભિનેતા દિલજિતે પોતાના સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો છે, જેમાં



તેને ફિલ્મમાંથી કાઢ્યો હોવાની બધી જ વાત ખોટી સાબિત થઈ. તેણે ઈન્સ્ટાગ્રામ પર ઈન્ડિયન એરફોર્સના યુનિફોર્મમાં 'બોર્ડર ૨'ના સેટ પરથી એક બિહાઈન્ડ ધ સીન વીડિયો શેર કર્યો છે. જેની કૅપ્શનમાં માત્ર એટલું લખ્યું છે, 'બોર્ડર ૨'.આ વીડિયોમાં ફિલ્મનું સૌથી યાદગાર અને લોકપ્રિય ગીત 'સંદેસે આતે હૈ' પણ બેકગ્રાઉડમાં સંભળાય છે. વીડિયોમાં દિલજિત વેનિટી વાનમાંથી નીકળીને સેટ પર જતો દેખાય છે, જ્યાં બીજા કેટલાંક કલાકારો તેને નમસ્તે કહીને તેનું સ્વાગત કરે છે. આ એક ગીતનું શૂટિંગ હતું, જેમાં દિલજિત અન્ય કલાકારો સાથે ડાન્સ કરતો પણ દેખાય છે. આ ફિલ્મમાં દિલજિતની પસંદગી ઈન્ડિયન એર ફોર્સ ઓફિસર નિર્મલ જીત સિંઘ સિખોંના રોલમાં છે. જેઓ એક માત્ર એરફોર્સ ઓફિસર છે, જેમને ૧૯૭૧ના યુદ્ધ પછી શ્રીનગર એર બેઝ પર એકલા હાથે લડવા બદલ પરમવીર ચક્ર મળ્યું છે. તેની પાર્ટનરના રોલમાં સોનમ બાજવાને લેવાઈ છે. આ ફિલ્મમાં પણ સની દેઓલ લીડ રોલમાં છે. આ સિવાય 'બોર્ડર ૨'માં વરુણ ધવન અને અહાન શેટ્ટી પણ મહત્વના રોલમાં છે. કેસરી ફિલ્મ ફેમ ડિરેક્ટર અનુરાગ સિંગ આ ફિલ્મ ડિરેક્ટ કરી રહ્યા છે તેમજ જે પી દત્તા, નિધિ દત્તા અને ભુષણ કુમાર

# ઝાલોદ તાલુકામાં માછણ નદીના કીનારે સનાતન ધર્મના પ્રતિક સમું દ્વાપર યુગમા બનેલ પૌરાણિક ધામ એટલે પંચકૃષ્ણ મંદિરએ વિકાસથી વંચિત

### લોકવાયકા પ્રમાણે દ્વાપર યુગમાં પાંડવો દ્વારા અગ્યાર મંદિરનું નિર્માણ







। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩ ।

ઝાલોદ તાલુકાના થેરકા મુકામે આવેલ પંચકૃષ્ણ મંદિર જે માછણ નદીના કિનારે તેમજ પ્રાકૃતિક સૌંદર્ય થી શોભતુ આ મંદિર દ્વાપર યુગમાં બનેલ હોવાનું સાક્ષી સ્વરૂપે વર્તમાનમાં પાંડવો દ્વારા નિર્મિત મંદિરોનો જીર્ણ સીર્ણ સાક્ષી સ્વરૂપે મધ્યમાં વિષ્ણુ મંદિર તેની નજીકમાં સામ સામે ગણેશ અને શિવ પાર્વતી મંદિર તથા વિષ્ણુ મંદિરની પાછળ વિષ્ણુ ભગવાનના અવતારોના સાક્ષી સ્વરૂપે વામન અવતાર, વરાહ અવતાર, મત્સ્ય અવતાર, નરસિંહ અવતાર જેવા અવતારોના ખંડિત મૂર્તિના અવશેષો દ્વાપર યુગની ઝલક આપી રહ્યા છે આવા પૌરાણિક અને હેરીટેજ પંચકૃષ્ણ ધામનુ પુરાતત્વ વિભાગ તથા પર્યટન વિભાગ દ્વારા વિકાસ માટે ભારે ઉદાસીનતા જોવા મળી રહેલ છે. મંદિરની કુદરતી સંપદા સોળે કળાએ ખીલેલી જોવા મળે છે ત્યારે ઈતિહાસના સાક્ષી સમા આ પંચકૃષ્ણ ધામ ભવ્ય બનીને આદિવાસી વિસ્તારનું એક ઐતિહાસિક પર્યટક સ્થળ બને તેવી લોકમાંગ ઉભી થઈ રહેલ છે. પહેલા પૌરાણિક સમયમાં પંચમહાલ અને દાહોદનો આ વન વિસ્તાર હીડીંબા વન તરીકે પ્રચલિત હતો. જે ઈતિહાસ પુનઃ સોળે કળાએ ખીલી ઉઠે તે માટે આ મંદિરનો પૂર્ણ વિકાસ ખૂબ જરૂરી છે ત્યારે નગરના એક સેવા ભાવિ નાગરિક તેમજ સનાતન અપાર શ્રદ્ધા ધરાવનાર જીતેન્દ્ર આચાર્ય દ્વારા આ મંદિરના વિકાસ માટે વિષ્ણુ મંદિરની દિવાલોનુ પ્લાસ્ટર તથા હનુમાનજી મંદિરનું શિખર તેમજ બંને મંદિરોનુ સભા મંડપ બનાવવાનું કાર્ય હાલ ચાલી રહેલ છે અને વર્ષો અગાઉ નગરપાલિકાના સહયોગથી દર્શનાથીઓની સગવડતા માટે એક મોટો હોલ બનાવવામાં આવેલ હતો. તથા પુરાતત્વ વિભાગ દ્વારા એક ઉપવન બનાવવામાં આવેલ હતું પરંતુ જવાબદાર તંત્રની અજગર આળસના કારણે આ ઐતિહાસિક ધરોહર વિલુપ્ત ન થાય તેવો એક ડર શ્રદ્ધાળુઓમા છે.

મંદિરના પ્રાંગણમાં વિષ્ણુ મંદિરની સન્મુખ એક શિલાલેખ કે જેમાં વિક્રમ સંવત ૧૩૬૬ નો ઉલ્લેખ કરીને ઈતિહાસની સાક્ષી પૂરી રહેલ છે. પાંડવોના અજ્ઞાતવાસ દરમિયાન કૃષ્ણ ભગવાન અહીંયા પાંડવોને મળવા આવેલ હોવાની લોકવાયકા પ્રચલિત છે ત્યારથી આ ધામને પાંડવ અને કૃષ્ણના મિલન તરીકે પંચકૃષ્ણ નામ પડેલ છે. ત્યારે આવી દ્વાપર કાલીન ,પૌરાણિક , ઐતિહાસિક આ ધરોહરને સ્થાનિક તંત્ર, પુરાતત્વ વિભાગ તથા પર્યટન વિભાગ આ મંદિરના વિકાસના કામમાં પરોવાય તેવી પ્રત્યેક સનાતનીયોની પ્રચંડ લાગણી અને માંગણી છે. વર્ષોથી આ મંદિરની સેવા પૂજા સુનિલભાઈ સંગાડા અને તેના પરિવારજનો કરતા આવેલ છે. જો વિસ્તારનો પૂર્ણ વિકાસ થાય તો છેવાડાના આદિવાસી વિસ્તારનો આ મંદિર થકી પર્યટન દ્વારા વિવિધ આજીવિકાઓ ઉભી થાય તેવી અપાર સંભાવનાઓ છે.

# થાળા ગામમાં મનરેગા યોજના અંતર્ગત મોટાપાયે ભ્રષ્ટાચાર

### થાળા ગામમાં નિયમો નેવે મૂકીને મૃત્યુ પામેલા વ્યક્તિઓના નામે પણ પૈસા ચડાવવામાં આવ્યા છે

। (પ્રતિનિધી) ભાવનગર,તા.૩ ।

ભાવનગરના શિહોર તાલુકાના થાળા ગામમાં મનરેગા યોજના અંતર્ગત મોટાપાયે ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. આ કૌભાંડમાં મૃત્યુ પામેલા લોકોના નામે પણ રોજગારી દર્શાવી, તેમના બેંક ખાતામાં પૈસા જમા કરાવી ઉપાડી લેવાયા હોવાનું બહાર આવ્યું છે. લગભગ ૯ લાખ રૂપિયાના મનરેગાના કામમાં ૪ લાખ રૂપિયાથી વધુનો ગોટાળો થયો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે.સરકારી મનરેગા યોજના અંતર્ગત જોબ કાર્ડ ધરાવતા લોકોને રોજગારી આપવાની હોય છે. પરંતુ થાળા ગામમાં નિયમો નેવે મૂકીને મૃત્યુ પામેલા વ્યક્તિઓના નામે પણ પૈસા ચડાવવામાં આવ્યા છે. આશ્ચર્યજનક રીતે ૨૦૧૫માં અવસાન પામેલા લોકોના ખાતામાં પણ ૨૦૧૯માં પૈસા જમા કરાવવામાં આવ્યા હતા અને બાદમાં તે ઉપાડી લેવાયા હોવાનું જાણવા મળ્યું છે. આ કૌભાંડમાં હાજરી કારકૂનથી માંડીને અધિકારીઓ સુધીની સંડોવણી હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. એક ઓડિયો ક્લિપ પણ સામે આવી છે, જેમાં કૌભાંડ આચરનાર કર્મચારીએ ગ્રામજનો સાથેની વાતચીતમાં આ હકીકત સ્વીકારી હોવાનું કહેવાય છે. મૃતક મહિલાના નામે પણ રકમ ઉપાડી લેવાઈ આ કૌભાંડનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. થાળા ગામમાં ભાવુબેન રયાભાઈના નામે પણ મનરેગાની રકમ ઉધારવામાં આવી છે. જોકે, ભાવુબેનનું અવસાન ૨૦૧૬માં જ થઈ ગયું હતું. તેમના નામની રકમ કોણે ઉપાડી લીધી તે એક મોટો પ્રશ્ન છે. આ મૃતક મહિલાના નામે રકમ ચૂકવવાના મામલે ગ્રામ પંચાયતના બે સભ્યોએ ગોલમાલ કરી હોવાનો આક્ષેપ છે. આ સમગ્ર ભ્રષ્ટાચારને બહાર લાવવામાં સંજય ડાભી નામના એક ગ્રામજનનો મોટો ફાળો છે.

# ઝાલોદ બસ સ્ટેશન પાસે સલામતીના સાધનો વગર ખોદકામ કરેલ ખાડામાં એસ.ટી બસ ઉતરી




। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩ ।

ઝાલોદ નગરમાં ૦૨-૦૭-૨૦૨૫ ના રોજ અંદાજીત રાત્રીના સાત વાગ્યા પછી **GJ-18-ZT-0712** નંબરની **GSRTC** નિગમની એક બસ ઝાલોદ બસ સ્ટેશન ખાતે આવી રહેલ હતી ત્યારે જાહેર માર્ગ પર સલામતીના સાધનો વગર ખોદકામ કરેલ ખાડામાં એસ. ટી બસનું આગળનું પૈડુ ખાડામાં ઉતરી પડેલ હતું. જોકે બસમા બેસેલ કોઈ પણ મુસાફરોને કોઈ પણ જાતની જાનહાની થયેલ નથી. હાલ નગરમાં ચોમાસાનો માહોલ જામી રહેલ છે જેથી કોઈપણ કામગીરી માટે ખાડા ખોદવામાં આવે તો પાણી પડવાથી તે દબાઈ જાય છે. વરસાદી ઋતુમા ખાડા ખોદવામા આવે ત્યારે કોઈ વાહન કે રાહદારી આ ખાડામાં ન પડી જાય તે માટે ખાડા ખોદનાર જવાબદાર એજન્સીઓએ સલામતી દર્શાવતા સાધાનો મૂકવા જોઈએ જેથી કોઈ પણ જાતનો અકસ્માત ન સર્જાય.

# અમરનાથ યુવા ગ્રુપના યુવકોને આરતી કરવાની ના પાડતાં મામલો ગરમાયો

### ક્ષત્રિય આગેવાન પી.ટી.જાડેજાએ ફોન કરીને અમરનાથ મંદિરમાં આરતી કરવાની ના પાડી હતી

। રાજકોટ,તા.૩ ।

રાજકોટ શહેરના રિંગ રોડ પર આવેલા અમરનાથ મંદિરમાં અમરનાથ યુવા ગ્રુપ ના યુવકોને આરતી કરવાની ના પાડતાં મામલો ગરમાયો છે, આરતીનો મુદ્દો પોલીસ મથક સુધી પહોંચી ગયો છે. યુવકોને મહા આરતી કરવાની ના પાડતાં ક્ષત્રિય આગેવાન પી.ટી. જાડેજા વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. ફરિયાદમાં જણાવવામાં આવ્યું છે ક્ષત્રિય આગેવાન પી.ટી.જાડેજાએ ફોન કરીને અમરનાથ મંદિરમાં આરતી કરવાની ના પાડી હતી. જો તેમછતાં કરવામાં આવશે લોહિયાળ ક્રાંતિ સર્જાશે.

મંદિર સાથે સંકળાયેલા ક્ષત્રિય આગેવાન હઠ્ઠીસિંહ જાડેજા ફરિયાદ કરનાર જસ્મીન મકવાણાના સમર્થનમાં આવ્યા છે. તેમણે કહ્યું હતું કે, અમારા યુવાનો મંદિરમાં પૂજા અર્ચના સહિતના ધાર્મિક કામો કરે છે. અહીં ૧૦૦૦ થી ૧૨૦૦ શ્રદ્ધાળુઓ પ્રસાદ લે છે અને અમરનાથ નામનું એક યુવા ગ્રુપ ચલાવે છે. ત્યારે ક્ષત્રિય નેતા પી.ટી. જાડેજાએ અચાનક મંદિર ખાતે આવી મંદિરમાં આરતી સહિતના કામો ન કરવા ધમકી આપી છે.

વધુમાં તેમણે કહ્યું હતું કે જસ્મીનભાઈને ફોન કરીને ટાંટિયા ભાગી નાખવાની ધમકી આપી હતી. પી.ટી. જાડેજાનું કહેવું છે કે હું પ્રમુખ છું, પરંતુ હકિકતમાં પી.ટી. જાડેજા પ્રમુખ નથી.

૨૦૦૭થી આ ટ્રસ્ટ ફાજલ થઈ ગયું છે. તેમના દ્વારા કહેવામાં આવે છે કે આરતી બંધ કરી દેજો નહીંતર અહીંયા લોહિયાળ ક્રાંતિ થશે. હું પ્રમુખ છું, હું કહું એમ કરવાનું અને મારું નામ લેવાનું. અમારી જાણ મુજબ તે પ્રમુખ નથી, અમે આરટીઆઈ દ્વારા માહિતી માંગી છે. ' આ મામલે અમને યુવકોએ જાણ કરતા અમારા સદસ્યોએ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

તો બીજી તરફ આ સમગ્ર મામલે પી.ટી.જાડેજાના પુત્ર અક્ષિતસિંહનું નિવેદન સામે પણ આવ્યું છે. અક્ષિતસિંહ જાડેજાએ જણાવ્યું છે કે 'મારા પિતાને ૨૦૦૪થી મંદિરના ટ્રસ્ટીઓએ તેમને પ્રમુખ બનાવ્યા હતા. અમુક લોકો જે એમ કહે છે કે અમે ટ્રસ્ટીઓ છીએ, પરંતુ તે છેલ્લા ૧૫-૧૭ વર્ષથી કોઈ આવ્યું નથી. જે પણ ફેરફાર રિપોર્ટ છે, તે બધુ ચેરિટીમાં રજૂ કર્યું છે.

આ યુવા ગ્રુપ છે તેને મંદિરનો કબજો મેળવવો છે. ગમે તેમ કરીને ખોટા સાબિત કરીને આ વસ્તુ ઉભી કરી છે. જો તેમને બે મહિના પહેલાં અરજી કરી હોય તો પછી હવે બે મહિના બાદ કેમ ફરિયાદ કરી.'

હમણાં તાજેતરમાં જ અમારા મંદિરના પૂજારી અને ગોરાણીમાને ૧૦-૧૨ લોકો આવીને ધમકી આપી ગયા હતા કે 'તમે જે નવગ્રહનું મંદિર બનાવી રહ્યા છો તેને તોડી પાડે નહીંતર અમે તોડી પાડીશું.' તેમછતાં અમે અત્યાર સુધી ફરિયાદ કે અરજી એટલા માટે આપી ન હતી કેમ કે, જો બેસીને વાતનું સુખદ સમાધાન થતું હોય તો વિવાદ ઉભો કરવો નથી. તેમછતાં અમે અત્યાર સુધી ફરિયાદ કે અરજી એટલા માટે આપી ન હતી કેમ કે, જો બેસીને વાતનું સુખદ સમાધાન થતું હોય તો વિવાદ ઉભો કરવો નથી.

# રાજ્ય સરકાર દ્વારા સૌપ્રથમ વાર 'રિંગ ફેન્સિંગ ડિજિટલ વોલેટ ટ્રાન્સફર' સિસ્ટમ અમલી







। અમદાવાદ, તા.૩ ।

વર્તમાન સમયમાં દરેક ક્ષેત્રમાં મહિલાઓની ભાગીદારી નોંધપાત્ર રીતે વધી રહી છે. ત્યારે મહિલાઓને આર્થિક સક્ષમતા પ્રદાન કરવાના હેતુ સાથે રાજ્ય સરકારે એક મહત્વકાંક્ષી પહેલ અમલમાં મૂકી છે. જે અંતર્ગત નિર્ધારિત ૧૩ મહત્વાકાંક્ષી તાલુકા અને ૨ મહત્વાકાંક્ષી જિલ્લાઓમાં અંત્યોદય અન્ન યોજના (છછરૂ) કાર્ડ ધરાવતા પરિવારોમાંથી ૫૦ હજાર બહેનોને આત્મનિર્ભર બનાવવા માટે સહાય મળશે. આ યોજનાનું ઉદ્ઘાટન માનનીય વડપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ૮ માર્ચ ૨૦૨૫ના રોજ કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારે જી-સફલ યોજના અંતર્ગત ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની લિ. (ગ્રામ વિકાસ વિભાગ) દ્વારા જી-સફલમાં 'રિંગ ફેન્સિંગ સુવિધા સાથે ડિજિટલ વોલેટ ટ્રાન્સફર' સુવિધા શરૂ કરી છે. રાજ્યમાં સૌપ્રથમ વાર આવી 'રિંગ ફેન્સિંગ ડિજિટલ વૉલેટ ટ્રાન્સફર' સિસ્ટમ અમલમાં મૂકવામાં છે. આ અનોખી ડિજિટલ વ્યવસ્થા અંતર્ગત લાભાર્થી બહેનોના વ્યક્તિગત ડિજિટલ વૉલેટમાં સીધી સહાય જમા થશે. રિંગ ફેન્સિંગ પદ્ધતિથી લાભાર્થી બહેનોને મળેલી સહાય સુરક્ષિત રહે છે એટલે કે તે સહાયની રકમ નિર્ધારિત આજીવિકા પ્રવૃત્તિ માટે જ વાપરી શકાશે, અન્યત્ર નહીં.

આ પહેલના પ્રથમ તબક્કામાં ૬૭૪ બહેનોને ડિજિટલ વૉલેટ મારફતે સીધી આજીવિકા સહાય મળી છે, જે સંપૂર્ણપણે સુરક્ષિત, પારદર્શક અને નિર્ધારિત હેતુ માટે જ ઉપયોગમાં લઈ શકાશે તેવી વ્યવસ્થા છે.

વધુમાં વર્ષના અંત સુધીમાં આ યોજના અંતર્ગત આશરે ૨૮,૦૦૦ લાભાર્થીઓને 'રિંગ ફેન્સિંગ ડિજિટલ વૉલેટ ટ્રાન્સફર'સિસ્ટમ દ્વારા લાભ આપવામાં આવશે. ગુજરાત સરકારની જી-સફલ યોજનાની આ પહેલ રાજ્યની સૌથી પછાત પરિવારોની બહેનોને આર્થિક સશક્તિકરણ તરફ લઈ જવામાં અસરકારક સાબિત થશે.

# ઝાલોદ સાંઈ મંદિરનો આઠમો તેમજ શ્રી કૃષ્ણ, શીતળા માતા, બળીયા બાબજીનો ત્રીજો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો





। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩ ।

ઝાલોદ નગર સાંઈ સમિતિ મિત્ર મંડળ દ્વારા આજરોજ ૦૩-૦૭-૨૦૨૫ ના રોજ સાંઈ મંદિરનો આઠમો તેમજ શ્રી કૃષ્ણ, શીતળા માતા, બળીયા બાબજીનો ત્રીજો પાટોત્સવ ધામધૂમ થી ઉજવવામા આવ્યો હતો. આજના પાટોત્સવના પવિત્ર દિવસે વહેલી સવારે સાંઈ ,શ્રી કૃષ્ણ, શીતળા માતા, બળીયા બાબજીને દૂધ, દહીં, કેશર થી અભિષેક કરાવી નવા વસ્ત્રો થી અલંકૃત કરવામાં આવ્યા હતા. વહેલી સવારથી જ દર્શનાર્થીઓ દર્શન કરવા મંદિરે ઉમટવા લાગ્યા હતા. આજના પવિત્ર દિવસે મંદિર ખાતે હોમ હવન પૂજા પણ કરવામાં આવેલ હતી.

બપોરના સમયે ઢોલ નગારા સાથે વાજતે ગાજતે નગરમાં દર વર્ષની જેમ જ શોભા યાત્રા કાઢવામાં આવી હતી. શોભા યાત્રા દરમિયાન ભાવિક ભક્તો ભજનની તાલે નાચતા ઝુમતા જોવા મળતા હતા તેમજ રાસ ગરબાની રમઝટ પણ કરવામાં આવી હતી. શોભા યાત્રામા મોટા પ્રમાણમાં બાળકો, યુવાઓ, મહિલાઓ તેમજ સમાજના વયોવૃદ્ધ પણ જોડાયેલ હતા. શોભા યાત્રા નગરમાં ધાર્મિક વાતાવરણ વચ્ચે નીકળી હતી શોભા યાત્રા જે રસ્તા પર થી નીકળતી હતી તે રસ્તા પર ભાવિક ભક્તો સ્વાગત કરી દર્શનનો લાભ લેતા જોવા મળતા હતા. સાંજે શોભાયાત્રા પૂર્ણ થતાં મહાઆરતીનો લ્હાવો લઈ મહાપ્રસાદનો લ્હાવો પણ ભાવિક ભક્તો એ લીધો હતો શોભા યાત્રામા મોટા પ્રમાણમાં બાળકો, યુવાઓ, મહિલાઓ તેમજ સમાજના વયોવૃદ્ધ પણ જોડાયેલ હતા. શોભા યાત્રા નગરમાં ધાર્મિક વાતાવરણ વચ્ચે નીકળી હતી શોભા યાત્રા જે રસ્તા પર થી નીકળતી હતી તે રસ્તા પર ભાવિક ભક્તો સ્વાગત કરી દર્શનનો લાભ લેતા જોવા મળતા હતા. સાંજે શોભાયાત્રા પૂર્ણ થતાં મહાઆરતીનો લ્હાવો લઈ મહાપ્રસાદનો લ્હાવો પણ ભાવિક ભક્તો એ લીધો હતો.

## ૨૧ ઓગસ્ટ સુધી અમદાવાદ-નાગપુર પ્રેરણા એક્સપ્રેસ અજની સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ રહેશે

મધ્ય રેલ્વેના નાગપુર સ્ટેશન પર મેજર અપગ્રેડેશન કાર્ય માટે ૫૨ દિવસના પ્રસ્તાવિત બ્લોકને કારણે, અમદાવાદ-નાગપુર-અમદાવાદ પ્રેરણા એક્સપ્રેસ અજની અને નાગપુર સ્ટેશનો વચ્ચે આંશિક રીતે રદ રહેશે. આ ટ્રેનની વિગતો નીચે મુજબ છે. ● ૩ જુલાઈ ૨૦૨૫ થી ૨૧ ઓગસ્ટ ૨૦૨૫ સુધી ટ્રેન નંબર ૨૨૧૩૮ અમદાવાદ-નાગપુર પ્રેરણા એક્સપ્રેસ અજની સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે અને અજની-નાગપુર વચ્ચે આંશિક રીતે રદ રહેશે . ● ૫ જુલાઈ ૨૦૨૫ થી ૨૪ ઓગસ્ટ ૨૦૨૫ સુધી ટ્રેન નંબર ૨૨૧૩૭ નાગપુર-અમદાવાદ પ્રેરણા એક્સપ્રેસ અજની સ્ટેશનથી ઉપડશે અને નાગપુર-અજની વચ્ચે આંશિક રીતે રદરહશે.

ટ્રેનોના સ્ટોપેજ અને સમય અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને **www.enquiry.indianrail.gov.in** ની મુલાકાત લઈ શકે છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે કોઈક જૂની ઓળખાણ તમારી માટે સમસ્યા ઊભી કરી શકે છે. જો તમે ભાર ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો વસ્ત્રો સમજી વિચારી ને પહેરો? જો તમે આવું નહિ કરો તો શક્ય છે કે તમારો પ્રેમી તમારા થી ગુસ્સે થયી જાય. મહત્વના લોકો સાથે હળો-મળો ત્યારે તમારા આંખ-કાન ખુલ્લા રાખો-કેમ કે એવું કરવાથી તમને મહત્વની કોઈ વાત જાણવા મળી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમારી અંગત સમસ્યા તમારા માનસિક આનંદને બરબાદ કરી શકે છે પણ તમારી જાતને કંઈક રસપ્રદ વાંચનમાં સાંકળશો તો આ દબાણ સાથે અનુકુલન સાધવામાં તમને સરળતા પડશે. જે બાબત ખાસ હશે એવી કોઈપણ બાબત માટે નાણાં ધીરવા મહત્વના લોકો તૈયાર હશે. સંબંધીઓ સહકાર આપશે તથા તમારા મગજને સંતાપ આપતો ભાર હળવો કરશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે તમારો શંકાશીલ સ્વભાવ તમને કદાચ પરાજયનો ચહેરો દેખાડી શકે છે. આજનો દિવસ છેલ્લો છે એ રીતે જીવવાના તથા મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વલણ પ્રત્યે ધ્યાન આપો. તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે. ભૂતકાળમાં તમારા પ્રિયપાત્રએ દાખવેલી ઉદાસીનતા માટે માફી આપી તમે તમારા જીવનને વધુ લાયક બનાલશો.

**કર્ક (ડ,હ) :**
આજે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. ઘરમાં કોઈક વિધી કરાવશો. સહકાર આપવાનો તમારો અભિગમ તથા વિશ્લેષણાત્મક કૌશલ્યની નોંધ લેવાશે. આજે તમે તમારી જાતને સ્પૉટલાઈટ હેઠળ મહેસૂસ કરશો.

**સિંહ (મ,ટ) :**
આજે તમારે તબિયત પર થોડું વધારે ધ્યાન આપવું પડશે. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો. તમારૂં જિદ્દી વલણ ઘરના લોકોને તથા તમારા નિકટના મિત્રોને આહત કરશે. જો તમે ભાર ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો વસ્ત્રો સમજી વિચારી ને પહેરો? જો તમે આવું નહિ કરો તો શક્ય છે કે તમારો પ્રેમી તમારા થી ગુસ્સે થયી જાય.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે સ્વાસ્થ્યની દષ્ટિએ તમારા માટે સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. તમામ જવાબદારીઓ તથા આર્થિક વ્યવહારો સાવચેતીપૂર્વક પાર પાડવા. લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ.

**તુલા (ર,ત) :**
આજે તમારા શારીરિક સ્વાસ્થ્યને સુધારવા માટે સમતોલ આહાર લો. જે વેપારીઓ ના સંબંધ વિદેશો થી છે તેમને આજે ધન હાનિ થવા ની શક્યતા છે તેથી સાવચેતી થી ચાલો? મહેમાનોની સંગત માણવા માટે અદભુત દિવસ. તમારા સગાં-સંબંધીઓ સાથે કોઈક ખાસ યોજના ઘડો. તેઓ પણ આ બાબતને ચોક્કસ જ બિરદાવશે. આજે તમે કુદરતી સૌંદર્ય દ્વારા અંજાઈ જાવ એવી શક્યતા છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે તમારી માટે આધ્યાત્મિકતાની મદદ લેવા માટેનો સમય પાકી ગયો છો કેમ કે તમારી માનસિક તાણ પર સામો હુમલો કરવાનો એ શ્રેષ્ઠ વિકલ્પ છે. તમારૂં સમર્પણ તથા સખત મહેનતની નોંધ લેવાશે તથા આજે તેને કારણે તમારી માટે આર્થિક વળતર પણ લાવશે. આજે તમને જે ફાજલ સમય મળે તેનો લાભ લો અને તમારા પરિવારના સભ્યો સાથે પ્રેમભર્યો સમય વિતાવો.

**ધન (ભ,ધ,ફ) :**
આજે તમારી લાગણીઓ પર અંકુશ રાખજો ખાસ કરીને ગુસ્સો. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. બાળકો તથા તમારાથી ઓછો અનુભવ ધરાવતા લોકો સાથ તમારે ધીરજથી કામ લેવું પડશે. તમારો સનાતન પ્રેમ તમારા પ્રિયપાત્ર માટે નદી સમાન છો. સહ-કમર્મચારીઓ તથા વરિષ્ઠાનો સંપૂર્ણ સહકારને કારણે ઑફિસમાં કામ ગતિ પકડશે.

**મકર (ખ,જ) :**
આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશે પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. જો તમે પોતાના ઘર ના કોઈ સભ્ય જોડે ઉધાર લીધું હોય તો તેને આજ ચૂકવી દો નહીંતર તે તમારી વિરુદ્ધ કાયદકીય પગલાં લયી શકે છે. પરિવારના સભ્યોતમારા જીવનમાં મહત્વનું સ્થાન ધરાવતા હશે. આવતીકાલે તમને કામ પર મોડું થવાનું છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે કશુંક રસપ્રદ વિચારીને માનસિક વ્યાયામ કરો. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો. તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ. આજે તમારા પ્રિયપાત્રની લાગણીઓ સમજજો. તમારા બૉસ અથવા વરિષ્ઠોને તમારા ઘરે આમંત્રવા માટે સારો દિવસ નથી.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે તમારૂં કોઈ એક સૌથી પ્રિય સપનું સાકાર થવાની શક્યતાઓ છે પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. આજે ફક્ત બેઠા રહેવા કરતાં-કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઓ-જે તમારી આવકની ક્ષમતાને વધારશે. તમારો જિદ્દી સ્વભાવ તમારા માતા-પિતાની શાંતિને નુકસાન પહોંચાડી શકે છે.

## ન્યૂઝ બ્રિફ

### શમીએ અલગ રહેતી પત્ની-દીકરીને દર મહિને વળતર આપવું પડશે



। (એજન્સી) કોલકત્તા, તા.3 ।

કલકત્તા હાઈકોર્ટે મોહમ્મદ શમી અને હસીન જહાં વચ્ચે ચાલી રહેલા વિવાદમાં મહત્ત્વપૂર્ણ આદેશ આપ્યો છે. ન્યાયમૂર્તિ અજય કુમાર મુખર્જીની બેન્ચે હસીન જહાંની અરજી પર ભારતીય ક્રિકેટરને માસિક ખર્ચો ચૂકવવાનો આદેશ આપ્યો છે. ન્યાયાધીશે આદેશમાં જણાવ્યું કે મોહમ્મદ શમીની આવક, નાણાકીય દસ્તાવેજોને ધ્યાનમાં લેતાં તે વધુ રકમની ચૂકવણી કરવાની સ્થિતિમાં છે. કલકત્તા હાઈકોર્ટે જણાવ્યું કે, શમીથી અલગ રહેતી પત્નીને લગ્ન દરમિયાન મળેલા ભરણ-પોષણ માટે સમાન હકદાર છે, જેનાથી અરજદાર પત્ની અને તેની દીકરીના ભવિષ્યને યોગ્ય સુરક્ષા મળી શકે. ન્યાયમૂર્તિ અજય કુમારે આદેશમાં કહ્યું કે ''અરજદાર નંબર ૧ (પત્ની) ને દર મહિને ૧.૫ લાખ રૂપિયા અને તેની દીકરીને દર મહિને ૨.૫ લાખ રૂપિયા દર મહિને આપવું યોગ્ય રહેશે.'' કોર્ટે એમ પણ કહ્યું કે આ રકમ ત્યાં સુધી આપવી પડશે જ્યાં સુધી મુખ્ય અરજીનો નિકાલ ન થઈ જાય.

### ફાસ્ટ બોલર મોહમ્મદ સિરાજના ખરાબ પ્રદર્શનને લઇ સવાલો ઉઠ્યા



। (એજન્સી) નવી દિલ્હી, તા.3 ।

ઈંગ્લેન્ડ સામે પહેલી ટેસ્ટ મેચમાં ટીમ ઈન્ડિયાના ફાસ્ટ બોલર મોહમ્મદ સિરાજના ખરાબ પ્રદર્શનને લઈ સવાલો ઉઠ્યા છે. ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર અને કોમેન્ટેટર સંજય માંજરેકરે હેડ કોચ ગૌતમ ગંભીર અને કેપ્ટન શુભમન ગિલને સિરાજનું ખરાબ ફોર્મ પર ધ્યાન આપવાનું કહેવામાં આવ્યું છે. માંજરેકરે એક ઈન્ટરવ્યૂ દરમિયાન કહ્યું હતું કે, હવે ટીમના મેનેજમેન્ટે સિરાજની જગ્યાએ કોઈ બીજો વિકલ્પ પર વિચાર કરવો જોઈએ અને આ કઠીન નિર્ણય લેવાની જવાબદારી ટીમ મેનેજમેન્ટે લેવી પડશે, ઈંગ્લેન્ડ સામે હેડિંગ્લે ટેસ્ટ મેચમાં સિરાજે પહેલી ઈનિંગમાં બે વિકેટ જરૂર લીધી, પણ બીજી ઈનિંગમાં તે પૂર્ણ રીતે ફ્લોપ રહ્યો હતો. જો કે એક બે સ્પેલમાં તેણે જરૂર સારો બોલ નાખ્યો હતો. તેને બેન ડકેટને ૯૭ રન પર આઉટ કરવાની તક મળી હતી. પણ યશસ્વી જયસ્વાલે તે કેચ છોડી દીધો હતો. સિરાજનું ખરાબ પ્રદર્શનના કારણે સંજય માંજરેકરે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું, હવે ટીમને મુશ્કેલ નિર્ણય લેવાનો સમય આવી ગયો છે. સિરાજ ટીમમાં સીનિયર બોલર છે, તેણે તેના અનુભવ પ્રમાણે બોલિંગ કરી છે. હેડિંગ્લેમાં તેનો સ્પેલ સારો હતો અને તેનો જૂનો રિકોર્ડ પણ ઠીકઠાક હતો, પણ હાલમાં આપણે આજની સ્થિતિ પર નજર રાખવી જોઈએ.

SEBI મોટા એક્શનની તૈયારીમાં

# શેરમાં રોકાણ કરવાની ખોટી સલાહ આપનારાઓની હવે ખેર નહીં

**અનરજિસ્ટર્ડ ઈનવેસ્ટમેન્ટ અને સ્ટોક માર્કેટ એડવર્ટાઈઝર્સની ગતિવિધિઓ પર લગામ લગાવવાની તૈયારીઓ થઈ રહી છે**

। (એજન્સી) મુંબઈ, તા.3 ।



શેરમાં રોકાણની અનધિકૃત સલાહ આપનારાઓની દુકાનો હવે બંધ થવા જઈ રહી છે. અનરજિસ્ટર્ડ ઈનવેસ્ટમેન્ટ અને સ્ટોક માર્કેટ એડવર્ટાઈઝર્સની ગતિવિધિઓ પર લગામ લગાવવાની તૈયારીઓ થઈ રહી છે. આ માટે SEBI ગૂગલ અને ટેલિગ્રામ જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ સાથે ચર્ચા કરી રહ્યું છે. સેબી આ મુદ્દે ખૂબ જ ગંભીર છે. તેણે અગાઉ પણ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર રોકાણની ટિપ્સ (ઈનવેસ્ટમેન્ટ ટિપ્સ) આપનારાઓ સામે અનેક પગલાં લીધાં છે. આ વિશે મનીકંટ્રોલના એક સવાલના જવાબમાં SEBIએ કહ્યું કે, ''અમે તે તમામ લોકોના આભારી છીએ જેઓ આ રિસ્ક ઘટાડવામાં અમારો સહયોગ કરી રહ્યા છે. આ અંગે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ સાથે વાતચીત ચાલી રહી છે.'' રેગ્યુલેટરે જણાવ્યું કે, અનરજિસ્ટર્ડ ફિનફ્લુએન્સર્સ દ્વારા આપવામાં આવતી રોકાણની સલાહ પર પ્રતિબંધ લગાવવા માટે અનેક રણનીતિ અપનાવવામાં આવી છે, જેમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સની સાથે સહયોગ પણ સામેલ છે. સૂત્રોએ જણાવ્યું કે, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ આ મામલે સેબીની મદદ કરી રહ્યાં છે. એવું માનવામાં આવી રહ્યું છે કે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ આ સમસ્યાને ખતમ કરવા માટે ટૂંક સમયમાં પોતાના તરફથી કેટલાક ઉપાયો લાગુ કરશે. અનરજિસ્ટર્ડ ફિનફ્લુએન્સર્સ આ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સનો દુરુપયોગ કરે છે, જેનાથી નવા રોકાણકારોને તો નુકસાન થાય જ છે, સાથે જ આ પ્લેટફોર્મ્સની પ્રતિષ્ઠાને પણ નુકસાન પહોંચે છે. ગૂગલ અને ટેલિગ્રામે આ અંગે પૂછાયેલા સવાલોના જવાબ આપ્યા નથી. સેબીના તાજેતરના અનેક આદેશોમાંથી જાણવા મળે છે કે છેતરપિંડી કરનારાઓએ રોકાણકારોને ફસાવવા માટે યૂટ્યૂબ, ટેલિગ્રામ અને વોટ્સએપ જેવા ચેનલોનો વારંવાર ઉપયોગ કર્યો છે. કોઈ શેરનો પ્રચાર કરવા અથવા તેના વિશે ખોટી વાતો ફેલાવવા માટે યૂટ્યૂબ વીડિયોનો ઉપયોગ થયો છે. એવી કંપનીઓમાં રોકાણ કરવાની સલાહ આપવામાં આવી, જેના વિશે કોઈ જાણતું નથી અથવા જેમના બિઝનેસ વિશે કંઈ જાણકારી નથી. એક્સપર્ટ્સનું કહેવું છે કે, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર અનધિકૃત સલાહ આપનારાઓના જાળમાં મોટાભાગે નવા રોકાણકારો જ ફસાય છે. કોવિડ બાદ શેરબજારમાં રોકાણ કરનારાઓની સંખ્યા નોંધપાત્ર રીતે વધી છે. ઘણા નવા રોકાણકારો શેરબજારને ઝડપથી પૈસા કમાવવાના માધ્યમ તરીકે જુએ છે. તેઓ નકલી ફિનફ્લુએન્સર્સની જાળમાં સરળતાથી ફસાઈ જાય છે.

ભારતના 'વોટર વેપન'થી ગભરાયું પાકિસ્તાન

## દિલ્હીની ઇચ્છા પાણીને હથિયાર બનાવવાની : શરીફ

**ભારતે સિંધુ જળ સમજૂતી સસ્પેન્ડ કરવાની જાહેરાત કરી છે, પરંતુ તેઓ એકતરફી સસ્પેન્ડ ન કરી શકે : શરીફ**

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.3 ।

ભારતે 'સિંધુ જળ સમજૂતી' સસ્પેન્ડ કર્યા બાદ પાકિસ્તાન ભયાનક ટેન્શનમાં આવી ગયું છે. પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફનું માનવું છે કે, ભારત પાણીનો ઉપયોગ 'વોટર વેપન' તરીકે કરી શકે છે. જો ભારત પાણી બંધ કરી દે તો પાકિસ્તાન પાણી માટે તરફડીયા મારી શકે છે, તેથી શરીફે દેશમાં પાણી સંગ્રહ ક્ષમતા વધારવાનો પ્લાન શરુ કરી દીધો છે. પાકિસ્તાન સરકારે કહ્યું છે કે, દેશમાં પાણી સંગ્રહ પ્રોજેક્ટ પર ઝડપી કામ કરવામાં આવશે. જિયો ન્યૂઝના રિપોર્ટ મુજબ, 'શરીફે કહ્યું કે, પાકિસ્તાન સરકારે દેશમાં પાણી સંગ્રહ ક્ષમતા વધારવાનો નિર્ણય કર્યો છે. અમે પાણી સંગ્રહ પ્રોજેક્ટ ઝડપી પૂર્ણ કરવા માટે સંબંધિત વિભાગોને નિર્દેશ આપી દીધો છે.' શરીફે ભારત પર ગુસ્સો ઠાલવતાં કહ્યું કે, 'દેશમાં પાણીની સુરક્ષાને લઈને નિર્ણય લેવો જરૂરી છે, કારણ કે દિલ્હીની ઈચ્છા પાણીને હથિયાર બનાવવાની છે.' શાહબાઝ શરીફે દેશમાં પાણી સંગ્રહ વધારવાની વાત કરતી વખતે ભારત પર ગુસ્સો ઠાલવ્યો છે. તેમણે કાયમી મધ્યસ્થી અદાલતનો ઉલ્લેખ કરીને કહ્યું કે, 'ભારતે સિંધુ જળ સમજૂતી સસ્પેન્ડ કરવાની જાહેરાત કરી છે, પરંતુ તેઓ એકતરફી સસ્પેન્ડ ન કરી શકે. કોર્ટે પણ સ્પષ્ટ કહ્યું છે કે, સમજૂતી એકતરફી સસ્પેન્ડ કરવાનો ભારતને કોઈ અધિકાર નથી. સમજૂતી મામલે આંતરરાષ્ટ્રીય અચડણો છતાં પાકિસ્તાન અંગે ભારતના ઈરાદા સારા નથી. ભારત આપણા વિરુદ્ધ પાણીનો હથિયાર તરીકે ઉપયોગ કરવાનું વિચારી રહ્યું છે.

ગુજરાતથી કેદારનાથ જતાં થયો હતો અકસ્માત

## ચાર મિત્રોના થયા અંતિમ સંસ્કાર, પરિવારોમાં આક્રંદ

**કેદારનાથ કારથી જઈ રહેલા ૫ મિત્રને મુઝફ્ફરનગરના છાપરના રામપુર તિરાહા નજીક અકસ્મતા નડ્યો હતો**

। (એજન્સી) મુઝફ્ફરનગર, તા.3 ।

યુપીના મુઝફ્ફરનગરમાં ગંભીર અકસ્માતની ઘટના સામે આવી છે. ગાંધીનગરથી કેદારનાથ કારથી જઈ રહેલા ૫ મિત્રને મુઝફ્ફરનગરના છાપર વિસ્તારના રામપુર તિરાહા નજીક ગત ૩૦ જૂનના રોજ અકસ્મતા નડ્યો હતો. જેમાં ૪ મિત્રોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. જ્યારે એક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. અકસ્માતમાં મૃત્યુ થનારા ચારેય મિત્રોના મૃતદેહને આજે (૨ જુલાઈ) વતન લાવીને અંતિમયાત્રા નીકાળવામાં આવી હતી. મૃતકોમાં બે યુવકો ગાંધીનગરના તારાપુર અને બે યુવકો સરગાસણના હતા. જેમાં જીગ્નેશ, કરણ, અમિત, વિપુલ ઠાકોરનો સમાવેશ થાય છે. આજે બુધવારે તારાપુરમાં મૃતક યુવકોની અંતિમયાત્રા કાઢતા ગામમાં શોકનો માહોલ છવાયો હતો. ગાંધીનગરથી ઉત્તરાખંડના કેદારનાથ ખાતે જઈ રહેલા મિત્રો ૩૦ જૂન, ૨૦૨૫ના રોજ યુપીના મુઝફ્ફરનગરમાં અકસ્માતનો ભોગ બન્યા હતા. પ્રત્યક્ષદર્શીઓનું કહેવું છે કે, કારની સ્પીડ લગભગ ૧૦૦ની હશે અને કાર ફ્લાયઓવરની રેલિંગ તોડીને ખેતરમાં પડી હતી. ગંભીર અકસ્માતની ઘટના છપર પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં સર્જાઈ હતી. હરિયાણાથી ઈનોવા કારમાં આવી રહેલા યુવકોને પાણીપત-ખાતિમા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર અકસ્માત સર્જાયો હતો. સ્થાનિકોનું કહેવું છે કે, ફ્લાયઓવર પર એક વળાંક છે.

## ઓલિમ્પિક ૨૦૩૬: પહેલીવાર સત્તાવાર રીતે મેજબાનીની રેસમાં સામેલ થયું ભારત



। (એજન્સી) નવી દિલ્હી, તા.3 ।

ભારત પહેલી વાર ઓલિમ્પિક ગેમ્સનું આયોજન કરવા પહેલ કરી રહ્યું છે. આ મુદ્દે સમયાંતરે ચર્ચાઓ થઈ રહી છે. અમદાવાદમાં ઓલિમ્પિક માટે તૈયાર થઈ રહેલા સ્ટેડિયમની કામગીરી પણ લગભગ પૂર્ણ થવાના આરે છે. ભારતે સત્તાવાર રીતે ૨૦૩૬ ઓલિમ્પિકની યજમાની કરવા નિર્ણય લીધો હોવાનું જણાવ્યું છે. સ્વિટ્ઝર્લેન્ડના લુઝાનમાં મંગળવારે ભારતીય પ્રતિનિધિમંડળે ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટી (IOC)ના અધિકારીઓની મુલાકાત કરી ભવિષ્યમાં ઓલિમ્પિક રમતોનું આયોજન કરવાનો પ્રસ્તાવ સત્તાવાર રીતે રજૂ કર્યો હતો. આ દાવો રજૂ કરવાનો સમય ખૂબ જ મહત્વપૂર્ણ છે. IOC એ તાજેતરમાં જાહેરાત કરી હતી કે હાલમાં તે ભવિષ્યની ઓલિમ્પિક રમતો માટે યજમાન દેશની પસંદગી પ્રક્રિયા અટકાવી રહ્યું છે. તેના આ નિવેદન બાદ ભારતીય પ્રતિનિધિમંડળની IOC સાથે બેઠક થઈ હતી. ભારતીય પ્રતિનિધિમંડળમાં ભારતીય ઓલિમ્પિક સંઘની અધ્યક્ષ પીટી ઉષા ઉપરાંત કેન્દ્રીય રમત મંત્રાલય અને ગુજરાત સરકારના પ્રતિનિધિ સામેલ હતાં. પ્રતિનિધિમંડળે ઔપચારિક રીતે અમદાવાદને યજમાન શહેર તરીકે રજૂ કર્યું હતું. ઈતિહાસમાં પ્રથમ વખત ભારતે ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટી સમક્ષ સત્તાવાર રીતે તેના એક શહેરનું નામ યજમાન શહેર તરીકે રજૂ કર્યું છે. ૨૦૩૨ ઓલિમ્પિક રમતો બ્રિસ્બનમાં યોજાવાની છે, ભારતની નજર ૨૦૩૬ની ઓલિમ્પિકના આયોજન પર છે. ભારતીય ઓલિમ્પિક એસોસિએશનના પ્રમુખ પીટી ઉષાએ આ અંગે જણાવ્યું હતું કે, ભારતમાં ઓલિમ્પિક રમતોનું આયોજન માત્ર એક ભવ્ય કાર્યક્રમ જ નહીં પરંતુ ઈતિહાસમાં પ્રથમ વખત યોજાનારી ઈવેન્ટ છે. જેની અસર તમામ ભારતીયો પર પડશે. પીટી ઉષાએ લુઝાનમાં ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટીના અધિકારીઓ સાથે ભારતીય પ્રતિનિધિમંડળની મુલાકાતનો ફોટો સોશિયલ મીડિયા પર શેર કર્યો છે. તેમણે આ વાતચીતને અર્થપૂર્ણ ગણાવી છે.

## પાકિસ્તાની ન્યૂઝ ચેનલ્સ અને સેલિબ્રિટીઝના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પરથી પ્રતિબંધ હટ્યો

**ન્યૂઝ ચેનલ્સ અને સેલિબ્રિટીઝના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર પણ પ્રતિબંધ મૂક્યો હતો, પરંતુ હવે આ પ્રતિબંધને હટાવી દેવાયો છ**

। (એજન્સી) નવી દિલ્હી, તા.3 ।

૨૨ એપ્રિલ, ૨૦૨૫ના રોજ જમ્મુ કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારતે ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK)માં ૯ જેટલા આતંકવાદી ઠેકાણાઓને નષ્ટ કર્યા હતા.

તેની સાથે જ ભારતે પાકિસ્તાની ન્યૂઝ ચેનલ્સ અને સેલિબ્રિટીઝના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર પણ પ્રતિબંધ મૂક્યો હતો, પરંતુ હવે આ પ્રતિબંધને હટાવી દેવાયો છે. જેને લઈને પાકિસ્તાનની ન્યૂઝ ચેનલ્સ અને સેલિબ્રિટીના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ ફરી એકવાર ઓનલાઈન એક્ટિવ થઈ ગયા છે. જોકે, સરકાર તરફથી પ્રતિબંધ હટાવવાને લઈને હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. બુધવારે, અનેક પાકિસ્તાની ફિલ્મ અને ટીવી એક્ટર્સના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ્સ ભારતમાં ફરીથી દેખાવા લાગ્યા, જેમાં સબા કમર, માવરા હોકેન, અહદ રઝા મીર, હાનિયા આમિર, યમુના જૈદી અને દાનિશ તૈમૂરના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ સામેલ છે. આ તમામ એકાઉન્ટ્સને પહલગામ હુમલા બાદ ભારત સરકાર દ્વારા બ્લોક કરાયા હતા. પહલગામમાં આતંકવાદી હુમલાની ઘટના બાદ ભારત સરકારે ૧૬ પાકિસ્તાની યુટ્યુબ ચેનલો પર પ્રતિબંધ લગાવી દીધો હતો, જેમાં Dawn News, Samaa TV, ARY News અને Geo News જેવી ટોચની ચેનલ્સ સામેલ હતી. આ ચેનલ્સ પર ભારત વિરોધી દુષ્પ્રચાર, ખોટી માહિતી અને સાંપ્રદાયિક રીતે ભડકાઉ કન્ટેન્ટ પ્રસારિત કરવાનો આરોપ હતો. સૂત્રોના અનુસાર, આ ચેનલ્સે ભારતીય સેના, સુરક્ષા એજન્સીઓ વિરૂદ્ધ ખોટા સમાચાર ફેલાવીને માહોલને વધુ તંગ કરવાના પ્રયાસ કર્યા હતા. આ પ્રતિબંધિત ચેનલોના ભારતમાં ૬૩ મિલિયન વ્યૂઅર્સ હતા.

કારપેન્ટરની દીકરીનો ઈંગ્લેન્ડમાં દબદબો

## અમનજોત કૌરે T20 મેચમાં ૬૩ રન ફટકારી રચ્યો ઈતિહાસ

। (એજન્સી) લંડન, તા.3 ।

ઈંગ્લેન્ડમાં પાંચ T20 અને ત્રણ વનડે મેચ રમવા પહોંચેલી ભારતીય મહિલા ક્રિકેટ ટીમનો જલવો યથાવત છે. જણાવી દઈએ કે મહિલા ટીમે T20 સીરિઝની સતત બીજી મેચ પણ જીતી લીધી છે. આ જીત ૨૪ વર્ષીય ખેલાડી અમનજોત કૌરના શાનદાર પ્રદર્શનને કારણે સંભવ બની, જેને સ્મૃતિ મંધાનાએ ડેબ્યુ કેપ આપી હતી. ભારતીય મહિલાઓએ બીજી T20માં ઈંગ્લેન્ડને ૨૪ રનથી હરાવી હતી. પહેલી બેટિંગ કરતાં ભારતે ૨૦ ઓવરમાં ૪ વિકેટના નુકસાને ૧૮૧ રન બનાવ્યા, જ્યારે ઈંગ્લેન્ડે ૨૦ ઓવરમાં ૭ વિકેટ ગુમાવીને ૧૫૭ રન પર અટકી રહી. પહેલી T20માં ભારતની જીત સ્મૃતિ મંધાનાની ૧૧૨ રનની શાનદાર ઈનિંગને કારણે શક્ય બની હતી.

## વિશેષ

**પ્રાકૃતિક કૃષિઃ અમદાવાદ જિલ્લો, અળસિયું માટી ખાય, એને જોઈને ખેડૂત મલકાય**

# અળસિયું પણ છે પ્રાકૃતિક કૃષિનો એક આધાર, આવો, ઓળખીએ ખેડૂતોના મિત્ર અળસિયાને

। (માહિતી) ગાંધીનગર ।

ખાસ લેખ: દિવ્યેશ વ્યાસ, પ્રાદેશિક માહિતી કચેરી, અમદાવાદ,

ગુજરાત રાજ્યના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રાકૃતિક ખેતી માટે ભેખ ધર્યો છે. ગુજરાત સરકાર પણ તેમની પ્રેરણાથી રાજ્યમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા માટે મિશન મોડમાં કામ કરી રહી છે. રાજ્યપાલશ્રી પ્રાકૃતિક કૃષિને લગતાં પરિસંવાદો, કાર્યશાળાઓ કે સંમેલનોમાં પોતાના વક્તવ્યમાં અચૂકપણે જેને યાદ કરતાં હોય છે, એ છે અળસિયું. અળસિયું કુદરતી રીતે હળ જેવું કામ આપીને જમીનને ફળદ્રુપ બનાવવામાં મહામૂલું યોગદાન આપતાં હોય છે. અળસિયું પ્રાકૃતિક કૃષિનો એક આધાર બનીને ઊભર્યું છે.

સાવ મફતમાં છતાં પણ મૂલ્યવાન સેવા આપનારા ખેડૂત-મિત્ર અળસિયાને ઓળખવું જરૂરી છે. વિખ્યાત નેચરાલિસ્ટ વિજ્ઞાની ચાર્લ્સ ડાર્વિને અળસિયા વિશે એક નોંધમાં લખેલું, 'હળ માણસે શોધેલું અને ઘણું કીમતી ઓજાર છે, પરંતુ માનવી પૃથ્વી પર પેદા થયો તેના ખૂબ પહેલાં અળસિયાં નિયમિત રીતે જમીન ખેડતાં હતાં અને આજ સુધી ખેડતાં રહ્યાં છે.' આમ, અળસિયાં કુદરતના જમીન ખેડનાર જબરદસ્ત સેવકો તરીકે સદીઓથી કાર્યરત છે. આ અળસિયાં જમીનને સજીવ અને ફળદ્રુપ બનાવવા માટે મૂંગામોંઢે સતત મથતાં રહે છે. અળસિયું આજીવન માટી ખાય છે અને તેની હગાર જમીન માટે પોષકતત્ત્વોના પેકેજથી કમ નથી હોતી. અળસિયું મરી જાય તોપણ તેના પ્રોટીનયુક્ત મૃતદેહનું વિઘટન થતાં પોષકતત્ત્વો પાચ્ય સ્વરૂપમાં છોડ-વનસ્પતિને મળતાં હોય છે. એટલે જ કહી શકાય કે અળસિયું માટી ખાય, એને જોઈને ખેડૂત મલકાય! સાવ મફતમાં છતાં



પણ મૂલ્યવાન સેવા આપનારા ખેડૂત-મિત્ર અળસિયાને ઓળખવું જરૂરી છે. વિખ્યાત નેચરાલિસ્ટ વિજ્ઞાની ચાર્લ્સ ડાર્વિને અળસિયા વિશે એક નોંધમાં લખેલું, 'હળ માણસે શોધેલું અને ઘણું કીમતી ઓજાર છે, પરંતુ માનવી પૃથ્વી પર પેદા થયો તેના ખૂબ પહેલાં અળસિયાં નિયમિત રીતે જમીન ખેડતાં હતાં અને આજ સુધી ખેડતાં રહ્યાં છે.' આમ, અળસિયાં કુદરતના જમીન ખેડનાર જબરદસ્ત સેવકો તરીકે સદીઓથી કાર્યરત છે. આ અળસિયાં જમીનને સજીવ અને ફળદ્રુપ બનાવવા માટે મૂંગામોંઢે સતત મથતાં રહે છે. અળસિયું આજીવન માટી ખાય છે અને તેની હગાર જમીન માટે પોષકતત્ત્વોના પેકેજથી કમ નથી હોતી. અળસિયું મરી જાય તોપણ તેના પ્રોટીનયુક્ત મૃતદેહનું વિઘટન થતાં પોષકતત્ત્વો પાચ્ય સ્વરૂપમાં છોડ-વનસ્પતિને મળતાં હોય છે. એટલે જ કહી શકાય કે અળસિયું માટી ખાય, એને જોઈને ખેડૂત મલકાય!

અળસિયા માટી ખાઈને જે ખાતર બનાવે છે, તેમાં નાઈટ્રોજન સ્થિર સ્વરૂપમાં હોય છે. વળી, નાઈટ્રોજન માટીના કણો સાથે એકરૂપ થયેલું હોવાથી, તે ઊડી જતું નથી, પરંતુ સીધું છોડ-વનસ્પતિને મળે છે. એક અભ્યાસ અનુસાર અળસિયા દ્વારા ખેડાયેલી જમીનમાં અન્ય જમીનની સરખામણીએ પાંચ ગણું વધારે નાઈટ્રોજન, સાત ગણું વધારે ફોસ્ફરસ, અગિયાર ગણું પોટાશ, ત્રણ ગણું મેગ્નેશિયમ અને ત્રણ ગણો સેન્દ્રિય કાર્બન હોય છે, એટલું જ નહિ, અળસિયાની હાજરીને કારણે એ જમીનમાં વાપ્સા (હ્યુમસ) ચાલીસ ટકા વધારે જોવા મળે છે.

### અળસિયાંથી પ્રાકૃતિક ખેતીમાં થતાં ફાયદા

- અળસિયાંએ જમીન ખેડીને તૈયાર કરાયેલા ખાતરને કારણે જમીનનો પીએચ આંક સાતની નજીક રહે છે.
- અળસિયાં પોતાના વજનનું ૬૦ ટકા પાણી જમીનને આપે છે. એટલે જ જમીનમાં પૂરતા પ્રમાણમાં અળસિયાં હોય તો પિયતમાં ૧૦ ટકા પાણી ઓછું જોઈએ છે. બે પિયત વચ્ચેનો ગાળો પણ લાંબો થઈ શકે છે.
- અળસિયા જમીનના જરૂરી પોષકતત્ત્વોને પાક-વનસ્પતિ પચાવી શકે એવા સ્વરૂપમાં ફેરવી આપે છે. તથા છોડના મૂળ પાસે જ હગાર છોડે છે, જેથી તેની વૃદ્ધિને વેગ મળે છે.
- અળસિયા સર્જિત ખાતર દર વર્ષે પૂરતા પ્રમાણમાં ઉપયોગમાં લેવામાં આવે તો જમીનની ફળદ્રુપતા કાયમી ધોરણે ટકી રહે છે.
- અળસિયાંની હાજરી અને હરફરને કારણે જમીનમાં નાની નાની નાળ બનતી જાય છે, જેનાથી જમીનમાં પોલાણ વધે છે, જેથી જમીનની જળ-નિતારશક્તિ વધે છે તથા હવાની અવરજવર રહેતાં ગરમી-ઠંડીનું નિયમન થાય છે.
- માટીની સાથે સાથે સૂક્ષ્મ જીવાણુઓ પણ અળસિયાંના પેટમાં જાય છે, તે હગાર વાટે બહાર આવે છે. હગારમાં જીવાણુંઓની સક્રિયતા વધી જાય છે. એક અભ્યાસ મુજબ હગાર છોડ્યા પછી તેમાં જીવાણુઓની સંખ્યા પ્રથમ અઠવાડિયામાં બમણી થાય છે. આમ, ખેતીમાં ઉપયોગી જીવાણુઓ માટે પણ અળસિયું આશીર્વાદરૂપ છે.
- અળસિયાં 'નેમેટોડ' જેવા પરોપજીવીનો ૩૦ ટકા ઘટાડો કરે છે.

### અળસિયાનું અજબગજબ

અળસિયું એક એવું સજીવ છે, જે અનેક અજાયબીઓથી ભરેલું છે. તેની શરીરરચના અચરજ પમાડે એવી છે. અળસિયાને આંખ કે કાન હોતાં નથી. અળસિયાને હાડપિંજર હોતું નથી. તેને આપણી જેવું અલાયદું શ્વસનતંત્ર પણ હોતું નથી. તે પોતાના શરીરની સપાટીમાંથી શ્વાસોશ્વાસની ક્રિયા કરતું હોય છે. અળસિયાની સૌથી અસાધારણ ક્ષમતા એ છે કે તેને જો કોઈ ઈજા પહોંચે અને અમુક અંગ કપાઈને તેના બે ટુકડા થઈ જાય તો કપાયેલા બન્ને ભાગોમાંથી બે અળસિયાં બની જાય છે! અળસિયાં ઈંડાં મૂકે છે.



सत्यमेव जयते
ગુજરાત સરકાર

## સશક્ત સરપંચ,
## સુશાસિત પંચાયત



નવા ચૂંટાયેલ **સરપંચશ્રીઓ** અને **સદસ્યશ્રીઓનો**

# અભિવાદન સમારોહ

:: સમારોહના અધ્યક્ષ ::

## શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

:: પ્રેરક ઉપસ્થિતિ ::

## શ્રી સી.આર.પાટીલ

માનનીય કેન્દ્રીય મંત્રી, જલ શક્તિ મંત્રાલય, ભારત

પંચાયત વિભાગના વિવિધ વિકાસ કામો માટે ₹૧૨૦૦ કરોડથી વધુ ગ્રાન્ટની ફાળવણી

તાજેતરમાં પૂર્ણ થયેલ ગ્રામ પંચાયત ચૂંટણીમાં ૫૬ મહિલા સમરસ ગ્રામ પંચાયત જાહેર

૪,૮૭૬ નવા ચૂંટાયેલા સરપંચશ્રીઓ - ૬૦૦ મહિલા સમરસ ગ્રામ પંચાયત સભ્યશ્રીઓ કાર્યક્રમમાં જોડાશે

૭૬૧ સમરસ ગ્રામ પંચાયતો માટે "સમરસ ગ્રામ યોજના" અંતર્ગત ₹૩૫ કરોડથી વધુ પ્રોત્સાહક ગ્રાન્ટની ફાળવણી

**તારીખ : ૪-૭-૨૦૨૫, શુક્રવાર - સમય : બપોરે ૨-૦૦ વાગે - સ્થળ : મહાત્મા મંદિર, ગાંધીનગર.**



CMOGuj CMOGuj CMOGujarat CMOGujarat

CMYK